# કેન્દ્રના સંશોધન અભ્યાસો

## સારસંગ્રહ

(જાન્યુઆરી - ૨૦૦૧ થી ડિસેમ્બર - ૨૦૦૨)

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# આદર્શ નિવાસી શાળાઓનો મૂલ્યાંકન અભ્યાસ

ભીખાભાઈ સો. પટેલ

આદિવાસી અને બિનઆદિવાસી સમાજના ઉત્કર્ષનો મોટો આધાર કેળવણી છે. શિક્ષણના અભાવે આદિવાસી પ્રજા આઝાદીના ૫૦ વર્ષ પૂરાં થયાં હોવા છતાં અત્યાર સુધી અજ્ઞાનતાના અંધકારમાં અટવાતી રહી છે. આર્થિક રીતે તેમનું શોષણ થતું રહ્યું છે. આજે પણ જુદી જુદી રીતે કચડાતી રહી છે. આર્થિક, સામાજિક અને ભૌતિક રીતે બીજા સમાજ કરતાં પાછળ રહી છે, ત્યારે વિવિધ રીતે પાંગળી બની ગયેલ આ પ્રજામાં નવો પ્રાણ પુરવામાં શિક્ષણ એ ઉત્તમ સાધન પુરવાર થયેલ છે. આદિવાસી પ્રજાના આર્થિક ઉત્થાન માટે, પાયામાંથી બેઠી કરવા તેમજ સામાજિક રીતે આગળ લાવવા માટે શિક્ષણ એજ ઉત્તમ ઈલાજ છે.આજે ઠેર ઠેર નવી સ્થપાયેલ આદર્શ નિવાસી શાળાઓ દ્વારા આદિવાસી પ્રજાના બાળકો માટે શિક્ષણનો પ્રાણ પૂરવામાં સહાયભૂત થઈ રહી છે.

ગુજરાતમાં આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચત્તર અભ્યાસમાં ખાસ કરીને વિજ્ઞાન ક્ષેત્રે બહું ઓછા જતા હતા. તેમાંય મેડીકલ અને ટેકનીકલ કૉલેજોમાં તેમની પ્રવેશ મેળવવાની ક્ષમતા નહિવત હતી. તો તેના મૂળમાં વિજ્ઞાનક્ષેત્રે અભ્યાસની નબળાઈ તેમજ અંગ્રેજીના અભ્યાસની તકો ઓછી હતી. તેવખતે મોટાભાગના વિદ્યાર્થીઓ ઉત્તરબુનિયાદીમાં જ અભ્યાસ કરતા, જેથી વિનયન અને વાણિજયના ક્ષેત્રે વધુ પ્રવેશ મેળવતા. તેમાંય મોટાભાગના વિદ્યાર્થીઓ ગ્રામવિદ્યાપીઠોનો જ આશરો લેતા. જેને પરિણામે તેમનામાં પરિવર્તન લાવવા તેમની વિજ્ઞાન ક્ષેત્રે જે શક્તિઓ હતી તેને બહાર લાવવા ગંભીર વિચારણાને અંતે ૧૯૮૬થી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી. નિવાસી શાળાઓની શરૂઆત કરવા પાછળનો મુખ્ય ઉદેશ તો તેમને વિજ્ઞાનક્ષેત્રે તક આપી મેડીકલ, અનેએન્જિનિયરીંગ કૉલેજોમાં સહેલાઈથી પ્રવેશ મેળવી શકે તે હતો. સાથે સાથે આટલા વર્ષોથી ચાલતી નિવાસી શાળાઓનો લાભ લેનાર વિદ્યાર્થીઓએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં દાખલ થઈ કેટલાએ ઉચ્ચ શિક્ષણનો લાભ લીધો, તેમજ આદર્શનિવાસી શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીને આપવામાં આવતી ઉજવળ તકોમાં કેવા પ્રકારની સગવડો અને વ્યવસ્થા છે, અને તે તેમની ઉજવળ કારકીર્દી માટે કેટલા અંશે સફળ થઈ છે તે જોવું આવશ્યક બને છે. આ હેતું કેટલા અંશે ફળિભૂત થયો છે અને ન થયો હોય તો તે અંગે ફેરવિચારણા કરવી જોઈએ કે કેમ ? તેમજ તેમાં દ્રષ્ટિપાત થતી ક્ષતિઓ દૂર કરી તેને વધુ વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**અભ્યાસના હેતુઓ :**
**શિક્ષણનો હેતુ :**

જેમ એક નાનકડા વડલાના બીજમાં એક મહાવડની શક્તિ પડેલી છે તેમ આદિવાસી બાળકોમાં પણ અનંત મહાશક્તિ એક બીજરૂપે પડેલી જોઈ શકાય છે. તેનો વિકાસ શિક્ષણ દ્વારા જ થઈ શકે. શિક્ષણ એટલે કે મનુષ્યની અંદર પડેલી અનંત શક્તિઓને તેના હિરને બહાર લાવવા માટેનું એક અતિ મહત્વનું અંગ છે. કેળવણીનો હેતુ બાળકને અને આખા સમાજને ભાવિ જીવન માટે તૈયાર કરવાનો એક સરળ માર્ગ છે. ટૂંકમાં શરૂઆતથી જ બાળકના શરીર, મન અને હૃદયનો સર્વાંગી વિકાસ સાધવા, તેના ચારિત્રનું ઘડતર કરવા, તેની બધ્ધિ, મનનો વિકાસ થાય, તેની ભાવનાઓ ઉન્નત અને ઉર્ધ્વગામી બને અને તે સમાજને, રાષ્ટ્રને ઉપયોગી થાય તે પ્રકારનું શિક્ષણ આપવું તે મુખ્ય હેતું છે.

'પાયાની કેળવણી'ની શોધને ગાંધીજીએ પોતાની અણમોલ અને ઉત્તમ ભેટ કહી છે. હિંદમાં નવ સંસ્કૃતિના નિર્માણ માટેનો તે નક્કર કાર્યક્રમ છે. તેની અંદર સાચે નવનિર્માણની ક્રાંતિશક્તિ રહેલી છે. બાળકને ઉપયોગી એવા ઉદ્યોગની આજુબાજુ શિક્ષણને સાંકળવાથી તે ઉદ્યોગ બાળકને અને સમાજને ઉપયોગી થાય છે. તેમાંય નયીતાલીમ આ ક્ષેત્રે મહાન ભાગ ભજવી શકે તેમ છે. તેના ભાગરૂપે આજે ગુજરાતમાં ચાલતી આદર્શનિવાસી શાળાઓ, આદિવાસી પ્રજાના, તેમના બાળકોના વિકાસમાં અનેક રીતે ઉપયોગી અને અનુકૂળ થાય તેમ છે.ત્યારે,

(૧) ૧૯૮૬થી ચાલતી નિવાસી શાળાઓમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને તપાસવા અને નક્કી કરેલા ધોરણે કેટલા પ્રવેશ મેળવે છે, તેમજ તેના ઉદેશ પ્રમાણે તેમાંથી કેટલા ફળિભૂત થાય છે તે જોવું.

(૨) આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષણનીવ્યવસ્થા, બાળકોના રહેવાની સગવડો, તેમજ તેમને આપવામાં આવતી વધુ તકો તેમને સફળ કરવામાં કેટલી સહાયભૂત થઈ છે તે તપાસવું.

(૩) નિવાસી શાળાઓના મૂળભૂત ઉદ્દેશ્ય પ્રમાણેની અપેક્ષાઓ પરિપૂર્ણ થઈ છે કે નહિ તે જોવું.

(૪) નિવાસી શાળાઓના વહીવટ, શિક્ષકોની ક્ષમતા, તેમજ તેમના માટે વિજ્ઞાનને લગતાં અન્ય સાધનો કેટલા અંશે ઊભા કરી શકાયાં છે તે તપાસવું.

(૫) આદિવાસી બાળકોના એડમીશનની પ્રવિધિની સાથે તેમના ધો.૧૦ અને ધો.૧૨ના પરિણામો ચકાસવા.

(૬) આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ પછીની વિદ્યાર્થીની ક્ષમતા, શિક્ષકોની નિમણુંક અંગે અને ઉઠી જનાર વિદ્યાર્થીઓ અંગે ચકાસણી કરવી.

(૭) આદિવાસી વિસ્તારમાં ચાલતી આદિવાસી શાળાઓ અને તેમના વિસ્તારમાં આવેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિકસ્તરની ભિન્નતા તપાસવી.

(૮) આદર્શ નિવાસી શાળાની શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો કરવા શું શું જરૂરી છે. તેમજ વિદ્યાર્થીઓને વધારાની કઈ પ્રવૃત્તિઓમાં સાંકળવાથી તેમની પ્રતિભા ખીલવી શકાય તે તપાસવું.

(૯) વિદ્યાર્થીઓને પ્રવાસ, પર્વતારોહણ, રમતગમત અને અન્ય હરિફાઈમાં ભાગ લેતા કરવા શું શું કરવું જરૂરી છે તે જોવું.

(૧૦) શૈક્ષણિક સ્ટાફના શિક્ષણ અંગેના સૂચનો કરવા.

(૧૧) વિદ્યાર્થીઓની રહેઠાણ, ભોજન અને શિક્ષણની સુવિધા માટે વધુ કઈ સગવડોની જરૂરિયાત છે તે જાણવું.

(૧૨) પ્રવેશના ધોરણ અંગે માહિતી મેળવી તેમાં શું ફેરફાર કરવા તે સૂચવવું.

(૧૩) રાજ્યમાં ચાલતી આદર્શ નિવાસી શાળાઓમાંથી કઈ શાળાને ઉચ્ચત્તર માધ્યમિક સુવિધાઓ આપવી અને ક્યા વિસ્તારમાં નવી આ.નિ. શાળા હોવી જરૂરી છે તે સૂચવવું.

(૧૪) ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાનના વિષયોમાં વધુ જાણકારી મળે તે હેતુથી સ્પેશ્યલ શિક્ષકોને બોલાવવા જરૂરી છે કે કેમ ? તે જાણી તેના મહેનતાણા અને ધારાધોરણમાં શું ફેરફાર કરી શકાય તે બતાવવું.

(૧૫) ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખી આદિવાસી વિદ્યાર્થીના શૈક્ષણિક સ્તરમાં સુધારો કરી અન્ય વિદ્યાર્થીઓની હરિફાઈમાં રહી શકે ને કોલેજ શિક્ષણ મેળવવામાં આગળ ઉચ્ચ અભ્યાસમાં અથવા આઈ.ટી.આઈ. કે ડીપ્લોમા કોર્સ કરી આગળ ગયા હોય તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક યાદી કરવા અંગે જાણકારી આપવી.

પ્રસ્તુત તપાસમાં રાજ્યની ૨૯ આદર્શ નિવાસી શાળાઓને આવરી લઈ દરેક આદર્શ નિવાસી શાળાના આચાર્યો, શિક્ષકો અને શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ આદર્શ નિવાસી શાળા અંગેના વાલીઓના અને વિદ્યાર્થીઓના અભિપ્રાયો તેમજ શિક્ષકોની દ્રષ્ટિએ વાલીઓ અને વિદ્યાર્થીઓની શાળા પ્રત્યેની દિલચસ્પી તથા આચાર્યો દ્વારા આદર્શ નિવાસી શાળામાં હજુ શું કરવું જરૂરી છે તેની તમામ વિગતો મૂળ અહેવાલમાં દર્શાવેલ છે.

આ રીતે વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખી પ્રસ્તુત તપાસ હાથ ધરવામાં આવેલ. જેના આધારે આદર્શ નિવાસી શાળામાં બાળક પ્રવેશ મેળવીને તે તેના અપેક્ષિત લક્ષ્ય સુધી કેટલા પહોંચે છે ? તેમજ નિવાસી શાળાઓ ઊભી કરવાનો હેતું કેટલા અંશે બર આવ્યો છે તેને વિગતે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**તપાસક્ષેત્ર :**

આદર્શ નિવાસી શાળાઓની તપાસ માટે રાજયમાં ચાલતી તમામ નિવાસી શાળાઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી.

પ્રસ્તુત તપાસમાં દરેક નિવાસી શાળાઓની પસંદગી કરી તેમનો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે છે. તેમાં મળતી સગવડો, વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ શિક્ષણ વ્યવસ્થા અને વહીવટક્ષેત્રે તેમના માટેની સૈદ્ધાંતિક બાબતોને તપાસી તેના પરથી વાસ્તવિક પરિસ્થિતિનો ક્યાસ કાઢવામાં આવેલ છે.

**સંશોધન પદ્ધતિઓ :**

પ્રસ્તુત તપાસ માટે મુખ્યત્વે મુલાકાત પદ્ધતિ, અનુસૂચિ, નિરીક્ષણ અને કિસ્સા અભ્યાસ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી.જે અન્વયે શિક્ષકો, વિદ્યાર્થીઓની મુલાકાત લઈ માહિતી એકત્ર કરીને અને વહીવટી માહિતી પણ શાળાના રેકર્ડ ઉપરથી તેને ચકાસીને મેળવવામાં આવી હતી. આ ઉપરાંત પ્રવેશના ધોરણો, હાજરી, ખોરાક, રહેવાની સગવડોને લગતાં સાધનો, શિક્ષણક્ષેત્રે મળતી સગવડો, તેનાં પરિણામ વગેરે બાબતોને મેળવીને સર્વાંગી તપાસ કરવામાં આવી છે. જેને માટે અલગ અલગ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં દરેક આદર્શ નિવાસી શાળાઓમાં વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના વિષયમાં વિદ્યાર્થીઓની વધારે રૂચિ કેળવાય તે હેતુથી,

- આદિવાસી વિસ્તારમાં રસ ધરાવનાર વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના શિક્ષકોની ભરતી કરવી જોઈએ.
- ઉપરોક્ત ત્રણે વિષયોના સારા અનુભવી શિક્ષકોને જ નોકરીમાં રાખવા જોઈએ.
- વણપૂરાયેલી ખાલી જગ્યાઓને પૂરવા તાત્કાલિક પગલાં લેવાવાં જોઈએ.
- આજે મોટાભાગની આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્યોની જગ્યા વણપૂરાયેલી છે તો જવાબદાર વ્યક્તિ તરીકે આ જગ્યાને પ્રાધાન્ય આપી સ્થાનિક તાલીમ પામેલા શિક્ષકોથી આ જગયા ભરવી જેથી બીજા શિક્ષકનું ભારણ ઘટે.
- ડેઈલી વેજીસવાળા શિક્ષકોની જગ્યાએ કાયમી શિક્ષકોની નિયુક્તિ કરવી જોઈએ.

- આજે પણ આદર્શ નિવાસી શાળાઓમાં ધો.૮-૧૦ સુધીમાં ઉઠી જનાર બાળકોની સંખ્યાનું પ્રમાણ ખૂબ જ એટલે કે ૪૦% ઉપરાંતનું છે. તો આ અંગે ઘટતી કાર્યવાહી કરવી જોઈએ.
- હોસ્ટેલમાં જવાબદાર વોર્ડનની નિમણુંક કરી વિદ્યાર્થીઓના અભ્યાસ પર ચાંપતી નજર રાખવી.
- આ પ્રકારની સ્કૂલોમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોને પ્રોત્સાહિત કરી વધારાના કોચીંગ ક્લાસની સુવિધા પર ભાર મૂકવો જોઈએ.
- આજે વિદ્યાર્થીઓની રૂચિ વિજ્ઞાન તરફ વધી રહી છે ત્યારે ગણિત-વિજ્ઞાનના શિક્ષકો શાળામાં રોકાય અને આદિવાસી બાળકોને વધુ ને વધુ સાયન્સ પ્રવાહ તરફ આકર્ષે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- આદર્શ નિવાસી શાળા જે ગામમાં હોય તે ગામના વિદ્યાર્થીને પણ પ્રવેશ આપવો જોઈએ.
- નિવાસી શાળામાં બાળકોની હાજરી પરત્વે પણ પુરતું ધ્યાન આપવું જોઈએ. દરેક તાસમાં તેની હાજરીને મહત્વ આપવું જોઈએ.
- બાળકોને વિજ્ઞાનના સાધનોની પૂરી સમજ કેળવાય તે માટે વ્યવસ્થિત પ્રયોગશાળા દરેક સ્કૂલમાં હોવી જરૂરી છે. જેથી આઠ-નવ અને દસ ધોરણ સુધી વિજ્ઞાનના વિષયની પૂરેપૂરી માહિતી મેળવી શકે. આથી ધો.૧૧-૧૨માં તેની વિજ્ઞાનના વિષયમાં રૂચિ કેળવાશે, વધુ વિદ્યાર્થી રસ લેશે.
- શાળાનું વાતાવરણ પણ તેના હેતુઓને ધ્યાનમાં રાખી એ પ્રકારનું ઊભુ કરવું જોઈએ કે જેથી કરીને બાળક નિવાસી શાળા છોડી ન જાય.
- કેટલીક નિવાસી શાળાઓમાં શિક્ષણ, રહેઠાણ અને ભોજન અંગે કોમન સ્પેસનો જ ઉપયોગ થાય છે. તો આ માટે અલગ અલગ સુવિધા હોવી જરૂરી છે.
- આચાર્ય અને અન્ય શિક્ષકોને પણ રહેવાની વ્યવસ્થા, સગવડો સાથે પૂરી પાડવી જરૂરી છે. જેથી તે પોતાના બાળકોને પણ સારૂ શિક્ષણ અપાવી શકે.

# આદિમજૂથ વસતિ ગણતરી અભ્યાસ

- ચંદ્રકાન્ત ઉપાધ્યાય
- રવિન્દ્ર પંચોલી

૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યની કુલ વસતિના ૧૪.૯૨% વસતિ આદિવાસીઓની છે. બીજી રીતે કહીએ તો ગુજરાતમાં દરેક સાતમા માણસે એક આદિવાસી છે. આ સાથે દેશની રીતે ગુજરાતનો આદિવાસી વસતિની દૃષ્ટિએ પાંચમો નંબર આવે છે. આ બધા પાસાને જોતાં ગુજરાતની આદિવાસી વસતિ ધ્યાનાકર્ષક બને છે. તેઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે આગળ આવે તે માટે સરકારશ્રી દ્વારા અનેક યોજનાઓ અમલમાં મુકાઈ છે. પરંતુ આદિવાસીઓમાં હજી પણ કેટલીક જાતિઓનો સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે વિકાસ થઈ શક્યો નથી. તેવી જાતિઓને ભારત સરકાર દ્વારા છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં આદિમજૂથ તરીકે ઘોષિત કરી છે જેમાં ગુજરાતની (૧) કોટવાળિયા (૨) કાથોડી (૩) પઢાર (૪) સીદી અને (૫) કોલઘા જાતિનો આદિમજૂથમાં સમાવેશ કરેલ છે.

પ્રસ્તુત સર્વેક્ષણમાં આદિમજૂથમાં સમાવેશ થતી બધી જ વસતિને આવરી લેતા ગુજરાત રાજયના ૧૨ જિલ્લાઓના ૬૪૩ ગામોમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણમાં અનુસૂચિ અને મુલાકાત પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અનુસૂચિમાં તેઓની વસતિ ક્યાં અને કેટલી છે? તેમનામાં શિક્ષણનું પ્રમાણ ? ક્યા પ્રકારના વ્યવસાય કરે છે. કઈ સરકારી સહાય યોજનાનો લાભ મળ્યો છે? વગેરે બાબતોને આવરીલેવામાં આવી હતી. જેથી તેમના વિકાસ માટે શું થઈ શકે તે જાણી શકાય.

**વસતિ :**

આદિમજૂથની જાતિવાર તપાસ કરતાં રાજયના ૧૨ જિલ્લામાં તેઓની વસતિ હતી જિલ્લાવાર કુટુંબો સંખ્યામાં કોલઘા જાતિના ૮,૮૦૭ (૪૨.૪૩%), કોટવાળિયા જાતિના ૪,૮૯૭ (૨૩.૫૭%), પઢાર ૩,૩૫૮ (૧૬.૧૮%), કાથોડી ૨,૪૨૭ (૧૧.૬૯%), અને સીદી જાતિના ૧,૨૭૨ (૬.૧૩%) કુટુંબો હતા. તેઓની કુલ વસતિ ૧,૦૦,૬૩૯ હતી. જેમાં પુરુષો ૫૧,૪૬૨ અને સ્ત્રીઓ ૪૯,૧૭૭ હતી.

વયજૂથની રીતે જોતાં ૦ થી ૧૪માં ૩૯.૭૯% વસતિ, ૧૫ થી ૨૫માં ૧૮.૬૮%, ૨૬ થી ૫૦માં ૩૨.૮૪% હતી અને ૫૦ થી ઉપરમાં કુલ વસતિના માત્ર ૮.૬૯% છે. એનો અર્થ એ કે આ સમાજમાં આયુષ્ય મર્યાદા ઓછી છે.

**શિક્ષણ :**

આદિમજૂથોમાં કુલ ૭૩.૯૧% નિરક્ષરતા જોવા મળી હતી. ૧૦.૨૮% લોકોનું શિક્ષણ પુરું થઈ ગયેલ છે. કુલ વસતિના ૧૫.૮૦% લોકો હાલ શિક્ષણ લઈ રહ્યા છે.જે લોકોએ શિક્ષણ પુરું કરેલ છે અને હાલ શિક્ષણ લઈ રહ્યા છે તેમાં પ્રાથમિક કક્ષા સુધીના શિક્ષણમાં સંખ્યા વધારે જોવા મળી હતી. માધ્યમિક ઉપર ઉચ્ચશિક્ષણ કે ટેકનિકલ શિક્ષણ લેનાર ૧% પણ નથી.જે બાળકો શાળાએ નથી જતા તેના મુખ્ય કારણોમાં આર્થિક મુશ્કેલી, મા-બાપની ભણાવવાની અનિચ્છા, બાળકની ભણવાની અનિચ્છા વગેરે જાણવા મળ્યું હતું.

**રહેઠાણ :**

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૨૦,૭૫૮ કુટુંબમાંથી ૨૦,૬૫૬ (૯૯.૫૧%) કુટુંબો પાસે માલિકીનું મકાન છે. ૭૪ (૦.૩૬%) કુટુંબો ભાડાના મકાનમાં રહે છે, જ્યારે પોતાનું મકાન ન ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૮ (૦.૧૩%) જોવા મળી હતી. જે મકાનો જોયા તેમાં માત્ર ૧૪.૭૧% પાકા મકાનોમાં રહેતા હતા. અને ૮૫.૨૯% લોકો કાચું મકાન, ઝૂપડું કે કૂબા જેવા મકાનમાં રહેતા જોવા મળ્યા હતા. મકાનમાં એક ઓરડાની સંખ્યા ધરાવતા ૧૬,૨૬૪ (૭૮.૪૬%) કુટુંબો હતા, જ્યારે બે ઓરડા ધરાવતા ૪,૦૬૨ (૧૯.૫૯%) કુટુંબો અને બે થી વધુ ઓરડાની સંખ્યા ધરાવતા માત્ર ૪૦૪ (૧.૯૫%) કુટુંબો જોવા મળ્યા હતા.

**આરોગ્ય :**

કુલ ૨૦,૭૫૮ સર્વેક્ષિત કુટુંબોની ૧,૦૦,૬૩૯ વ્યક્તિમાંથી ૪૪૮ વ્યક્તિઓ વિભિન્ન માંદગીથી પીડાતી જોવા મળી હતી. જેમાં ૧૪૮ વ્યક્તિઓને ટી.બી., ૨૪ કેન્સર, ૬૯ દમ, ૩૬ લકવા, ૧ પાંડુરોગ, ૧૪ રક્તપીત્ત, ૪૧ મોતિયા-જામર, ૪૬ને ચામડીના દર્દો અને ૬૮ વ્યક્તિઓ અન્ય રોગોનો ભોગ બનેલ જોવા મળી હતી. આ દર્દીઓમાંથી માત્ર ૧૦૪ વ્યક્તિઓને આરોગ્ય અંગે સરકારી સહાય મળી હતી.

પોષક આહાર યોજના કાર્યક્રમ અન્વયે માતા અને છ વર્ષથી નીચેનાં બાળકોને મળી કુલ ૪,૮૨૧ કુટુંબોએ આ યોજનાનો લાભ લીધો હતો.

આદિમજૂથમાં કુલ ૩૦૬ વ્યક્તિઓ શારિરીક ખોડખાંપણ ધરાવતા હતા. પ્રકારવાર જોતાં ૨૦૩ વ્યક્તિ લૂલાલંગડા, ૪૭ અંધ, ૨૦ બહેરામૂંગા અને ૩૬ વ્યક્તિઓ બાળલકવાગ્રસ્ત જોવા મળી હતી. સારવાર લેવાની પદ્ધતિ સંબંધમાં સરકારી દવાખાનામાં સારવાર લેતા ૯,૧૪૫ કુટુંબો, ખાનગી દવાખાનામાં સારવાર લેતા ૬,૨૧૩ કુટુંબો, જ્યારે ભગત ભૂવા પાસે જતા ૫,૪૦૦ કુટુંબો જોવા મળ્યા હતા.

**વ્યવસાય :**

આદિમજૂથના કુલ ૨૦,૭૫૮ કુટુંબોનો વ્યવસાય જોઈએ તો મજૂરી (ખેતમજૂરી, જંગલમજૂરી, મજૂરી) કરતા ૧૬,૯૭૮ (૮૧.૮૦%) કુટુંબો જોવા મળ્યા હતા. જ્યારે

ખેતીમાં ૨,૧૭૪ (૧૦.૪૭%) કુટુંબો, મત્સ્ય ઉદ્યોગમાં ૧૧૧ (૦.૫૪%), વેપાર ધંધામાં ૨૭૬ (૧.૩૩%) નોકરીમાં ૧૪૦ (૦.૬૭%) અને અન્ય વિવિધ કામોમાં ૧,૦૭૮ (૫.૧૯%)કુટુંબો જોડાયેલા હતા. આમ આર્થિક ઉપાર્જનનો મુખ્ય સ્ત્રોત મજૂરી (જંગલમજૂરી, ખેતમજૂરી, મજૂરી) જોવા મળે છે.

**જમીન :**

આદિમજૂથના ૨૦,૭૫૮ કુટુંબોમાંથી માત્ર ૧૭.૪૪% (૩,૬૨૧) કુટુંબો પાસે જ માલિકીની ખેતીની જમીન છે તેમાં ૧,૦૪૨ (૨૮.૭૮%) કુટુંબો પિયત જમીન ધરાવતા હતા. અને ૨,૪૩૨ (૬૭.૧૬%) કુટુંબો બિનપિયત જમીન ધરાવતા હતા. જ્યારે ૧૪૭ (૪.૦૫%) કુટુંબો પાસે જમીન બિનખેડાણલાયક એટલે કે ખરાબાની જમીન હતી.

જે કુટુંબો ખેતી ધરાવે છે તેમની પાસે ખેતીના સાધનો અપૂરતા અને એકદમ પ્રાથમિક કક્ષાના હતા.

**આવક-ખર્ચ :**

સર્વેક્ષિત આદિમજૂથના કુલ કુટુંબોમાંથી ૫૪૦ (૨.૬૦%) કુટુંબોની વાર્ષિક આવક ૨,૦૦૦ સુધીની જોવા મળી હતી. જ્યારે રૂા.૨૦૦૧ થી ૪૦૦૦ આવકજૂથમાં ૨,૬૪૩ (૧૨.૭૩%) કુટુંબો રૂા. ૪૦૦૧ થી ૬૦૦૦ આવક જૂથમા ૪,૯૯૦ (૨૪.૬૪%) કુટુંબો, રૂા. ૬૦૦૧ થી ૮૦૦૦ આવક જૂથમાં ૪,૯૪૯ (૨૩.૮૪%) કુટુંબો, રૂા.૮૦૦૧ થી ૧૦૦૦૦ આવક જૂથમાં ૩,૬૩૬ (૧૭.૫૨%) કુટુંબો જોવા મળ્યા હતા, જ્યારે રૂા.૧૦૦૦૦થી વધુ વાર્ષિક આવક મેળવતા માત્ર ૪,૦૦૦ (૧૯.૨૭%) કુટુંબો હતા.

કુલ ૨૦,૭૫૮ કુટુંબોમાંથી ૧૭,૬૫૩ (૮૪.૯૬%) કુટુંબો ગરીબી રેખા નીચે જીવતા જોવા મળ્યા હતા. (વ્યક્તિગત માસિક ખર્ચ રૂા.૨૫૪/- કે તેથી ઓછો હોય તેઓને ગરીબીરેખા નીચે ગણવા, તે ધોરણને ધ્યાનમાં લઈ આ ગણતરી કરવામાં આવી છે) રૂા.૨૫૪/-નો વ્યક્તિગત માસિક ખર્ચને ધ્યાનમાં લઈએ તો દૈનિક રૂા.૮.૧૪ પૈસા થયા. આ રકમમાંથી તેઓ પોતાનું ગુજરાન કઈ રીતે ચલાવતા હશે તે વિચારવું ઘટે.

**દેવું :**

આદિમજૂથના કુલ કુટુંબોમાંથી ૩,૬૨૭ (૧૭.૧૪%) કુટુંબો દેવાદાર જોવા મળ્યા હતા. દેવું કરવાના મુખ્ય કારણોમાં મકાન બાંધકામ, સામાજિક-ધાર્મિક પ્રસંગો અને નિભાવખર્ચ પાછળ ૮૮.૧૨% લોકોએ દેવું કર્યું હતું, જ્યારે ખેતી, વેપારધંધો, શિક્ષણ, ઢોર ખરીદી પાછળ ૧૧.૮૮% લોકોએ દેવું કર્યું હતું.

**સરકારી સહાય :**

આદિમજૂથના કુલ ૨૦,૭૫૮ કુટુંબોમાંથી માત્ર ૫,૯૩૨ (૨૮.૫૮%) કુટુંબોને સરકારી સહાય મળી હતી. સહાય મળેલ કુટુંબમાંથી ૫૫.૧૬% કુટુંબોને રહેઠાણ માટે, ૧૬.૮૪% કુટુંબોને સ્વરોજગારી, ૮.૦૪%ને ખેતી માટે, ૭.૧૮%ને પશુપાલન માટે, ૬.૦૯% મરઘા ઉછેર માટે, ૩.૮૮%ને નવા ધંધા માટે અને ૨.૭૧% લોકોને વૈદકિય સહાય નોકરી કે શૈક્ષણિક હેતુસર સહાય મળી હતી.

આ સહાય મેળવેલ કુટુંબોમાંથી ૧,૮૦૮ (૪૦.૪૮%) કુટુંબો સરકારી સહાયથી તેમની આવકમાં વધારો થયો છે તેવું સ્વીકારે છે.

આદિમજૂથના કુલ ૨૦,૭૫૮ કુટુંબોમાંથી ૧૬,૯૫૭ (૮૧.૬૯%) કુટુંબોએ અન્ય વ્યવસાય કરવાની ઈચ્છા દર્શાવી હતી. આ વ્યવસયોમાં પરંપરાગત વ્યવસાય ઉપરાંત નવા કે આધુનિક કામ કે જે વ્યવસાય પોતાની બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીને કરવામાં આવે છે તે વ્યવસાયનો પણ સમાવેશ કર્યો હતો.

**નિષ્કર્ષ :**

(૧) આદિમજૂથની કુલ ૧,૦૦,૬૩૯ વસતિમાં ૭૩.૯૧% નિરક્ષરતા જોવા મળી હતી.

(૨) સર્વેક્ષિતોના કુલ કુટુંબમાંથી ૯૯.૫૧% કુટુંબો પાસે માલિકીનું મકાન છે. ૦.૩૬% કુટુંબો ભાડાના મકાનમાં રહે છે, જ્યારે પોતાનું મકાન ન ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૮ (૦.૧૩%) જોવા મળી હતી.

(૩) આદિમજૂથની કુલ વસતિમાંથી ૪૪૮ વ્યક્તિઓ વિભિન્ન માંદગીથી પીડાતી જોવા મળી હતી. તેમાંથી માત્ર ૧૦૪ વ્યક્તિઓને જ આરોગ્ય અંગે સરકારશ્રી તરફથી સહાય મળી હતી.

(૪) આદિમજૂથના ૨૦,૭૫૮ કુટુંબોમાંથી ૧૭,૬૫૩ (૮૪.૯૬%) કુટુંબો ગરીબી રેખા નીચે જીવતા જોવા મળ્યા હતા.

(૫) આદિમજૂથના કુલ કુટુંબોમાંથી ૧૬,૯૭૮ (૮૧.૮૦%) કુટુંબો માત્ર મજૂરી (ખેતમજૂરી, જંગલમજૂરી, મજૂરી) પર નિર્ભર હતા.

(૬) કુલ કુટુંબોમાંથી માત્ર ૩,૬૨૧ (૧૭.૪૪%) કુટુંબો પાસે માલિકીની જમીન હતી. માલિકીની જમીનમાં પિયત જમીન ધરાવતા ૧,૦૪૨ (૨૮.૭૮%) કુટુંબો જોવા મળ્યા હતા.

(૭) કુલ જમીનમાંથી ૧૬,૯૫૭ (૮૧.૬૯%) કુટુંબોએ નવા વ્યવસાય કરવાની ઈચ્છા દર્શાવી હતી, તેમણે પરંપરાગત વ્યવસાય ઉપરાંત નવા અને આધુનિક વ્યવસાય કરવાની ઈચ્છા પણ દર્શાવી હતી.

**સૂચનો :**

(૧) આશ્રમશાળામાં આદિમજૂથના બાળકોને પ્રવેશમાં અગ્રિમતા આપવી જોઈએ.

(૨) આ લોકો બહારગામ મજૂરી માટે જતા હોવાથી પોતાના બાળકોને ભણાવી શકતા નથી. આ વિસ્તારોમાં માત્ર આદિમજૂથો માટે અલગ આશ્રમશાળા ખોલવી જોઈએ.

(૩) આદિમજૂથોને સરકારશ્રી દ્વારા બનાવી આપવામાં આવતા આવાસો તેમની પરંપરાને અનુકૂળ હોવા જોઈએ. આ માટે આદિમજૂથોનો સંપર્ક કરી મકાનની બાંધણી અને વ્યવસાય અંગેના સૂચનો લેવા જોઈએ.

(૪) આદિમજૂથ વિસ્તારમાં વસતિની સાથે અંતરને ખ્યાલમાં લઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો ઉભા કરવા જોઈએ. આ સાથે ફરતા દવાખાનાઓ ઉભા કરવા જોઈએ અથવા સ્વૈચ્છિક સંસ્થાઓને આર્થિક સહાય દ્વારા આવા દવાખાનાઓ ચલાવવા પ્રોત્સાહિત કરવી જોઈએ.

(૫) સરકારશ્રી દ્વારા જે મજૂરીના દર બાંધવામાં આવ્યા છે તેનો કડકાઈથી અમલ કરાવવો આ ઉપરાંત,

(૬) તેઓને પરંપરાગત વ્યવસાય સિવાય નવા અને આધુનિક વ્યવસાય શીખવવામાં આવે તો તેઓ જરૂરથી આર્થિક રીતે પગભર થઈ શકશે.

(૭) તેઓએ જે નવા વ્યવસાય કરવાની ઈચ્છા દર્શાવી છે તે વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી સાધનો સબસીડી અને તાલિમ આપીને આપવામાં આવે તો તેઓનો વિકાસ થઈ શકશે.

# ગુજરાતમાં પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે ગ્રામસભાની સત્તા, અધિકારો, ફરજો, ગ્રામસભાનું ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મહત્વ અંગે મોજણી અભ્યાસનો ટૂંકસાર

ડૉ. રેખા કે. મહેતા

"રાષ્ટ્રિય જીવનની ગુણવત્તા છેવટે તો આપણા ગામડાઓમાં જીવન કેવું છે, તેનાથી જ નિશ્ચિત થતી હોય છે. ગ્રામસભાઓમાં જ ગ્રામીણ ગરીબો, સ્ત્રીઓ અને સાધારણ વ્યક્તિઓ તેમના જીવનને અસર કરતા નિર્ણયોમાં અસરકારક રીતે ભાગ લેવાની પારદર્શક અને જવાબદાર વાતાવરણમાં તક મેળવે છે. તેથી જ ગ્રામસભાઓ અને અન્ય પંચાયતીરાજ સંસ્થાઓને અસરકારક સત્તા સોંપણી કરી અને જરૂરી તાલીમ આપી કાયકર્ષમતા ખીલવી, નાણાંકીય અને અન્ય જવાબદારીઓ સોંપી તેમને સુસજ્જ બનાવવા ભગીરથ પ્રયાસો કરવા જરૂરી છે.

હું આશા રાખું છું કે ૧૯૯૯-૨૦૦૦ને "ગ્રામસભા-વર્ષ" જાહેર કરવાથી પંચાયતીરાજ સંસ્થાઓ અસરકારક રીતે કામ કરશે અને સ્વરાજના ચેતનવંતા વાહકો બનશે.

આપણા રાષ્ટ્રપતિ શ્રી કે.આર. નારાયણે ગ્રામસભા-વર્ષ નિમિત્તે ઉપરોક્ત વાત કરી હતી. ૧૯૯૯-૨૦૦૦ વર્ષને ભારત સરકારે ગ્રામસભા વર્ષ જાહેર કરેલ છે. એ સંદર્ભમાં વિકાસ કમિશ્નર, ગાંધીનગર તરફથી કેન્દ્રને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે ગ્રામસભાની સત્તા, અધિકારો, ફરજો, ગ્રામસભાનું મહત્ત્વ અંગે એક મોજણી અભ્યાસ કરવાનું સૂચવવામાં આવેલ છે.

આ અભ્યાસનું ક્ષેત્ર, હેતુઓ તેમજ સંશોધનની પદ્ધતિઓને પ્રવિધિઓ વગેર નીચે મુજબ છે.

**અભ્યાસનું ક્ષેત્ર :**

સમગ્ર ગુજરાત અંગે મોજણી અભ્યાસ કરવાનો હોવાથી આખા રાજ્યનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે રીતે અભ્યાસ માટે નીચે મુજબના જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| (૧) | દક્ષિણ ગુજરાત | વલસાડ જિલ્લા અને નવસારી જિલ્લો. |
| (૨) | મધ્ય ગુજરાત | વડોદરા જિલ્લો |
| (૩) | ઉત્તર ગુજરાત | સાબરકાંઠા જિલ્લા |
| (૪) | સૌરાષ્ટ્ર | જૂનાગઢ જિલ્લો |
| (૫) | કચ્છ | કચ્છ જિલ્લો |

**નોંધ :** નવસારી હવે એક અલગ જિલ્લો છે અને વાંસદા તેમાં આવતુ હોવાથી તેને અભ્યાસમાં છઠ્ઠા જિલ્લા તરીકે ગણાવો.

આ રીતે કુલ છ જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા છે. દરેક જિલ્લાના બે તાલુકા અભ્યાસ માટે લીધા છે અને દરેક તાલુકાના પાંચ- પાંચ ગામ અભ્યાસ માટે પસંદ કર્યા છે. આ તાલુકા તેમજ તેના ગામો નીચે મુજબ છે.

**(૧) વલસાડ અને નવસારી જિલ્લો :**

**વલસાડ તાલુકો**

(૧) અબ્રામ
(૨) મરલા
(૩) રોણવેલ
(૪) તીથલ
(૫) પારડી પારનેરા

**વાંસદા તાલુકો**

(૧) વાડીચૌંડા
(૨) ઘોડમાળ
(૩) કેળિયા
(૪) કાવડેજ
(૫) પીપલખેડ

**(૨) વડોદરા જિલ્લો**

**વડોદરા તાલુકો**

(૧) છાણી
(૨) દશરથ
(૩) સાકરદા
(૪) ફાજલપુર
(૫) ઉંડેરા

**છોટાઉદેપુર તાલુકો**

(૧) રોનવાડ
(૨) ઘેલવાંટ
(૩) ઘંઘોડા
(૪) સીંગળા
(૫) ગાબડીયા

**(૩) સાબરકાંઠા જિલ્લો**

**હિમંતનગર તાલુકો**

(૧) પુરાલ
(૨) બાવસર
(૩) હડિયેલ
(૪) તખતગઢ
(૫) નિકોડા

**ખેડબ્રહ્મા તાલુકો**

(૧) લક્ષ્મીપુરા
(૨) કલોલ
(૩) પોશિના
(૪) કાજાવાસ
(૫) આંબામહુડા

**(૪) જૂનાગઢ જિલ્લો**

**વંથલી તાલુકો**

(૧) બડવાડા
(૨) રવની
(૩) ધંધુસર
(૪) બાલોટ
(૫) નવલખી

**તલાલા તાલુકો**

(૧) વાડલા
(૨) વીરપુર
(૩) બોરવાવ
(૪) સમરેસી
(૫) ગણીયાવાડ

(૫) કચ્છ જિલ્લો

| માંડવી તાલુકો | ભૂજ તાલુકો |
| --- | --- |
| (૧) મોટોબામજા | (૧) ભૂજોડી |
| (૨) મોટી રામણ | (૨) દેશલપુર |
| (૩) ભીંખરા | (૩) છછલા |
| (૪) દુર્ગાપુર | (૪) વડાસર |
| (૫) જનકપુર | (૫) ગોળપર |

આમ, ઉપર મુજબના ગામો અભ્યાસ માટે લીધેલા છે અને તે દરેક ગામમાંથી પાંચ ગ્રામજનો તેમજ પાંચ ગ્રામપંચાયતના સભ્યોને ઉત્તરદાતા તરીકે લીધા છે. જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ, તેમજ જનરલ એમ દરેકનું પ્રતિનિધિત્વ આવી જાય તે રીતે ઉત્તરદાતાઓ પસંદ કરેલા છે. દરેક ગામમાંથી કુલ દસ એટલે ૫૦ ગામોમાંથી ૫૦૦ ઉત્તરદાતાઓને રૂબરૂ મળીને અનુસૂચિ ભરીને ગ્રામસભા અંગે માહિતી મેળવવામાં આવી છે.

**અભ્યાસના હેતુઓ :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

(૧) રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ગ્રામસભા ખરેખર ભરાય છે કે કેમ ? તે તપાસવું.

(૨) કેટલાક ગામોમાં ગ્રામસભા નથી મળતી તો શા માટે નથી મળતી તેના કારણો જાણી ઉપાયો સૂચવવા.

(૩) ગ્રામજનોમાં ગ્રામસભા પરત્વે જાગૃતિ છે કે કેમ તે તપાસવું.

(૪) ગ્રામસભા પણ ગ્રામજનોની અપેક્ષા સંતોષી શકે છે કે કેમ ? તે તપાસવું અને એક પાયાની સંસ્થા તરીકે તેના દ્વારા કઈ રીતેકામ લઈ શકાય તે જાણવું.

(૫) ગ્રામસભામાં મહિલાઓ તેમજ દલિતો ભાગ લે છે કે કેમ તે તપાસવું.

(૬) ગ્રામજનોને વધુને વધુ ગ્રામસભામાં ભાગ લેતા થાય તે માટે સૂચનો મેળવવા.

**અભ્યાસની પદ્ધતિઓ અને પ્રવિધિઓ :**

આ સમગ્ર અભ્યાસમાં દ્વૈતિયક માહિતી માટે ગ્રંથાલય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વસતી ગણતરીના આંકડાઓ તેમજ જિલ્લાઓ અંગેની માહિતી તેમજ ૭૩મા બંધારણીય સુધારા અંગે અને પંચાયતીરાજ વગેરે અંગે ગ્રંથાલય પદ્ધતિનો ઉપયોગ કરી સાહિત્ય વાંચીને વિષય અંગે જાણકારી પ્રાપ્ત કરવામાં આવી.

પ્રાથમિક વિગતો માટે ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિ, નિરીક્ષણ, મુલાકાત વગેરે પદ્ધતિઓ તેમજ પ્રવિધિઓનો ઉપયોગ કરી ગ્રામસભાની કેટલીક બેઠકોમાં હાજર રહી પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા માહિતી મેળવી હતી.

**પ્રકરણીકરણ :**

ગ્રામસભાના સમગ્ર અભ્યાસને કુલ ૮ પ્રકરણોમાં રજુ કરવામાં આવ્યું છે.

પ્રથમ પ્રકરણમાં પંચાયતી રાજની ઐતિહાસિક પૂર્વ ભૂમિકા આપવામાં આવી છે તે સાથે અભ્યાસનું ક્ષેત્ર, હેતુઓ, પદ્ધતિઓ, પ્રકરણીકરણ વગેરે આપવામાં આવ્યું છે.

બીજા પ્રકરણમાં ૭૩મા બંધારણીય સુધારા અંગે ચર્ચા છે.

ત્રીજું પ્રકરણ ગ્રામસભા વિષે છે.

ચોથું પ્રકરણ ગ્રામજનોની સામાજિક આર્થિક પરિસ્થિતિ અંગેનું છે.

પાંચમું પ્રકરણ ગ્રામપંચાયતના સભ્યોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ અંગેનું છે.

છઠ્ઠા પ્રકરણમાં ગ્રામજનોના ગ્રામસભા વિષેના વલણો, મંતવ્યો વગેરે દર્શાવવામાં આવ્યા છે.

સાતમા પ્રકરણમાં ગ્રામપંચાયતના સભ્યોના ગ્રામસભા અંગે વલણો, મંતવ્યો દર્શાવવામાં આવ્યા છે.

આઠમા પ્રકરણમાં તારણો, સૂચનો રજૂ કરવામાં આવ્યા છે.

અભ્યાસના તારણો અને સૂચનો નીચે મુજબ છે.

**તારણો :**

(૧) ગુજરાતના પાંચ જિલ્લાઓમાં ગ્રામસભાના મોજણી અભ્યાસના અંતે જાણવા મળ્યુ કે મોટાભાગના (લગભગ ૮૦ ટકા) ઉત્તરદાતાઓ ગ્રામસભા અંગે થોડુંઘણું જાણે છે ખરા પણ ચોક્કસ માહિતી હોય તેવા બહુ ઓછા ઉત્તરદાતાઓ જોવા મળ્યા, જયારે ૨૦ ટકા ઉત્તરદાતાઓ તો ગ્રામસભા વિષે બિલકુલ જાણતા નથી.

(૨) અભ્યાસ હેઠળના કેટલાક ગામોમાં ગ્રામસભા ભરાય છે તેવું જાણવા મળ્યું. અમુક ગામોમાં ગ્રામસભા ભરાયેલી પ્રત્યક્ષ જોઈ પણ ખરી. પરંતુ હજુ ઊંડાણના વિસ્તારોમાં તેમજ પછાત વિસ્તારોમાં નિયમિત ગ્રામસભા ભરાતી નથી તેવું જાણવા મળ્યું. કેટલાક વિસ્તારો લઈ સરપંચ તેમજ તલાટી ગ્રામસભા ભરાઈ ગઈ તેમ જણાવી દે છે. હજુ લોકો શિક્ષણમાં પાછળ છે અને કાયદો બરાબર જાણતા નથી તેમજ લોકો અધિકારીઓ અને સરપંચ તથા તલાટી ગ્રામસભા ભરવામાં રસ લેતા નથી તેથી કેટલાક ગામોમાં ગ્રામસભા ભરાતી નથી તેમ જાણવા મળ્યું. લોકોની ફરિયાદ છે કે અમારું કંઈપણ થતુ નથી તેથીઅમે જતા નથી. પરિણામે નિયમિત ગ્રામસભામાં જનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઓછું છે, જયારે ક્યારેક જનારા ઉત્તરદાતાઓ વધારે છે.

(૩) ગ્રામસભા ભરાવાની હોય ત્યારે અઠવાડિયા અગાઉ પટાવાળા દ્વારા લોકોને સભા ભરાવાની જાણ કરવામાં આવે છે.

(૪) ગ્રામસભામાં ૫૦ થી ૬૦ જેટલા લોકો હાજર રહે છે એવું જ્યાં જ્યાં અમે ગ્રામસભામાં હાજર રહી તેની કાર્યવાહી જોઈ ત્યાં જોવા મળ્યું. ગ્રામસભામાં બધી જ જાતિના તેમજ સ્ત્રી-પુરુષ સૌને બોલવાની તક આપવામાં આવે છે. અને જ્યાં લોકોમાં જાગૃતિ ત્યાં બધા જ પોતપોતાની સમસ્યા અંગે ચર્ચામાં ભાગ લે છે.

(૫) જો કે સ્ત્રીઓ હજુ ગ્રામસભામાં બહુ ભાગ લેતી નથી અને ચર્ચામાં ભાગ લેતા સંકોચ રાખે છે. ક્યારેક વડીલોની હાજરીમાં બોલી શકતી નથી. મર્યાદા રાખે છે. કચ્છના છેવાડાના છછલા નામના ગામમાં તો સ્ત્રીઓ ગ્રામસભામાં આવી જ નહિ. અમે ક્ષેત્રકાર્ય દરમ્યાન તેમના ગામમાં ગ્રામસભામાં ગયેલા. તેમના આગેવાનોને પૂછતાં જાણવા મળ્યું કે અહીંના સમાજમાં સ્ત્રીઓ પુરુષો સાથે જાહેરમાં આવતી નથી. મર્યાદા રાખે છે તેથી આવી ન હતી. માત્ર સરપંચબેન જ આવ્યા હતા. બીજી જાતિઓમાં પણ હજુ સ્ત્રીઓને જાહેરમાં આવતા સમય જશે. જોકે થોડીઘણી બહેનો ગ્રામસભામાં હાજર રહે છે તે ચર્ચામાં ભાગ લે છે અને પોતાની સમસ્યાઓ અંગે ચર્ચા કરે છે. દા.ત. મોટાભાગના ગામડાઓમાં આરોગ્ય કેન્દ્રની ફરિયાદ હતી. કેટલીક જગ્યાએ આરોગ્ય કેન્દ્રની  વ્યવસ્થા જ નથી, જયારે કેટલામ ગામોમાં આરોગ્ય કેન્દ્ર છે પણ ડૉક્ટર કે નર્સ નથી તેથી ખાસ કરીને મહિલાઓને પ્રસુતિ સમયે નજીકના શહેરમાં જવા માટે વાહન મેળવવાની અને સમયસર પહોંચવામાં બહુ જ તકલીફ પડે છે. બહેનોની બીજી એક સમસ્યા હતી પીવાના પાણીની. આ માટે તેમને દૂરથી પાણી ભરી  લાવવું પડે છે. હેન્ડપંપ કેટલાક ગામોમાં છે પણ હજુ ઓછા છે. પૂરતા નાખવામાં આવ્યા નથી.

(૬) કેટલાક ગામોમાં ગ્રામસભાને લીધે બધી જાતિના લોકો એક સાથે બેસીને ચર્ચા કરતા જોવા મળ્યા. હરિજનોને પણ પોતાની સાથે બેસવા દઈને સહકારથી ગામના પ્રશ્નો અંગે ચર્ચા કરતા જોયા. જો કે કેટલાક ગામોમાં હજુ પણ હરિજન સરપંચ પ્રત્યે પણ અસ્પૃશ્યતા રાખવામાં આવે છે તેમ જાણવા મળ્યું.

(૭) જ્યાં નિયમિત ગ્રામસભા ભરાય છે ત્યાં વર્ષમાં ઓછામાં ઓછી બે વખત (મે માસ અને નવેમ્બર માસ) તો ગ્રામસભા ભરાય જ છે. ઉપરાંત અનિવાર્ય સંજોગોમાં જરૂર પડ્યે બે થી વધારે વખત ગ્રામસભા ભરાય છે. જયારે અમુક ગામોમાં તોદર મહીને ગ્રામસભા ભરાય છે તેમ જાણવા મળ્યું. પણ તેનું પ્રમાણ બહુ ઓછું છે.

(૮) ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા તેની બેઠકો નિયમિત મળવી જોઈએ. તેમ જ તમામ સભ્યોને અગાઉથી જાણ કરી તેમના અનુકૂળ  સમયે અને અનુકૂળ સ્થળે ગ્રામસભા ગોઠવવી જોઈએ.

(૯) ગ્રામસભાને કારણે ગામના વિકાસના કાર્યો થવાથી લોકોને ફાયદો જ થયો છે એમ ૯૫.૬ ટકા ઉત્તરદાતાઓ જણાવે છે.

(૧૦) ગ્રામસભાનું સંચાલન સરપંચ કરે છે તેની ગેરહાજરીમાં ઉપસરપંચ કરે છે.

(૧૧) ગ્રામસભામાં ગ્રામપંચાયતના બધા જ સભ્યો હાજર રહે છે, ક્યારેક કોઈ સંજોગવશાત અમુક સભ્ય ગેરહાજર હોય તેવું બને છે.

(૧૨) ગ્રામસભા દિવસે ભરાયછે તેમ ૬૦.૮ ટકા ઉત્તરદાતા જણાવે છે, જયારે ૩૯.૨ ટકા ઉત્તરદાતા જણાવે છે કે રાત્રે ભરાય છે.

(૧૩) ગ્રામસભામાં ચર્ચા કરવાના મુદાઓ પહેલેથી નક્કી કરવામાં આવે છે તે ૬૦ ટકા ઉત્તરદાતાઓ જણાવે છે. ૪૦ ટકા ઉત્તરદાતાઓને આ અંગે જાણ નથી.

(૧૪) ગ્રામસભામાં કોઈ બાબત અંગે ઝઘડો કે તોફાન થાય તો ગામના આગેવાનો તેમજ વડીલો સમજાવટથી સમાધાનનો માર્ગ અપનાવે છે એમ ઉત્તરદાતાઓનું કહેવું છે.

(૧૫) ગ્રામસભામાં કોરમ માટે ૫૦ મતદારો અથવા કુલ મતદારોના ૧૦ ટકા એ બેમાંથી ઓછી સંખ્યા હોય તેટલા મતદારોની હાજરી જરૂરી છે. કોરમ  ન થાય તો ગ્રામસભા મુલત્વી રાખવામાં આવે છે અને ફરી બીજા દિવસે રાખવામાં આવે છે એમ ઉત્તરદાતાઓ જણાવે છે. પણ ક્યારેક નથી પણ રાખવામાં આવતી, કારણ ગ્રામસભા ભરવી કે નહિ તેનો આધાર સરપંચો અને તલાટીઓની મરજી ઉપર આધાર રાખે છે.

આમ એકંદરે સમગ્ર ગુજરાતમાં અભ્યાસ કરતા જણાય છે કે લોકો ગ્રામસભા વિષે થોડુંઘણું જાણે છે અને કેટલીક જગ્યાએ ગ્રામસભા ભરાય છે, કેટલીક જગ્યાએ ગ્રામસભા નથી ભરાતી. છતાં હજુ આ અંગે ઘણું કરવાનું બાકી છે. ખાસ કરીને જ્યાં શિક્ષણ ઓછું છે ત્યાં લોકોને જાગૃત કરી ગ્રામસભામાં રસ લેતા કરવા તેમજ ગ્રામસભા અંગે હજુ વધારે ઊંડી સમજ આપવાની જરૂર છે. આ ઉપરાંત સરપંચ તલાટી તેમજ ગ્રામપંચાયતના સભ્યો તથા અન્ય અધિકારીઓ થોડા વધારે સક્રિય બને તો ગ્રામસભાનું કાર્ય વધારે સારી રીતે થઈ શકશે. લોકો પણ વધારે સક્રિય બની રસ લે અને સહકાર આપે તે જરૂરી છે. જરૂર લાગે તો ફરજિયાત હાજરી એટલે કે ગ્રામસભામાં જે નિયમિત હાજર રહે તેને ઠરાવ કરી આપવો તેમજ અન્ય લાભો આપવા  એવો નિયમ કરવો જેથી લોકો ગ્રામસભામાં આવતા થાય.

**ગ્રામસભાની મોજણી અભ્યાસના અંતે નીચે મુજબના સૂચનો છે.**

(૧) લોકોને ગ્રામસભા અંગે હજુ વધારે સમજણ અને જાણકારી આપવી. તેમના માટે સરકારી યોજનાઓ છે તેની પૂરી વિગતો અને માહિતી આધારભૂત અધિકારીઓ દ્વારા આપવી જરૂરી છે. ગામમાં ફળિયે ફળિયે તાલીમ આપવી જરૂરી છે.

(૨) સરપંચ અને તલાટીએ ગામના બધા જ લોકોને ગ્રામસભા ભરાવાની છે તેની જાણ કરવી જોઈએ. કેટલીક જગ્યાએ સ્ત્રીઓને બહુ કામ હોય તેથી નહિ આવી શકે તેમ માની તેમને ગ્રામસભામાં આવવા માટે જાણ કરતા નથી આ બરાબર નથી. વળી કેટલાક પછાત અને ગરીબ માણસો મજુરી પર ગયા હોય તો તેને પણ જાણ કરવામાં આવતી નથી, એટલે કે આ અંગે જે મળ્યા તેને ખબર મળી જાય અને જે હાજર ન હોય તેવાને ક્યારેક ખબર મળતી નથી. વધારે કેરફુલ રહી દરેકને ખબર મળી રહે તેવી કાળજી રાખવાની જરૂર છે.

(૩) ગ્રામસભામાં કેટલાક ગામોમાં અમુક આગેવાનો સહી કરી બેઠક ભરી લે છે. બધા લોકોને સભામાં બોલાવવા જોઈએ. ચર્ચા કરે કાર્યક્રમ નક્કી કરવો જોઈએ, આ થતુ નથી.

(૪) ગ્રામસભા દ્વારા ગામના વિકાસના કાર્યો સારી રીતે થાય છે. પણ કેટલીક વખત પક્ષપાતભર્યું વર્તન જોવા મળે છે. અને કેટલાક ગરીબ અને પછાત લોકોને લાભ આપવાને બદલે જે પૈસા આપી શકે તેવા લોકોનું કામ થઈ જાય છે. આ અંગે ધ્યાન રાખવું જોઈએ. જરૂરીયાતવાળાને પહેલા લાભ આપવો જોઈએ. લોકોના કામ નથી થતા તેથી લોકોને પણ સભામાં આવવામાં રસ નથી રહેતો. અધિકારીઓ ગ્રામસભામાં હાજર રહે છે ત્યારે તેની અસર જરૂર સભાની કામગીરી પર પડે છે. તેઓ હાજર હોય તે સભાની કાર્યવાહી વ્યવસ્થિત ચાલે છે. તેમની હાજરી ન હોય તો સભાના કાર્યમાં શિથિલતા જણાય છે.

(૫) ગ્રામસભા ગામદીઠ ભરાવી જોઈએ તેમ ઉત્તરદાતાઓ ઈચ્છે છે. એકથી વધારે ગામોની જૂથ પંચાયતોની સાથે ગ્રામસભા ભરાવી ન જોઈએ, કારણ દરેક ગામના પરશ્નો અલગ અલગ હોય છે. આ ઉપરાંત તલાટી પણ ચાર-પાંચ ગામોનો એક જ હોય છે તેથી બધા ગામોમાં પહોંચી વળતો નથી. લોકોનું કહેવું છે કેદરેક ગામનો અલગ તલાટી હોય તો અમને સમય આપી અમારું કામ તલાટી સારી રીતે કરી શકે માટે એક કે બે જ ગામ તલાટીને સોંપવા જોઈએ.

(૬) સરપંચ ઓછામાં ઓછું પ્રાથમિક શિક્ષણ લીધેલો હોવો જોઈએ તો તે વધારે સારી રીતે વહીવટ કરી શકે.

(૭) મહિલા સરપંચ પોતે જાતે બધો વહીવટ સમજીને તાલીમ મેળવીને કરવા પ્રયત્ન કરવો જોઈએ. પતિને ક્યારેક ન આવડે તો પૂછી શકે પણ બધું જ પતિ કરે તે ન હોવું જોઈએ.

(૮) હજુ સરપંચો કેટલીક બાબતમાં અધુરું જ્ઞાન તેમજ સમજણ ધરાવે છે. તેમને હજુ વધારે તાલીમ અને માર્ગદર્શન આપવાની જરૂર છે. સ્થાનિક જગ્યાએ તાલીમ ગોઠવાય તે વધારે ઈચ્છનીય છે.

(૯) તાલુકાના અધિકારીઓએ અમુક સમયે ગામડામાં જઈ લોકોની સમસ્યાઓ અને મુશ્કેલીઓ જાણી તેમના ઉકેલ માટે પ્રયત્નો કરવા જોઈએ.

(૧૦) વિકાસના અને ગામના કેટલાક પ્રશ્નો સ્થાનિક લોકોની મદદ અને સહકારથી પણ ઉકેલી શકાય. પણ તે માટે નિયમિત ગ્રામસભા બોલાવી લોકો તેમજ અધિકારીઓ એકબીજાને મળે - સંપર્કમાં રહે તો જ કામ સરળતાથી થઈ શકે.

આમ, લોકશાહી સફળ બનાવવી હોય તો લોકોએ પોતે જ વધુ ને વધુ જાગૃત રહી ગ્રામસભામાં હાજર રહેવું જોઈએ. ગામના પ્રશ્નોમાં ભાગીદાર થવું જોઈએ. પંચાયતીરાજને વધુ વ્યવસ્થિત અને સફળ બનાવવું હોય તો ગ્રામસભા નિયમિત ભરાય તે જરૂરી છે. ગ્રામસભાને વધુ વ્યવસ્થિત બનાવવા માટે તાલુકા કક્ષાએ સારું આયોજન કરી તાલુકા-જિલ્લાના સૌ પદાધિકારીઓ, કર્મચારીઓ વધુ રસ લઈ કાળજીથી ભાગ લઈ કામ કરે તોજરૂર ગુજરાતના ગામડાઓનો વિકાસ થશે.

# ડાંગના આદિવાસીઓમાં રોજગારી, આવક અને ખર્ચના સ્વરૂપનો અભ્યાસ

ચંદ્રકાન્ત એસ.પટેલ

વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૧ વર્ષમાં આ અભ્યાસ પૂરો થયો.

**વિસ્તાર :**

આ અભ્યાસ માટે ડાંગ જિલ્લાના ચાર ગામો પસંદ કરાયા હતા. (૧) ચીંચીના ગાવઠા (૨) બોરખેત (૩) સાજુપાડા અને (૪) બારીપાડા ગામોની મુલાકાત લઈ કુટુંબ સંપર્ક કરીને અભ્યાસ કરાયો હતો. કુલ ૮૦ કુટુંબો આવરી લેવાયા હતા.

**પ્રવિધિઓ :**

અભ્યાસમાં મુખ્યત્વે પ્રશ્નાવલી બનાવીને તથા મુલાકાત અને સહભાગી નિરીક્ષણની પ્રવિધિઓનો ઉપયોગ કરીને માહિતી એકત્રીત કરી હતી.

અભ્યાસમાં ડાંગના રોજગારી માટેના વ્યવસાયો ખેતી, ખેતમજૂરી, પશુપાલન છૂટક (સ્થળાંતરી) મજૂરી, નોકરી અને અન્ય વ્યવસાયો જંગલ આધારિત લઈને તે સંદર્ભ કરાયો હતો.

ડાંગની ઐતિહાસિક સ્થિતિ, વસ્તી, વિસ્તાર, આંકડાકીય માહિતી અને વસવાટી જાતિઓ વિશેની પરિસ્થિતિ ખ્યાલમાં રાખીને અભ્યાસમાં કરાયો છે. લોકોના સાંસ્કૃતિક વારસો, ભૌતિક સંસ્કૃતિ, રીતરિવાજો અને જીવનની ટૂંકી માહિતી મેળવીને મૂકી છે. ટૂંકમાં ડાંગી જાતિઓનું જીવનચક્ર રાખ્યું છે.

આર્થિક જીવન માળખામાં આવકના જુદા જુદા સ્ત્રોતો (વ્યવસાયો) તેનાથી મળતી રોજગારી, આવક અને તેમના ખર્ચનો ઉલ્લેખ કરાયો છે. અર્થ વ્યવસ્થાનું પરંપરાગત અને હાલનું સ્વરૂપનો ઉલ્લેખ કરાયો છે.

ડાંગના અભ્યાસમાં છેલ્લે સારાંશમાં તેમની સમસ્યાઓ અને સુઝાવો આપ્યા છે.

**સારાંશ :**

ગુજરાત રાજયની રચનાની સાથે જિલ્લાના વિકાસ માટે ડાંગ વિકાસ પરિષદની રચના કરી, ડાંગના સર્વાંગી વિકાસ માટે સરકારે ખાસ ફંડ, ખાસ સમિતિ, અલગ બજેટ સીધી દેખરેખ જેવા અનેક પગલાં લઈ કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરીને વિકાસ માટે અનેક પગલાં લીધા હતા. વખતોવખત વિકાસ યોજનાઓ અમલી બનાવી અનેક પગલાં લેવાયા પછી સુવિધાઓ વધવા પામી છે.છતાં પરિણામ સમાજનો મોટોભાગ ગરીબી રેખા હેઠળ જીવે છે. કેટલીક બાબતોમાં સફળ થયા છે. સરકારે ઘણાં બધાં નાણાં ખર્ચ્યા છતાં આદિ. સમાજ હજુ ગરીબ રહ્યો છે.

આખો વિસ્તાર એવો છે કે ભૌગોલિક કારણો તેમજ વાહનવ્યવહારની અપૂરતી સગવડોને કારણે વર્ષો સુધી વિખૂટા પડી ગયેલો વિસ્તાર ગણાતો હતો. વિસ્તારના લોકોનો જોઈએ તેવો વિકાસ કરી શકાયો નથી. તેમની રોજગારીના સ્ત્રોતો, આવક, ખર્ચ વગેરેમાં પ્રર્વતમાન સ્થિતિ, તેમાં જોવા મળતી પરંપરાગત અને પરિવર્તનની સ્થિતિ.

ડાંગીઓનું આવકનું મુખ્ય સાધન ખેતી હોવા છતાં તે હજી નિભાવલક્ષી છે. તે હજુ મહદ્અંશે પરંપરાગત ઢબે કરાય છે. તેમાંય બજાર વ્યવસ્થાનો અભાવ, વાહનવ્યવહારની સગવડોનો અભાવ જેવી અનેક વિટંબણાઓ જોવા મળે છે. ખેતીની આસપાસના વ્યવસાયો બહુ સિમિત જોવા મળે છે. અહીંની ભીલ આદિવાસી વસતિને ખેતીમાં ઝાઝો રસ નથી. તેના પ્રમાણમાં વારલી, કનબી ખેતીમાં સારુ પરિણામ લાવી શકે. ખેતીમાં સિંચાઈના અભાવે ઝાજુ વળતર મળતું નથી. વિસ્તારમાં પીવાનું પાણી તેમજ ઢોર માટેનું પાણી પણ કેટલીક વખત મળતું નથી.

આ ઉપરાંત ખેતી માટે નાણાંનો અભાવ, અપૂરતી જમીન, જમીનમાં સેન્દ્રીય તત્વોનો અભાવ ખેતીમાંથી પૂરતું ઉત્પાદન ન લઈ શકવાના કારણોમાં મહત્વનો ભાગ ભજવે છે. આ બધાને કારણે ડાંગીઓને સ્થળાંતર કરીને રોજી મેળવવાની ફરજ પડે છે.

ખેતમજૂરી આખુ વર્ષ શક્ય નથી. જેમની પાસે ઓછી જમીન કે બિલકુલ જમીન નથી, તેમને ખેતમજૂરી, સ્થળાંતર બાહ્ય ખેતમજૂરી કે બીજી મજૂરી કરવી પડે છે, જે મોટેભાગે ભીલ કુટુંબોને વિશેષ કરવું પડે છે. મજૂરીના દરો ખૂબ ઓછા મળે છે એટલે કેટલાકને દિવસો ભૂખ્યા પેટે અથવા જંગલની ભાજીઓ અને કંદમૂળ ખાઈને જીવન વિતાવવું પડે છે.

આ વિસ્તારમાં સરકાર નોકરીઓમાં શિક્ષણના અભાવે ખૂબ ઓછી સંખ્યા જોવા મળે છે. તેમાંય ડાંગીઓની સંખ્યા તેમાંય ભીલોની ખૂબ ઓછી છે.

આ સિવાય શિકાર, માછીમારી, ગોવાળપણું, હાળી-નોકરી પ્રથા અન્ય વ્યવસાયો (વાંસકામ, ગાલીચા ઉદ્યોગ, જંગલ મજૂરી, કોલસા પાળવા અને પશુપાલનની જોવા મળ છે. ખેતી પછી પશુપાલન ડાંગમાં સારા પ્રમાણમાં ઉછેરવામાં આવે છે. પરંતુ પશુઓ માયકાંગલા અને ઓછી ઉત્પાદકતાવાળા જોવા મળે છે. તેઓ દૂધ માટે પશુઓને પાળતા નથી. સારી ઓલાદના પશુઓ નથી. પશુપાલનમાં મરઘાં પણ બધા જ કુટુંબો પાળે છે. પણ તેની આવક બજાર વ્યવસ્થાના અભાવે નથી.

**સમસ્યાઓ :**

ડાંગના આદિવાસીઓના આર્થિક, સામાજિક કે શૈક્ષણિક વગેરે ક્ષેત્રોના પછાતપણા માટે કોઈ એક કારણને જવાબદાર ગણાવી કાય નહિ. તેમાં કેટલાંક આંતરબાહ્ય કારણો તે માટે જવાબદાર ગણી શકાય.

- ડાંગીઓ જમીન માલિકીના પ્રશ્નને મુંઝાઈ છે જેને કારણે ભયના વાતાવરણ હેઠળ તેમાં ખેતી કરે છે. બીજુ સરકારી કાયદાઓને લીધે જંગલમાં પણ પહેલાંની જેમ હરિફરી અને શિકાર કે લાકડુ લઈ શકતા નથી.
- અહીંનો ભૌગોલિક વિસ્તાર જ ઓવો છે કે જ્યાં મોટાભાગની જમીન ખાડા, ટેકરા તેમજ ઢોળાવવાળી છે. જમીનનું પળ પણ ઓછા સેન્દ્રીય તત્વોવાળું પાતળું છે, ખેતી પણ વરસાદ નિર્ભર છે એટલે તે માત્ર નિભાવલક્ષી માત્ર છે.
- ડાંગીઓ હજુ પણ મોટેભાગે પરંપરાગત અને ધાર્મિકતાને વણી જૂના પાકો લે છે. રોકડીયા પાકો વૈજ્ઞાનિક ઢબે લેવા તરફનું વલણ ઓછુ જોવા મળે છે.
- અહીનાં ઘણાં ડાંગી આદિવાસીઓ આર્થિક રીતે ખૂબ જ ગરીબ હોવાથી, ગરીબી રેખા હેઠળ જીવતા હોઈ ખેતી માટે બળદ પાડા કે સાધનો ખરીદી શકતા નથી.
- ડાંગી આદિવાસીઓમાં દારૂ પીવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. વર્ષની કમાણી તેમાંના ઘણા દારૂમાં વાપરી નાખે છે. તેઓ કપડા, ખાવાનુ કે વસ્તુ વિના ચલાવી લે છે તેઓ દારૂ પીવા અનાજ, પૈસાનો છૂટથી ઉપયોગ કરી ગરીબ બને છે.
- તેઓ ખેતીમાં ધ્યાન આપતા નથી. તેઓ દારૂ જેવી લતોને લઈને જમીન ભાડે આપી તે જ જમીન ઉપર ખેતમજૂરી કરે છે.
- તેમને તેમની વસ્તુના ભાવો મળતા નથી. બજાર વ્યવસ્થાને અભાવે તેઓ શોષાય છે.
- ખેતીમાં સિંચાઈના અભાવે, સમતળ જમીન ન હોઈ સારુ ઉત્પાદન લઈ શકતા નથી.
- રાજ્યનો સૌથી વધુ વરસાદવાળો વિસ્તાર હોવા છતાં સિંચાઈ માટે, પીવાના પાણી માટે તેમજ પશુઓ માટે ઉનાળામાં પીવાના પાણીની તીવ્ર અછત વર્તાય છે.
- ખેતીનીજમીન, જંગલ આધારિત જીવન, પશુપાલન વગેરે કરવા છતાં તેમનું જીવનનિર્વાહ શક્ય ન બનતાં છેલ્લા ઘણા સમયથી બીજા વિસ્તારોમાં સ્થળાંતરી મજૂરી કરવાની તેઓને ફરજ પડે છે.
- ડાંગમાં ઘણા ઉંડાણના ગામોમાં હજુ રસ્તાઓના અભાવે બહારની દુનિયાથી અલિપ્તતા જોવા મળે છે ત્યાં હજુ યથાસ્થિતિ છે.
- આખાય વિસ્તારમાં ગરીબી, અજ્ઞાનતાને લીધે તેમજ ઉંડાણ વિસ્તારોને લઈને શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નહીંવત જોવા મળે છે. તેથી શૈક્ષણિક પછાતપણું તેમની વિકાસની પ્રક્રિયામાં બાધક બન્યું છે. તેમની શિક્ષણની સમસ્યા વિચાર માગી લે તેવી છે.

- ડાંગમાં ભારે વરસાદ હોઈ સતત ભેજવાળું વાતાવરણ હોઈ રોગિષ્ટ આબોહવાને કારણે રક્તપિત્ત, કૃમિ, ક્ષય અને મેલેરીયા જેવા રોગોનું પ્રમાણ જોવા મળે છે. આજે ઘણી જગ્યાએ દવાખાના છે, પરંતુ તેઓમાંના ઘણા અંધશ્રદ્ધાળુ હોઈ ભૂવાનું શરણ લે છે. ઉંડાણમાં હજુ આ પરિસ્થિતિ છે.

- અહીંયાં હજુ લોકો કાચા ખપેડાના બિનઆરોગ્યપ્રદ ઘરોમાં વસે છે. તેઓને હજુ મચ્છરો, ઠંડી, વરસાદ વગેરે જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

- આખાય વિસ્તારમાં રોજગારી માટેની તકોનો અભાવ છે. અહીયાં કોઈ ઉદ્યોગ, ધંધો ન હોઈ તે શક્ય નથી.

- ડાંગના અને ડાંગીઓના વિકાસ માટે જંગલ આધારિત અર્થવ્યવસ્થાનું આયોજન કરવું જોઈએ તે નથી એટલે ડાંગના આદિવાસીઓની જંગલ આધારિત સમસ્યાઓ હલ થતી નથી.

- અને છેલ્લે ડાંગના આદિવાસીઓને સમગ્રને સાથે રાખીને વિકાસની પરિસ્થિતિ ઉભી કરવાનો પ્રયત્ન સંપૂર્ણ થયો નથી. ભીલોને અડગા રાખીને તેમને નિર્જન અવસ્થામાં છોડીને વિવહિત પરિસ્થિતિ ઉભી કરવામાં આવે છે. તેથી સમસ્યાઓ વધુ ઘેરી બને છે. જે ત્યાંના ભીલ મજૂરો બાહ્ય સ્થળાંતર મજૂરી શોધવા જાય છે, તેનાથી ખ્યાલ આવે છે. એ નહીં થાય તો ડાંગની જાતિ સમસ્યા વધુ ગંભીર બનશે અને ડાંગી ભીલોને આદિમ જૂથમાં મૂક્યા સિવાય છૂટકો નહીં થાય.

**ભાવિ વિકાસ અને ઉત્કર્ષ માટેના સૂઝાવો :**

ગુજરાત રાજ્યના આદિવાસી વિભાગ દ્વારા આદિવાસીઓના વિકાસ અને કલ્યાણ માટે અનેકવિધ આયોજિત કાર્યક્રમો સમયાંતરે અપનાવવામાં આવ્યા અને નાણાંકીય ખર્ચાઓ કરવામાં આવ્યા હોવા છતાં આદિવાસી વિસ્તાર અને વસ્તીના સંદર્ભમાં જોઈએ તો આદિવાસીઓ અન્ય સમૂદાયોની સરખામણીમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પાછળ છે. તે આયોજિત વિકાસના પરિણામોથી જાણવા મળે છે. તે રીતે ડાંગ વિસ્તાર અને વસ્તીના સંદર્ભમાં દુનિયાથી અલિપ્ત છે. સમગ્ર વિસ્તારની પરિસ્થિતિ અને તેનું બંધિયારપણું અને બીજા અનેક પરિબળો (જૂની પરંપરાગત પદ્ધતિઓ-રુઢિઓ)ને લઈને વિકાસના ફળો અને પ્રગતિ સાધી શકાઈ નથી.

(૧) સમગ્ર વિસ્તારને અનુસૂચિત વિસ્તાર જાહેર કરીને અલગ બજેટ, અલગ વિકાસ માળખુ, સીધી દેખરેખ રાખવા છતાં વિસ્તાર અને લોકોનો વિકાસ આટલા વર્ષો થવા છતાં ખરેખર થવો જોઈએ તેથવા પામ્યો નથી. એટલે ખરેખર આવું કેમ ચિત્ર છે તેનું ઉંડુ ચિંતન કરી, સંશોધન કરી, તેમાં રહેલી ત્રુટિઓ શોધી તેના ઉકેલ મેળવી એ અંગે વિકાસ માળખું ગોઠવાઈ તેમ ગોઠવવું જોઈએ.

(૨) ડાંગ વિસ્તારના વિકાસના પગલાં લઈ તેની વધતી વસ્તી, જંગલ વિસ્તારના પ્રતિબંધો અને અલ્પ શિક્ષણ પ્રમાણ જેવા બીજા અનેક કારણોને લઈ આજે પણ રોજગારીના પ્રશ્નો સમગ્ર વિસ્તારને સતાવે છે. આઝાદીનો અર્ધી સદીનો વખત વિત્યા છતાં તેમને સ્થળાંતરી રોજગારી શોધવા જવું પડે છે. એટલે ફરી પુનઃ આવી પરિસ્થિતિ ન સર્જાય એ રીતે વિસ્તારના લોકોની રોજગારીની તકો ઉભી કરવી જોઈએ.

(૩) ડાંગ માટે આટલા વર્ષો પછી વિકાસની ભાવિલક્ષી વ્યૂહરચના ઉભી કરી શક્યા નથી. તેનું મૂળ કારણ ડાંગના આદિવાસીની અર્થવ્યવસ્થા જંગલ આધારિત છે. એટલે જંગલ આધારિત અર્થવ્યવસ્થાને ખ્યાલમાં રાખીને તેમની ભાવિ વિકાસ યોજનાઓ ઘડવી જોઈએ. જંગલને બાદ કરીને ડાંગના આદિવાસીઓના વિકાસ શક્ય બની શકે નહિ.

(૪) જંગલ વિષયક નીતિઓમાં જંગલના આદિવાસીઓ માટેના પ્રતિબંધો તેમના વિકાસની આડે આવે છે. તેને શક્ય એટલા હળવા કરવા જેથી તેઓ મુક્તરીતે જીવનનિર્વાહ ગોઠવી શકે.

(૫) ડાંગમાં ખેતી જંગલ પછી બીજાક્રમે તેમના જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. જમીન ખાડા ટેકરાવાળી અને નબળી જમીન, સિંચાઈની સુવિધા ખૂબ જ નહીંવત હોઈ ખેતીના વિકાસમાં મર્યાદાઓ આવી જાય છે. તેથી ધ્યાન આપી ખેતીની જમીન અંગે ધ્યાન આપી સરખી કરવી, તેમાં ખાતર અને જરૂરી સેન્દ્રિય તત્વો અપાય અને શક્ય હોય ત્યાં ખેતીના સાધનો, બિયારણ અને સિંચાઈની સગવડ કરી આપવી જોઈએ.

(૬) રાજ્યના સૌથી વધુ વરસાદવાળા વિસ્તારમાં હજુ સુધી સિંચાઈની સારી સુવિધાઓ ઉભી કરી શક્યા નથી. ચોમાસા સિવાય ખેતી તેમજ પીવાના પાણી માટે વલખાં મારવા પડે છે, એ વાત વિચિત્ર કહેવાય. તેના પાણી સંગ્રહ કરી ઉકેલ શોધવા જોઈએ.

(૭) જૂની પરંપરાગત ખેતી સાથે નવી પદ્ધતિઓવાળી ખેતપદ્ધતિઓ અપનાવવી જોઈએ. જૂની ધાર્મિકતાવાળી પદ્ધતિ પ્રચલિત છે. ઉપરાંત નવા રોકડીયા પાકો તરફ લોકોનું વલણ કેળવાય તેવું નિદર્શન કરી નવીનીકરણ તરફ પ્રેરવા જોઈએ.

(૮) જ્યાં ખેડૂતોની પોતાની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય સાધનો, બિયારણ પશુઓ ખરીદી શકતા નથી તો તેમને વધુ સાહાયો કરી નવા ધોરણ અપનાવવા જોઈએ.

(૯) ડાંગીઓ વર્ષથી કમાણી દારૂ પીવામાં વાપરી નાખે છે. ખેતી તરફ તેથી પૂરતુ ધ્યાન ન આપવાને કારણે આર્થિક રીતે કંગાળ બની છેવટે ખેતમજૂરી (સ્થળાંતર) કરે છે. તેથી શક્ય બને ત્યાં કાર્યક્રમ ગોઠવી પ્રેરવા જોઈએ.

(૧૦) ડાંગની પ્રજા ખેતી, જંગલ કે બીજા વ્યવસાયોથી જે મેળવે છે તેમાં બજાર વ્યવસ્થાના

અભાવને કારણે લૂંટાય છે. તેમને ચીજવસ્તુઓના ભાવ મળતા નથી તેથી શક્ય હોય ત્યાં તેમને ભાવ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૧૧) આદિવાસીઓને વિકાસની પ્રક્રિયામાં જોડીને ફાળો આપી શકે તેવા પ્રયત્ન સંપૂર્ણપણે કરવામાં આવ્યા નથી. તેમાંય ભીલ લોકોને નિર્જન અવસ્થામાં છોડી દેવાથી વિવહિત પરિસ્થિતિ ઉભી થયેલી છે જે ભીલો સ્થળાંતરી મજૂરી કરવા જાય છે તેના પરથી ખ્યાલ આવે છે. તેથી ગંભીર પરિસ્થિતિ ઉભી થાય છે. તેથી ભીલ લોકો માટે ખાસ કાર્યક્રમ કરી તેના ઝૂંપડા સુધી કાર્યક્રમ પહોંચાડવા જોઈએ.

(૧૨) પશુપાલનની આખી ટેકનોલોજી, દૂધ અને તેના વિશે આદિવાસીઓનું વ્યવહારિક જ્ઞાન ઘણું જ ઓછું છે. પશુપાલન વિશેની સમજ તેમાંથી મળતી આવક પ્રાપ્તિ વગેરે માટે તેમને પૂરતી સમજ આપી દૂધાળા ઢોર આપવાની યોજના બનાવે તો સફળતા મળે.

(૧૩) જ્યાં સુધી ડાંગી જીવનના બધા પાસાઓનો બૃહદ અભ્યાસ તેના પ્રશ્નો સાથે નહિ કરાય ત્યાં સુધી ખબર નહિ પડે કે વિસ્તાર અને લોકોનો વિકાસ કેમ રુંધાય છે.

(૧૪) ડાંગીઓમાં ભીલ, કોટવાળિયા, કાથોડી વગેરે જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નહીંવત જોવા મળે છે. જ્યાં સુધી શિક્ષણનું પ્રમાણ નહીં હોય ત્યાં સુધી વિકાસના લીધેલા પગલાં સાર્થક નહીં બને તેવું જ્યાં આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ છે ત્યાં જોઈ શકાય છે. એટલે ડાંગમાં શિક્ષણ માટેના અસરકારક પગલાં લઈ તેમ કરવું જોઈએ.

ડાંગના અને ડાંગીઓના ભાવિ વિકાસ એ વિશે શું કરવું જોઈએ તેના થોડા સુઝાવો, વિગતો જોઈ. સરકાર અને લોકોએ એ વિશે શું કરવું જોઈએ. એ જોઈએ તો સરકાર વિકાસ અને કલ્યાણની જવાબદારી સંપૂર્ણ ઉઠાવે છે. જેમ જેમ સરકાર તેના શિરે જવાબદારી ઉઠાવે છે તેમ તેમ પ્રજા વધુને વધુ આશ્રિત બની આળસુ બને છે અને તેનામાં પંગુતા આવતી જાય છે. જે વ્યક્તિ સમાજ વિકાસની સૌથી નબળી કડી છે. એટલે પ્રજામાં કાર્યક્રમો સાથે પુરૂષાર્થ ન પ્રગટે તો વિકાસ થઈ જશે એ માન્યતા સાચી ઠરતી નથી, કેમકે રાજ્ય સરકારની પણ મર્યાદા છે. વિકાસની પ્રક્રિયાની સાથે પુરુષાર્થ પ્રગટવાની સ્થિતિ નિર્માણ કરીને રસ્તા અપનાવવા જોઈએ. એટલે પ્રજા પણ પોતાની જવાબદારીની ભાવના કેળવે એ જરૂરી છે.

છેલ્લે ડાંગનો સર્વગ્રાહી રીતે અભ્યાસ કરી, જિલ્લાને અને પ્રજાને અવિકસિત રાખનારા પરિબળોને હજુ વધુ ઉંડાણથી તપાસી તેના વિકાસની શક્યતાઓ સાથે સ્થાનિક સાધનો, પ્રજા અને સરકારના સમન્વય વડે જ વિકાસ શક્ય બનશે.

# રાઠવા, વારલી અને નાયકા જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાની તપાસ

જસવંતસિંહ ના. રાઠોડ

**પ્રાસ્તાવિક :**

૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ૬૧ ટકા છે. જે પ્રમાણ આદિવાસીઓમાં ૩૬ ટકા છે, જયારે ગુજરાતમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૬૧.૨૯ ટકા છે. ગુજરાતના આદિવાસીઓમાં તે પ્રમાણ ૨૯ ટકા છે. આ રીતે ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણનો વેગ ધીમો રહ્યો છે. શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી પરંપરાગત વ્યવસાયો સાથે જોડાયેલા રહે છે. આમાં પણ અંતળિયાર વિસ્તારમાં વસતિ જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત જોવામાં આવે છે. તેના મૂળમાં ક્યા કારણો છે. વળી શિક્ષણ પાછળ આટલો મોટો ખર્ચ કરવા છતાં શિક્ષણનો વ્યાપ કેમ વધારી શકાયો નથી. સાથે સાથે વસવાટ કરતી અન્ય જાતિઓમાં શિક્ષણ વધુ જોવા મળે અને અતિ પછાત એવી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ કેમ ઓછું જોવામાં આવે છે ? શું જવાબદાર છે ? તે તપાસવા ગુજરાતમાં વસતિ ત્રણ જાતિઓ રાઠવા, નાયકા અને વારલી જાતિમાં શિક્ષણ ઓછું હોવાના કારણો તપાસવા તથા સરકારશ્રીનું ધ્યાન દોરવું જોઈએ તે ખ્યાલમાં રાખી આ અભ્યાસ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું.

**અભ્યાસક્ષેત્ર :**

અભ્યાસ ક્ષેત્ર રાઠવા, નાયકા, નાયકડા અને વારલી જાતિની વસતિ ધરાવતા તાલુકાઓમાંથી વધુ વસતિ ધરાવતા ગામો પસંદ કરવામાં આવ્યા. જેમાં પ્રાથમિક શાળાની વ્યવસ્થા હોય સાથે સાથે એક ગામ ઊંડાણનું પણ હોય જયાં પ્રાથમિક શાળાની જ વ્યવસ્થા હોય આગળ અભ્યાસ માટે દુરના સ્થળે જવું પડે તેમ હોય.

**પસંદ થયેલ તાલુકા અને ગામોની યાદી**

| ક્રમ | તાલુકા | ગામો |
|---|---|---|
| ૧. | છોટાઉદેપુર | (૧) સનાડા (૨) લગામી (૩) વિરપુર |
| ૨. | કપરાડા | (૧) મૂળગામ કપરાડા (૨) કપરાડા (૩) દાબખલ (૪) વિરક્ષેત્ર (૫) સિલ્ધા |
| ૩. | દે.બારિઆ | (૧) બામરોલી (૨) જુની બેઢી |
| ૪. | ઘોઘંબા | (૧) પાધોરા |

ઉપરોક્ત ચાર તાલુકાઓમાંથી ૧૧ ગામોને પસંદ કરવામાં આવ્યા અને ગામોની મુલાકાત લઈ શાળાની માહિતી, શિક્ષકોની માહિતી અને વાલી સંપર્ક કરી શિક્ષણ અંગેની માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**વ્યવસાય :**

અભ્યાસમાં સમાવેશ થયેલ ત્રણે જાતિઓ પરંપરાગત ખેતી, પશુપાલન અને મજૂરીના વ્યવસાય સાથે જોડાયેલી હતી. ઊંડાણ અને જંગલ વિસ્તાર આકાશી અને પરંપરાગત ખેતી પદ્ધતિ, જમીનના ટૂકડા, ઓછા રસકસવાળી જમીન, ઢોળાવ અને ડુંગર વિસ્તારના કારણે જમીનની ફળદ્રુપતા પણ ઓછી જોવા મળે છે. આવા બધા અસંખ્ય કારણો તેમની અર્થવ્યવસ્થા ઉપર અસર પહોંચાડતા હોય છે. વળી ગામો પણ ઊંડાણમાં કે જ્યાં સહેલાઈથી બીજી કોઈ રોજવગારી પણ મળી શકે નહી. તેના કારણે રોજગારી માટે તેમને દૂરના શહેરી વિસ્તારોમાં વારંવાર આવન-જાવન કરવું પડતું હોય. આવા કુટુંબોએ ફક્ત જીવન ટકાવવા કે સામાજિક વ્યવહાર સચવાય એનાથી વધારે કંઈ મેળવી શકતા નથી. જો કંઈ કમાણી થાય તેમાંથી ખાધાખોરાકી અને બાકી વધે તે નબળા દિવસોમાં ગામનાકે બહારના શાહુકાર, વેપારી કે સગાવહાલાને ચૂકવવાનું હોય છે. આ પ્રકારની અર્થવ્યવસ્થામાં બાળકોના વિકાસ કે શિક્ષણ માટે તેઓ કેટલુ યોગદાન આપી શકે તે સમજી શકાય તેવી બાબત છે.

**આવક :**

તપાસેલ ૭૫ કુટુંબની આવક જોતાં કુટુંબદીઠ વાર્ષિક આવક ૯,૩૭૭ રૂા. જેટલી થાય છે. જે આજ કુટુંબોની માથાદીઠ વાર્ષિક આવક ૧,૫૮૭ રૂા. જેટલી અને માથાદીઠ માસિક આવક ૧૩૨ રૂા. જેટલી થાય છે. આમ ઉપરોક્ત આવકના પ્રમાણમાં જો જોઈએ તો આવા કુટુંબોનું જીવન ખરેખર સંઘર્ષમય કહી શકાય. ઉંમરલાયક કે કામ કરવા લાયક બાળક થાય ત્યારથી જ તેના અને કુટુંબના માટે તેની આજુબાજુ જે અર્થવ્યવસ્થાના સાધનો છે તેમાં લાગવું પડે છે. જેમાં નાના બાળકોને સાચવવા, ઢોર ચરાવવા, ખેતી કે અન્ય મજૂરીમાં મદદ કરવી, જંગોલમાંથી કંઈ મળે તે એકત્ર કરવું, શિકાર કરવો, માછલા પકડવા આવી અનેક વિધ પ્રવૃત્તિઓમાં બાળકોને ફરજિયાત જોતરાવું પડતું હોય છે.

**શિક્ષણ :**

તપાસ હેઠળના કુલ સભ્ય સંખ્યાના ૭૮.૩ ટકા સભયો અભણ હતા. જેમાં પુરુષ સભ્યો ૭૧.૫ ટકા અને સ્ત્રી સભ્યો ૮૬.૬ ટકા સભ્યો અભણ જોઈ શકાયા હતા. આ આંકડાથી જ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ત્રણે જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ કેટલું નીચું હશે. ઉપરોક્ત આંકડાઓમાં ચાલુ શિક્ષણ અને નાના બાળકોનો સમાવેશ કરેલ નથી.

જેમનું શિક્ષણ ચાલુ છે તેવા સભ્યોમાં પ્રાથમિક શાળામાં ભણતા હોય તેમની સંખ્યા વિશેષ એટલે ૧૦.૮ ટકા બાળકોનો અભ્યાસ ચાલુ હતો, જ્યારે ૧.૩ ટકા બાળકો માધ્યમિકમાં અભ્યાસ કરતા જોઈ શકાયા હતા. પ્રાથમિક કક્ષામાં અભ્યાસ કરતા ૨૯ કુમારો અને ૧૯ કન્યાઓનો સમાવેશ થાય છે. કુલ સભ્ય સંખ્યાના અનુક્રમે ૧૨.૦ અને ૯.૪ ટકા જેટલા

થાય છે. જયારે બે બાળાઓ બાલવાડીમાં જતી માલુમ પડી છે. આનો અર્થ એ થાય કે નાના બાળકો માટેની બાલવાડીની સગવડ પણ કેટલાક વિસ્તારમાં નથી અને છે તો બાળકો જતા નથી. આમ તપાસેલ કુટુંબોમાં શિક્ષણની સ્થિતિ ખરેખર ઘણી જ નબળી કહી શકાય તેવી હતી.

અભ્યાસના ગામોમાં શિક્ષણની યથાસ્થિતિ અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે જેની અંદર ગામ કે ફળિયાની સંપૂર્ણ માહિતી ફળિયા કે ગામની સુવિધા, ફળિયા કે ગામની શાળા, બાળકોની સંખ્યા, હાજર સંખ્યા, હાજરી તારણ, શિક્ષકોના અભિપ્રાયો, વાલીઓના અભિપ્રાયો, તેમની માન્યતાઓ વાર્ષિક અર્થવ્યવસ્થા વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેનાથી તે ગામની વસતિ વિસ્તાર અને શિક્ષણની સ્થિતિનો ખ્યાલ આવી શકે. સ્થાનિક શિક્ષકોના જણાવ્યા પ્રમાણે સ્થાનિક રોજગારી કંઈ મળતી નથી તેથી તેમને બહારગામ મજૂરી માટે જવું પડે છે. ચોમાસામાં વાવણીના સમયથી કાપણી થાય ત્યાં સુધી ગામમાં સંખ્યા વધારે રહે છે. કાપણી થયા પછી તરત જ બહારગામની મજૂરી માટે જતા હોય છે. સાથે બાળકોને પણ લઈ જતા હોય છે. સ્કૂલમાં પણ મધ્યાન ભોજન અને વાવણીના સમય સુધી હાજરી વધારે રહે છે. પછી ઘટી જાય છે. ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ માસમાં ખાસ હાજરી રહેતી નથી. આના કારણે પરીક્ષામાં પણ તેઓ ગેરહાજર રહે છે. પરિણામે નાપાસ થાય છે. હાજરીનો પ્રશ્ન સતત રહ્યા કરે છે. ચોમાસામાં ભાજી વધારે ખાવાથી અને વહેરાનું બંધિયાર કે ખુલ્લુ પાણી પીવાના કારણે બાળકોમાં ક્યારેક રોગનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.

**માન્યતા :**

વારલી જાતિમાં ભગત-ભૂવામાં વધારે માને છે. ભગત લોકો કોઈ હોંશિયાર છોકરા ઉપર ભક્તાઈ કરે તો છોકરાનું મગજ બગડી જાય છે અને નિશાળે જતો નથી તેમ માને છે.

**સંપ્રદાયો :**

કેટલાક ઊંડાણના વિસ્તારોમાં સતિ-પતિ પ્રથા નામનો કોઈ ધાર્મિક સંપ્રદાયે આ વિસ્તારના આદિવાસીઓમાં એવું તે ગેલુ લગાડ્યું છે કે આપણે જ આપણી સરકાર છીએ. આપણે કોઈ સરકારના તાબેદાર નથી. સરકારના કોઈ કામમાં આપણે સહકાર આપવો નહી. ત્યાં સુધી કે બાળકોને નિશાળે પણ મોકલવા નહી. સરકારી કોઈ લેણું આપણે ભરવું નહી. આ બધી માન્યતા ધરાવતા કેટલાક લોકો સામાન્ય પ્રજાને ગેરમાર્ગે દોરે છે અને પોતાની ભૂગર્ભ પ્રવૃત્તિઓ કરાવે છે. આનાથી સમગ્ર વિસ્તાર અને જનજાતિઓને નુકશાન થવા સંભવ છે

સિલ્ધા પ્રાથમિક શાળામાં સ્થાનિક વારલીભાઈની નિમણુંક થઈ હોવાના કારણે સંખ્યામાં વધારો જોઈ શકાય છે. ગામના શિક્ષક આવ્યા રજીસ્ટરમાંથી નામ કમી કર્યા ત્યારે ફક્ત ૧૨ બાળકો જ રજીસ્ટરમાં રહ્યા. છોકરીના લગ્ન થઈ ગયા હોય તેને બાળકો પણ થયા હોય તેવા

નામો સ્કૂલના રજીસ્ટરમાં હતા. સિલ્વા મૂળ ફળિયામાં ૧ થી ૪ ધોરણની પ્રાથમિક શાળા છે અને ૧૧૫ બાળકોની રજીસ્ટર સંખ્યા હતી.

**રાઠવા :**

છોટાઉદેપુર તાલુકામાં મુખ્યત્વે રાઠવા આદિવાસીઓની વસતિ છે. સાથે સાથે નાયકા કુટુંબો પણ ગામોમાં વસવાટ કરતા માલુમ પડ્યા હતા. ક્ષેત્રકાર્ય સરકારી બીજા વર્ગના અધિકારીઓ કે જેઓ તાલીમાર્થી હતા તેમના શબ્દોમાં ક્ષેત્રકાર્યના ગામનો અહેવાલ જોઈએ તો ત્રણે ગામોમાં અપવાદ સિવાય હરતા ફરતા માનવી હાડપીંજરો, ચીંથરેહાલ દશામાં જોયા તેમના બાળકો નાગાપુગા, ગંદા ગોબરા, માટીમાં આળોટતાં જોયાં,તેમની ઝૂંપડીમાં ક્યાંય રાચરચીલું નથી, પુરતા વાસણો નથી, પહેરવાનાં કપડાં નથી, ગંદા ગાભા જેવી ગોદડીઓ તુટેલા ખાટલા, ગંધાતા ખોરડા, તેમના જેવી જ એકાદ દુબળી પાતળી બકરી, ભૂખ્યા પેટના ઊંડા ખાડા બધું જ જોયું જે આપણા સમૃદ્ધ સમાજને માટે શરમજનક દ્રષ્ય છે. ગરીબ-ભૂખમરો હોવા છતાં તેઓમાં ભરપુર માનવતા છે. જે દશામાં જીવે છે તે દશામાં જીવવાની ખુમારી છે. હજી તેમની હિંમત હામ અકબંધ છે. લગભગ બધા જ આદિવાસી ફરિયાદ કરી કે અમારે બાળકોને ભણાવવા તો છે પણ ભણાવનાર આવતા જ ના હોય તો બાળકોને કોણ ભણાવે ? તેથી અમો ભણતર અને મજૂરી બન્ને ખોઈએ છીએ તેથી બાળકોને મજૂરી કરવા મોકલી દઈએ છીએ. જેથી સાંજ પડે રોટલા ભેગા થવાય. આવી સ્થિતિ પણ કેટલાક ગામોમાં જોવા મળી. આમ છતાં અપૂરતી સગવડ આર્થિકસ્થિતિ નબળી, અંધશ્રદ્ધા, પરંપરાગત વહેવાર ખર્ચ વગેરે ઘણીબધી બાબતો ઓછા શિક્ષણ માટે જવાબદાર છે.

**નાયકા :**

શિક્ષણની બાબતમાં નાયકાઓ ઘણા પાછળ કહી શકાય. તેના કારણોમાં મુખ્યત્વે મા-બાપ અભણ, આર્થિક સ્થિતિ નબળી બાળકો જાતે જે કરે તે ખરું તેવું વલણ આજે પણ જોવા મળે છે. બાળકો નિશાળે જવા નીકળે પણ કેટલાક રસ્તામાંથી પાછા આવે, ઘરે કહે શાળા બંધ છે. આમાં મોટા છોકરાઓ સાથે નાના બાળકો પણ જોડાય છે. ગામમાં કુટુંબમાં કે ફળિયામાં ગમે તે પ્રસંગની ઉજવણી થતી હોય ત્યારે બાળકો તેમાં ભાગ લે છે અને નિશાળે જતા નથી. દરેક કુટુંબમાં કોઈને કોઈ દેવ કે પ્રસંગ વારંવાર આવતા જ હોય છે જેથી બાળકોનું શિક્ષણ બગડે છે.

વડીલોના જણાવ્યા પ્રમાણે પહેલાં ભણવાની સગવડ ન હતી આજે સગવડ છે પણ બાળકો ભણવા જતા નથી.

બહારગામ મજૂરી માટે સ્થળાંતર કરતા હોય છે ત્યારે નાના બાળકોને સાચવવા માટે નિશાળે જતા બાળકને સાથે લઈ જતા હોય છે. આમ ઓછા શિક્ષણ માટે અનેકવિધ કારણો અહેવાલમાં દર્શાવવામાં આવ્યા છે.

**સૂચનો :**

(૧) **શિક્ષણવ્યવસ્થા :** સૌ પ્રથમ શિક્ષણ માટેની વ્યવસ્થા દરેક ગામમાં ગોઠવવી જોઈએ જેની અંદર શાળાનું મકાન, ધોરણ પ્રમાણે ઓરડાની સંખ્યા, કંપાઉન્ડવોલ, સંડાસ, બાથરૂમ અને પીવાના પાણીની વ્યવસ્થા દરેક નાની મોટી શાળામાં હોવી જોઈએ. શૈક્ષણિક સાધનો દરેક સ્કૂલમાં પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ. શાળા રજાના દિવસ સિવાય નિયમિત સમયસર ખુલવી જોઈએ અને શિક્ષણકાર્ય નિયમિત ચાલવું જોઈએ.

(૨) મધ્યાહન ભોજન યોજના અનેસ્કોલરશીપ આ બન્ને યોજના ગરીબ મા-બાપના બાળકો માટે આર્શિવાદરૂપ છે.

(૩) આંગણવાડી, બાલવાડી દરેક ફળિયે નિયમિત ચાલવી જોઈએ.

(૪) **આશ્રમશાળા-છાત્રાલય :** ગરીબ બાળકો માટે આશ્રમ સ્કૂલ કે છાત્રાલય આર્શિવાદરૂપ છે. આ સંસ્થાઓ વ્યવસ્થિત ચલાવવામાં આવે તો શિક્ષણનો વ્યાપ વધારી શકાય, જીવન ઘડતરનું શિક્ષણ મળે.

(૫) **પેકેજ યોજના :** આ જાતિઓની વસતિ ચોક્કસ વિસ્તારોમાં વસવાટ હોય ત્યાં પેકેજ બનાવી શિક્ષણ આપી શકાય.

(૬) **જનજાગૃતિ અભિયાન :** આધુનિક વિચારધારામાં વિશ્વાસ બેસે તેવા પ્રયત્નો કરવા પડે આ માટે જનજાગૃતિ અભિયાન, વાલી સંપર્ક, શિક્ષણનું મહત્વ અને શિક્ષણથી થતા ફાયદાઓ વિશે જાગ્રત કરવા પડે. તે માટે ગામ આગેવાનો, શિક્ષકો, તાલુકા શિક્ષણ સમિતિએ વધારે યોગદાન આપવું જોઈએ.

(૭) મધ્યપ્રદેશની એજ્યુકેશન ગેરંટી સ્કીમ લાગુ કરી શકાય.

(૮) શિક્ષણને રાષ્ટ્રિય યોજનામાં ગણી ફરજિયાત બનાવવું જોઈએ.

(૯) સ્થાનિક રોજગારીના પ્રશ્નો હલ કરવા જોઈએ.

(૧૦) નબળા દિવસોમાં ખાસ સહાય યોજના.

(૧૧) સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન

(૧૨) શિક્ષણ પદ્ધતિમાં થોડો બદલાવ લાવવો જોઈએ. જેમાં વર્ગશાળામાં નવા નવા પ્રોગ્રામો, રમતગમત, બાળ સાહિત્યવાર્તાઓ, સ્થાનિક વર્તાઓ, નાટકો, ઉત્સવો ને લગતા પ્રોગ્રામ, સંગીતના પ્રોગ્રામ, ચિત્ર, વૈજ્ઞાનિક પ્રયોગો કે જેમાં બાળકોને રસ પડે.

(૧૩) પ્રાથમિક શિક્ષણની જવાબદારી પંચાયત તેમજ શિક્ષકોની રહેવી જોઈએ.

# શહેરી વિસ્તારમાં કામ કરતા આદિવાસી બાળકો અને તેમના વિસ્તારમાં કામ સાથે શિક્ષણ મેળવી શકે તેના ઉપાયો સૂચવતો અભ્યાસ

- અરૂણભાઈ ભા. પટેલ

ભારત સરકારે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવ્યું હોવા છતાં નબળી પરિસ્થિતિ ધરાવતા મોટાભાગના બાળકો શાળાએ જઈ શકતા નથી. અને પુરું શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી. બાળકો વધુ શિક્ષણ ન મેળવી શકવાના કારણોમાં ગરીબાઈ, બેરોજગારી, નિરક્ષરતા વ્યાપક પ્રમાણમાં છે. જેમાં નબળી આર્થિક પરિસ્થિતિ સૌથી વધુ જવાબદાર છે. બીજું મુખ્ય કારણ બેકારી પણ છે. શિક્ષણ મેળવ્યા બાદ રોજગારી મળશે જ તેની ખાતરી નથી. તેથી હાલમાં જો રોજગારી મળતી હોય તો લઈ લેવી તેવો પણ અભિગમ જોવા મળે છે.

ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખેતી આધારિત છે. પરંતુ કેટલાક વિસ્તારમાં ઘણા ખેડૂતો માટે ખેતી બિન-ઉપજાઉ છે. આ માટે ઘણા કારણો જવાબદાર છે. માત્ર ખેતી ઉપર નભવું મુશ્કેલ હોવાથી તેમને અન્ય ગૌણ વ્યવસાયો અપનાવવાની ફરજ પડે છે. તેઓ ગૌણ વ્યવસાયોમાં જંગલ અને ખેતમજૂરી ઉપરાંત છૂટક મજૂરી, સુથારીકામ, લુહારીકામ, માટીકામ, દોરડા-દોરડી બનાવવી, ટોપલા-ટોપલીઓ બનાવવી, પડીયા-પતરાડાં બનાવવાં વગેરે અનેક પ્રવૃત્તિઓ તેઓ તેમના ઘરઆંગણે રહીને કરતા હોય છે. પરંતુ ગૌણ વ્યવસાય કરવા છતાં પણ તેમના કુટુંબનું ભરણપોષણ થઈ શકતુ નથી. આથી તેઓ તેમના વિસ્તારમાંથી સ્થળાંતર કરીને સારી આવક મળી શકે એવી મજૂરી અને વ્યવસાયમાં જોડાય છે. પોતાના ગામમાં કે આજુબાજુના ગામોમાં પૂરતી મજૂરી મળી શકતી નથી. તેથી બિનઆદિવાસી વિસ્તારોમાં ખેતમજૂરી, બાંધકામ મજૂરી વગેરે અન્ય મજૂરી કે કારખાના તરફ તેમને જવું પડે છે. ખાસ કરીને ખેતમજૂરી કે અન્ય કોઈ મજૂરી કરતાં બાંધકામ મજૂરીમાંથી સારી એવી રોજી મળી રહે છે. તથા આમેય આ કામમાં આદિવાસી મજૂરો નિપુણ છે. જેથી કેટલાક વિસ્તારોના આદિવાસી કુટુંબો પોતાની ખેતીનું કામ પતાવી અથવા તુટક તુટક પોતાના વતન છોડી બહાર કે જ્યાં બાંધકામો ચાલતાં હોય ત્યાં બાંધકામ મજૂરી કરવા ચાલ્યા જાય છે. સાથે સાથે બાળકો, બાલીકાઓ કે જેઓ ૧૪ વર્ષથી નાની વયના હોય તેઓ પણ પોતાનો અભ્યાસ બગાડીને મજૂરી કરવાની ગણતરીમાં સ્થળાંતર કરે છે. આવા સમયે વિચારકો અને સંશોધકોમાં અનેક પ્રશ્નો, વિચારો ઊભા થાય. આદિવાસી બાળકોએ શા માટે મજૂરી કરવા બહાર જવું પડતું હશે? કેવી પરિસ્થિતિમાંથી બહાર સ્થળાંતર કરવું પડે છે? આ બાળકોને કેવા પ્રકારની મજૂરી મળતી હશે ? કેવી સ્થિતિમાં રહેતા હશે ? તેમને ભણવું હશે? તેમની ખરેખર સમસ્યાઓ

શું શું હોઈ શકે ? વગેરે જાણીને શું થઈ શકે એની દિશાસુઝ આપવા અહી પ્રયત્ન કર્યો છે.

ગુજરાતના ગણાતા શહેરોમાંથી અમદાવાદ અને સુરત શહેરોમાં આવેલા સ્થળાંતરીત આદિવાસી બાળમજૂરોને આ અભ્યાસ માટે પસંદ કર્યા હતા. અમદાવાદ શહેરમાંથી કુલ ૫૨ બાળકોમાંથી ૯ બાલીકાઓનો અને સુરત શહેરમાંથી કુલ ૫૩ બાળકોમાંથી ૭ બાલીકાઓનો મળી કુલ ૧૦૫ આદિવાસી બાળમજૂરોનો અહી અભ્યાસ કર્યો છે. સૌથી વધારે ઝાલોદ તાલુકામાંથી, ત્યારબાદ દાહોદ અને લીમખેડા તાલુકાઓમાંથી ભીલ જાતિના અને થોડા પટેલીયા જાતિના બાળમજૂરોનું સ્થળાંતર દેખાઈ આવે છે. તથા ઉચ્છલ તાલુકામાંથી ગામીત જાતિના અને બારડોલી તાલુકામાંથી હળપતિ જાતિના બાળમજૂરોનું સ્થળાંતર સુરત શહેરમાં જોવા મળ્યું છે. જે શહેરોમાં વધારે મજૂરી મળે અને વધારે દિવસો મજૂરી મળે તેવા શહેરોમાં લોકોનું સ્થળાંતર વધારે હોઈ શકે.

સ્થળાંતરીત બાળકો પાસેથી વતન છોડવાનાં કારણો જોઈએ તો મજૂરી માટે વતન છોડયુ છે, ધંધા માટે શહેરોમાં આવ્યા છે. અથવા પોતાના વતનમાં કે આજુબાજુના ગામોમાં મજૂરી ન મળતી હોવાથી વતન છોડવું પડયું છે તથા બેકારીના કારણે વતન છોડયું છે તેવાં કારણો જાણવા મળ્યાં હતાં. શહેરોમાં મજૂરી માટે બાળકો આવ્યા હતા ત્યારે વતનમાં વૃદ્ધો, સ્ત્રીઓ, ભાઈ/બહેન વગેરેને મૂકીને આવવું પડતું હોય છે. મોટાભાગે એવું જોવા મળ્યું છે કે પોતાના કુટુંબના વડીલ સાથે અથવા જવાબદાર વ્યક્તિ સાથે આદિવાસી બાળકો શહેરોમાં મજૂરી કરવા આવતા જોવા મળ્યા છે.

શરૂઆતમાં કે પ્રથમ વખત શહેરમાં આવનાર જૂથો પોતાની રહેવાની જગ્યા એવી પસંદ કરે છે કે જ્યાં તેઓને કોઈ કનડગત ન કરે. ખાસ કરીને રેલ્વે લાઈનની આસપાસ વધારે ખુલ્લી જગ્યા હોય ત્યાં અથવા કોઈ ખુલ્લુ મેદાન અથવા સરકારી કે મ્યુનિસિપાલીટીની જગ્યા હોય ત્યાં અથવા કોઈ સંસ્થાનું મેદાન હોય અને મેદાનના કોટની બહાર રસ્તાની આજુબાજુએ પોતાનો વસવાટ પસંદ કરે છે. જેથી અન્ય જનજીવન પોતાને પરેશાન ના કરી શકે. પોતાની પાસે જીવન જરૂરીયાતની વસ્તુઓ વધારે હોતી નથી, તેથી સહેલાઈથી ગમે તે જગ્યા બદલી પણ શકે છે. મજૂરી ના મળે તો શહેરના બીજા સ્થળે કે જ્યાં મજૂરી નજીક મળે તેવી જગ્યા પસંદ કરી રહેઠાણની ફેરબદલી કરે છે. લગભગ ખુલ્લામાં કુદરતના ખોળે પોતાનું રહેવાનું જોવા મળ્યું છે. વરસાદના સમયે ઝુંપડા જેવું પ્લાસ્ટીકના કાગળથી બનાવી રહે છે. પણ બધા પાસે આવી વ્યવસ્થા જોવા મળતી નથી. ત્રણેક કિસ્સામાં ભાડાની ઓરડીમાં

રહેતા બાળકો પણ જોવા મળ્યા છે. મોટે ભાગે મજૂરીએથી આવ્યા બાદ થાક્યા પાક્યા મજૂરો પોતાની પાસે સૂવાની જે વ્યવસ્થા હોય તે જમીન પર પાથરી સૂઈ રહે છે. ખાસ કરીને સિમેન્ટની ખાલી થેલીઓ અથવા કન્તાન જેવું અથવા ગોદળી જેવું એકાદ કપડુ હોય તો પાથરીને સૂઈ રહે અને એક સાલ જેવું કપડુ ઓઢવાનું તેઓ પાસે અવશ્ય હોય છે. ખુલ્લામાં સૂવાથી મચ્છરનો, અસામાજીક તત્વોનો કે અન્ય ત્રાસ તેઓને માટે એક સમસ્યા બની રહે છે. તેમાં પણ આદિવાસી મહિલા, બાલીકાઓ, નાના બાળકો વગેરે માટે રક્ષણ એ માત્ર કુદરતજ ગણી શકાય. ચોમાસામાં વરસાદના દિવસોએ અથવા વરસાદની એલીના સમયગાળા દરમિયાન આ મજૂરોને મોટી મુશ્કેલી છે. બળતણ માટેનાં લાકડાં ભિંજાઈ ગયેલાં હોવાથી તથા ચૂલો હોય ત્યાં અથવા ખુલ્લામાં પોતાની વસ્તુઓ હોય ત્યાં પાણી ભરાઈ જવાથી ખાવાનું બનાવવાની મોટી મુશ્કેલી થઈ પડે છે. ઘણી વખત આવા સમયે ભૂખે રહેવાનો વારો આવે છે. અથવા નાસ્તા પાણી કરી ચલાવી લેવું પડે છે. પહેરવાનાં કે ઓઢવાનાં કપડાં મર્યાદિત હોવાથી ભિંજાઈ ગયેલાં કપડાંએ વરસાદના સમયે રાત્રે જે તે સ્થળની આસપાસ જાહેર મકાનના ઓટલા ઉપર કે રસ્તા પરની દુકાનોના આગળના સેડ નીચે બેસી રહીને રાત્રી વિતાવે છે. આમ ચાલુ વરસાદે રહેઠાણ વગરના આવા મજૂરોની ઘણી બધી સમસ્યાઓ જોવા મળી છે. તાઢ, તડકો, વરસાદ તેઓના જીવન માટે સહજ થઈ ગયું છે તેમ કહી શકાય.

રહેઠાણની મોટી મુશ્કેલીની સાથે સાથે તેઓને પીવાના પાણીની અને અન્ય સમસ્યાઓ પણ જોવી જરૂરી છે તે રીતે જોતાં તે વસવાટની આજુબાજમાં જાહેર નળેથી અથવા નજીકના બંગલાઓમાંથી કે સોસાયટીઓમાંથી અથવા શાળા કે મંદિરમાંથી પીવા માટેનું પાણી ભરી લાવતા જોવા મળ્યા છે. પીવાના પાણી માટે ગમે ત્યાં વલખાં મારવાં પડે છે. આજીજી કરવી પડે છે, કગરવું પડે છે, પીવાલાયક પાણી ના હોય અને સંગ્રહ કરી રાખેલ ટાંકીઓમાંથી ગમે તે વાસી પાણીનો પણ પીવામાં ઉપયોગ કરવો પડે તેવું બને છે. લગભગ ૭૦% ના જવાબ એવા છે કે કામ પર જાય અને કામ પુરું થયે સાંજે જે તે સ્થળે ન્હાઈને એકાદ બે કપડાં ધોઈ નાખે છે, જ્યારે બાકીનાના જવાબ એવા હતા કે જ્યાં રહેઠાણ હોય ત્યાંજ ખુલ્લામાં પાણી લાવીને ન્હાવાની પ્રક્રિયા અંગે જાણવા મળ્યું છે. સંડાસ જવા માટે ખુલ્લામાં ગમે ત્યાં જઈ આવે છે તેવું જાણવા મળ્યું છે.

નમૂનાના કુલ ૧૦૫ બાળકોમાંથી ૩૧.૪૩% બાળકો તો અભણ જોવા મળ્યા હતા. જ્યારે બાકીના ધોરણ એકથી સાત સુધીમાં અભ્યાસ છોડી મજૂરી માટે શહેરોમાં આવ્યા હોય તેવું જાણવા મળ્યું હતું. આ ક્ષેત્રકાર્ય દરમિયાન સુરત શહેરમાં છ બાળકો એવા જોવા મળ્યા

હતા કે ધોરણ છ અને સાતની પરીક્ષા આપીને તરતજ કોઈ ૧૦ દિવસની તો કોઈ ૭ દિવસથી મજૂરીએ આવ્યા હતા. અને તેઓનું માનવું હતું કે વેકેશન પુરતુ મજૂરી કરીશું અને પાસ થઈશું ત્યારે પાછા અમારા વતનમાં ઉઘડતી શાળાએ જવાની ગણતરી છે. ટૂંકમાં બાળમજૂરી કરતા આદિવાસી બાળકોમાં અભણનું પ્રમાણ ઠીકઠીક છે અને સ્થળાંતર કરતાં જે આપોઆપ ભણવાનું છોડવું પડે છે તે હકીકત છે.

પસંદ થયેલ ઉત્તરદાતાઓ પાસેથી ભણી શક્યા નહીં તેનાં કેટલાંક કારણો જાણવા મળ્યાં છે. અને તે રીતે જોઈએ તો ઘરની આર્થિક પરિસ્થિતિ સારી નહી હોવાથી તથા પોતાના પર ઘરની જવાબદારી આવી પડવાથી મજૂરી કરવી પડે છે, ઘરખર્ચ માટે મજૂરીએ આવવું પડયું, સારાં કપડાં, જવા-આવવાના ભાડાના પૈસા જોઈએ તે કોણ આપે અને કોણ ભણાવે ? તથા નાપાસ થવાથી શાળા છોડી દેવી પડી, પોતાના ઢોર ચરાવવા શાળાએ ગયા નહી અથવા શાળા છોડી દીધી, ખેતી - ઘાસ વગેરે માટે કમાવવું પડે તેમ હતું. આમ જુદા જુદા કારણો ભણી શક્યા નહી તેનાં જોવા મળ્યાં હતાં.

આદિવાસી બાળકો શહેરમાં આવ્યા બાદ કામની શોધમાં હોય છે. જે કામ મળે તે કરવાના પ્રયત્નોમાં હોય છે પણ શહેરોમાં બાંધકામ પ્રવૃત્તિ ખૂબજ વધી ગઈ છે અને આવા કામમાં મજૂરોની સંખ્યા પણ વિશાળ જોઈએ. શહેરોમાં કામ માટેનાં ઠેર ઠેર ચોક્કસ જગ્યાઓએ નાકાં ભરાય છે. મોટે ભાગે દરેક પ્રકારના કારીગર વર્ગ, દરેક પ્રકારના મજૂરી વર્ગ, કામ કરાવનારા દલાલો, બાંધકામ વ્યવસાયના કોંટ્રાક્ટરના માણસો વગેરે આવાં નાકાંઓ પર દરરોજ સવારે લગભગ આઠ વાગ્યાથી દશ વાગ્યા સુધી ભેગા થાય છે. ત્યાંથી જે તે વ્યક્તિઓને લઈ પોતાના કામ પર દરેક જાય છે. જેઓને કામ ન મળે તેઓ પોતપોતાની રીતે આરામ કરે છે. મોટા ભાગે કામના આયોજન પ્રમાણે દરેક પોતપોતાના જ્યાં કામ ચાલતા હોય ત્યાં નક્કીનું કામ ગોઠવી લેતા હોય છે અને વધારે દિવસો તથા વધારે રોજ મળે તેવા પ્રકારના કામો તરફ જે તે વ્યક્તિનું લક્ષ હોય છે. માટીકામ તથા ખોદકામ, ચણતર કામે મજૂરી, ઈંટો આપવાનું કામ, ધાબુ ભરાતુ હોય તે મજુરી, રસ્તા પર મેટલ પાથરવાનું કામ, ડાંમરકામ, પ્લમ્બરને મદદ કરવાનું કામ, ઘરકામ વગેરે અન્ય મજૂરી મળી રહે છે. મોટે ભાગે માસમાં બધાજ દિવસ કામ મળી રહેતુ નથી. અતિશય વરસાદના દિવસોમાં તથા દિવાળી કે અન્ય તહેવારોની આસપાસ કામના ઓછા દિવસો મળે છે. દર વર્ષે હોળીના તહેવારના દિવસોમાં આદિવાસી મજૂરો લગભગ પોતાના વતનમાં ચાલ્યા જતા હતા પણ ચાલુ વર્ષે હોળીના તહેવારના દિવસોમાં આવુ ઓછુ બન્યુ છે એટલે કે હોળી વતનમાં મનાવવાના બદલે મજૂરીકામ કરવાની ફરજ કદાચ બની ચૂકી હશે.

સુરત શહેર ટેક્ષટાઈલ,પાવરલુમ ઉદ્યોગમાં સૌથી આગળ છે. મોટે ભાગે ઓરીસ્સા રાજયના મજૂરો પાવરલુમમાં કામ કરે છે. નાના બાળકો બોબીન ભરવાનું અને તાણા ખેંચેલા હોય તેમાં ફણી નાખવાનું (બીમ પસાર કરવું) કામ ઘણીજ ઝડપથી કરી શકે છે. મોટા ભાણસથી આ કામ ઝડપથી થઈ શકતુ નથી. તાણામાં ફણી નાખનારની મજૂરી દિવસની ૫૦ થી ૬૦ રૂપિયા પ્રમાણે છે. જયારે બોબીન ભરવા માટે દૈનિક રોજ ૬૦ થી ૭૦ રૂપિયા પ્રમાણે છે. ખાસ કરી વણાટનું કામ ઓરીસ્સા રાજયના લોકો કરે છે તેથી તેઓ પોતાના બાળકો પાસે આવુ ફણી નાખવાનું અને બોબીન ભરવાનું કામ કરાવે છે અથવા બીજા જોડે તેઓને અનુકુળ કે ફાવટ આવતી નથી. આદિવાસી બાળકોને આ કામ ફાવે તેમ છે છતાં તેનું જુથ જે જોઈએ તે પ્રમાણે થતુ નથી. આમ છતાં થોડાક છોકરાઓ આવું બોબીન ભરવાનું કામ કરે છે. ચિખલી તાલુકાના ધોડિયા છોકરાઓ તથા બારડોલીની આસપાસના હળપતિ છોકરાઓ રેસ્ટોરન્ટમાં અથવા મોટી હોટલોમાં જે કામ સોંપાય તે કરે છે અને રાત્રે તેના ગોડાઉન કે ઓટલા પર સૂઈ રહે છે. નિઝર તાલુકાના ગામીત છોકરાઓ બહુમાળી મકાનોના કોમ્પલેક્ષમાં પ્લમ્બરના કારીગરની સાથે મદદનીશ તરીકે કામ કરતા જોવા મળ્યા છે. પંચમહાલ જિલ્લાના ભીલ જાતિના થોડાક છોકરાઓ પાવરલુમ કારખાનાઓમાં પાવર ચાલુબંધ કરવાનું કામ કે ગમે તે વાયરીંગની મદદનું કામ કરવાનું જોવા મળ્યું છે. દુબળા-હળપતિ જાતિની થોડી ઘણી સ્ત્રીઓ ઘરઘાટીનું કામ કરે છે. નજીક નજીકનાં પાંચ-સાત ઘરોનાં કામ બાંધેલાં હોય અને તે રીતે ઘરની સફાઈ, પોતા કરવાં, વાસણ માંજવા, કપડા ધોવા વગેરે કામ કરતી હોય છે અને કામના પ્રમાણમાં માસના અંતે મજૂરી પેટેની રકમ મેળવતી હોય છે.

સામાન્ય રીતે કામ અંગેનું દૈનિક વેતન જોઈએ તો અમદાવાદ શહેરમાં લગભગ ૬૦ રૂપિયા થી ૭૦ રૂપિયા સુધી મળતા હોય તેવું જાણવા મળ્યું છે. જયારે સુરત શહેરમાં લગભગ ૬૦ રૂપિયા થી ૮૦ રૂપિયા સુધી મળતા જોવા મળ્યા છે એટલે કે અમદાવાદ કરતાં સુરતમાં મજૂરી દર થોડાક કિસ્સાઓમાં વધારે જોવા મળ્યો છે. લગભગ વ્યક્તિગત માસની કુલ આવક જોઈએ તો રૂપિયા ૮૦૦ થી ૨૦૦૦ સુધી જોવા મળી છે. ૧૦ દિવસ કરતાં ઓછા દિવસો કામ મળ્યું હોય તેવા કિસ્સાઓમાં ૮૦૦ રૂપિયા કરતાં પણ ઓછી આવક મજૂરી પેટે મળી છે. અમદાવાદના મોટાભાગના મજૂરોની લગભગ સરેરાશ માસિક આવક ૧૦૦૦ થી ૧૨૦૦ રૂપિયાની વચ્ચે જોવા મળે છે. જયારે સુરતના મોટાભાગના મજૂરોની લગભગ સરેરાશ માસિક આવક ૧૧૦૦ થી ૧૩૦૦ રૂપિયાની વચ્ચે જોવા મળે છે. ટૂંકમાં આ બધી મજૂરીની આવકનો આધાર મળનાર કામના પ્રકાર પર, મળનાર કામના દિવસની સંખ્યા પર, ઋતુ-સમય પર, તહેવારો વગેરે પર છે.

મજૂરીની રકમ સામાન્ય રીતે રોજેરોજ સાંજે મળી જતી હોય છે. પણ ઘણી વખત, ઘણી જગ્યાએ સતત મજૂરીકામ ચાલુ જ હોય ત્યારે અઠવાડીએ કે કામ પુરું થાય ત્યારે પુરો હિસાબ મળતો હોય છે. વચ્ચે વચ્ચે ઘરખર્ચ પૂરતો ઉચ્ચક ઉપાડ મળતો હોય છે. કેટલીકવાર આખરી હિસાબના નાણામાં ગેરરીતી થવાની શક્યતા રહે છે અને તે રીતે થોડાક જ કિસ્સામાં કોન્ટ્રાકટર અથવા તેના વચેટીયાઓ પૈસા માટે ધક્કા ખવડાવે છે. મજૂરીની મોટી રકમ પોતાની પાસે સાચવવાનો સવાલ હળવો કરવા માટે કેટલાક લોકો વતનમાં જયારે પૈસા મોકલવાના હોય ત્યારે પૂરા હિસાબે નાણાં ઉપાડી દે છે.

શહેરોમાં સ્થળાંતર થયેલા દરેકે દરેક મજૂરનું પોતાનું ઘર પોતાના વતનમાં જ છે અને પોતે અંશતઃ કુટુંબના સભ્યો સાથે માત્ર મજૂરી માટેજ શહેરમાં આવ્યા છે અને તેથી થોડા થોડા દિવસોએ અથવા અમૂક સમયે પોતે બચાવેલી મજૂરીની રકમ પોતાના વતનમાં ઘરના વડીલને કે જવાબદાર વ્યક્તિને જાતે અથવા સગા સંબંધી દ્વારા અથવા પોતાના ગામનો કોઈ વ્યક્તિ વતનમાં જતો હોય તેના દ્વારા નાણાં પહોંચતાં કરવામાં આવે છે. વતનમાં ઘરખર્ચને પહોંચી વળવા, ખેતી માટે, દેવું કર્યું હોય તે ભરપાઈ કરવા, પશુપાલનના ઘાસચારાના ખર્ચ વગેરે માટે મજૂરીનાં નાણાંનો ઉપયોગ થતો જાણવા મળ્યો છે. ટૂંકમાં એક વાત સ્પષ્ટ થાય છે કે પોતાના વતનમાં આર્થિક પરિસ્થિતિ એટલી બધી ખરાબ છે કે ઘરખર્ચ કરવા કોઈ આવકનું સાધન નથી અને તેથીજ કુટુંબના સભ્યોએ અથવા બાળકોએ પણ સ્થળાંતર કરી મજૂરી કરવા પ્રેરાવું પડે છે.

સ્થળાંતરીત આદિવાસી મજૂરો પાસે ખુબજ ઓછી વસ્તુઓ એટલે કે લગભગ થાળી,તપેલી, ટીફીન માટે ડબ્બો, રોટલા બનાવવા માટે માટીની કલાડી, માટલુ વગેરે મુખ્ય વાસણો પોતાની સાથે રાખે છે. મસાલા થેલીમાં બરાબર રાખે છે. લગભગ રોજેરોજ લોટ, તેલ, શાકભાજી કે જરૂરી સામગ્રી વેચાતી લાવવી પડે છે. તેનું કારણ એ પણ જાણવા મળ્યું છે કે લોટ વગેરેમાં કીડીઓ કે સુક્ષ્મ જીવાણુંઓ ચડી જાય છે. તથા ખાધ્ય વસ્તુ અને મસાલા વગેરે થેલીમાં બરાબર ગોઠવીને કપડાઓ, કંતાન વગેરેથી પોટલુ વાળી ઉપર બરાબર વજનવાળી વસ્તુ મુકીને ભગવાન ભરોસે છોડી મજૂરીએ જતાં આ બધી વસ્તુ કૂતરાં, ભૂંડ વગેરે જાનવરો તેને ખોલી ફેંદી નાખે છે. માટે મોટે ભાગે જરૂરીયાત પ્રમાણેની ચીજવસ્તુઓ રોજેરોજ ખરીદવાની ફરજ પડે છે. બહારની વસ્તુઓ ખાવાની તો લગભગ દરેકને ગમે જ છે. પણ પરવડે તેમ ના હોવાથી રોટલા અને શાક (રીંગણ, બટાકા, ટામેટાં, ડુંગળી વગેરે) તથા સાંજે પણ રોટલા શાક તથા કેટલાક લોકો ભાત-દાળ પણ બનાવી ખાય છે. બપોરનું

ખાવાનું વહેલી સવારે ઉઠીને બનાવવું પડે છે અને પછીજ મજૂરીએ જાય ત્યારે તે કપડામાં કે બાસ્કેટમાં રોટલા અને શાક બાંધી લઈ જાય અથવા શાક નાના ડબ્બામાં કે નાના ડોલચામાં ભરી ટીફીન લઈ જવાતુ હોય છે. પોશાકમાં થોડુક પરિવર્તન દેખાયું છે. પેન્ટ, બુશર્ટ કેટલાક છોકરાઓ પહેરે છે. થોડાક છોકરાઓના હાથે ઘડિયાળ, ખોટી વીંટી, ગળામાં કંદોરો વગેરે પણ જોવા મળ્યા છે.

નમૂનાના પસંદ થયેલ ઉત્તરદાતાઓના ૩૨.૩૮% ઉત્તરદાતાઓ સ્વતંત્ર કામ કરી શકે તેવી તૈયારી બતાવી છે. જેમણે સ્વતંત્ર કામની તૈયારી બતાવી છે. તેમાંથી ૧૦ જવાબ એવા છે કે તેઓ ઉચ્ચક કામ કરી શકે અથવા માપ પર કે ગણતરી પર કામ કરી શકે, જ્યારે ૨૮ જવાબ એવા છે કે શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે સફાઈનું કામ ચાલે છે તે ઝાડુ મારવાનું કામ કરવા પણ તેઓ તૈયાર છે. કારણ કે રોજેરોજનું કામ શોધવું પડે છે તેના કરતાં કાયમનું કામં મળી રહે અને આ રીતે કાયમી કામની સલામતી રહે.જો કે સફાઈનું કે ઝાડુ મારવાનું કામ તેમની પરંપરામાં નથી પણ કામની જરૂરીયાતને કારણે આવાં કામ કરવા તૈયારી બતાવી છે.

શહેરોમાં રોજી સિવાય કંઈપણ લાભ મળતા નથી. લગભગ બધાની ઈચ્છા છે કે રાહત દરે અનાજ, કેરોસીન, તેલ, રહેવાની જગ્યા અથવા ઘર,પીવાનું પાણી વગેરે થોડી સગવડ મળે તો ઘણું સારું.

મોટા ભાગના બાળમજૂરોનું માનવું છે કે વતનમાં કામ મળે તો વધારે સારું અને ખાસ કરીને ખેતીને લગતુ કામ વતનમાં મળે તો કરી શકે, દુકાન કે લારી-ગલ્લાની વ્યવસ્થા મળી રહે તો તે કામ કરી શકે, જે કામ મળે તે કામ કરવા તૈયાર છે વગેરે જુદા જુદા પ્રકારના જવાબો વતનમાં કામ કરવા અંગેના જોવા મળ્યા હતા.

પોતાના વતનમાં જે તે કામ સાથે અભ્યાસ કરવાનું પસંદ કરતા કુલ ૨૦ બાળકોએ જણાવ્યું હતું અને કામમાંથી લગભગ છ કલાક અભ્યાસ માટે ફાળવવાની તૈયારી બતાવી છે, જ્યારે બાકીના બાળકોના નકારાત્મક જવાબો જોવા મળ્યા હતા. એટલે કે કામ સાથે અભ્યાસ કરવા તૈયાર નથી.

જે વિસ્તારમાંથી આદિવાસી કુટુંબો સ્થળાંતર કરી મજૂરી માટે બહાર જાય છે તેવા કુટુંબોના બાળકોની યાદી જે તે નજીકની આશ્રમશાળાઓ બનાવે અને ભણવાલાયક તમામ બાળકોને નજીકની આશ્રમશાળાઓમાં દાખલ કરી ભણાવે તથા આવા બાળકોને ભણાવવાની

વધારાની જવાબદારી પેટે એક શિક્ષક વધારે રોકીને તેનો તથા આવા બાળકોનો બધોજ ખર્ચ જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડી.પી.ઈ.પી.યોજના) હેઠળ આવરી લેવામાં આવશે તો તેનું નક્કર પરિણામ મળશે. શહેરમાં મજૂરી કરવા આવી ગયેલા બાળકોને પણ ભણવાની તક આપવા માટે જે તે વિસ્તારની નજીકની મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓમાં ગમે તે વર્ષથી પ્રવેશ આપીને ભણાવી શકાય તથા તેને રહેવાની સવલત માટે શહેરોમાં ચાલતા આદિવાસી છાત્રાલયોમાં વધારાની જગ્યાઓ ઊભી કરીને અથવા માત્ર સ્થળાંતરીત બાળકોની અમૂક ટકા અનામત જગ્યાઓ રાખીને તેઓને લાભ આપી શકાય. બેકારી અને ગરીબી નાબુદ કરી શકીશું, તો આપોઆપ સ્થળાંતર અને બાળમજૂરી દૂર થઈ શકશે.

હૈદ્રાબાદમાં નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ (એન.સી.એલ.પી.) હેઠળ બાળમજૂરોના સર્વાંગી વિકાસ માટે સ્વૈચ્છીક સંસ્થાઓને સમાજ કલ્યાણ વિભાગ અનુદાન આપે છે અને આવી સંસ્થાઓ જે તે વિસ્તારના બાળમજૂરોને લઈ આવે છે અને તેઓનો મુખ્ય ઉદેશ એ છે કે "કામ છોડો અને શિક્ષણ સાથે નાતો જોડો" ટૂંકમાં સ્થગિત થઈ ગયેલુ શિક્ષણ હોય તો શિક્ષણ ચાલુ કરે છે. પ્રાથમિક શિક્ષણથી માંડી માધ્યમિક શિક્ષણની બીજે વ્યવસ્થા કરે છે. મહિલાઓ માટે વ્યવસાયીક તાલીમ આપવામાં આવે છે. જેવી કે શિવણકામ, ભરત-ગુથણકામ, ટેબલ ક્લોથ, પેચવર્ક, રમકડાં બનાવવા-સ્પંચવાળાં, બ્યુટી પાર્લરના કોર્સ વગેરે તથા છોકરાઓ માટે સાબુ બનાવવાનું શિક્ષણ, રેડીયો રીપેરીંગ, દરજીકામ-બનીયન બનાવવી, પ્રિન્ટીંગ પ્રેસનું કામ વગેરે પ્રકારની તાલીમ આપવામાં આવે છે અને પોતાની રીતે કામ કરી શકે તેઓને સહાય તથા લોન આપી પગભર બનાવે છે. ત્યારબાદ જે તે બાળકોને પોતાના વાલીને પરત કરવામાં આવે છે. આપણે ત્યાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આવું ગોઠવાય અને ટ્રાઈસેમ દ્વારા જે પ્રકારની તાલીમ અપાય છે તેને થોડો સુધારો વધારો કરી આદિવાસી બાળમજૂરોને શિક્ષણ સાથે પોતાને ગમતા વ્યવસાયની તાલીમ અને મદદ કરી પોતે પગભર થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી છે.

# તેતરિયા જાતિ તપાસ અહેવાલ

- ભીખાભાઈ સો. પટેલ
- બચુભાઈ સો. બરંડા

**પ્રસ્તાવના :**

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિએ સૂચવ્યા મુજબ ગુજરાતમાં વસતી અનેક જાતિઓના અભ્યાસો કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યા છે. માર્ચ ૧૯૯૯ના વર્ષમાં કેન્દ્રની સલાહકાર સમિતિના સૂચવ્યા મુજબ ધાનકા જાતિની એક અલગ તરી આવતી "તેતરીયા" જાતિનો અભ્યાસ કેન્દ્ર દ્વારા કરવો એવું સૂચન કરવામાં આવ્યું.

**વસતી-વિસ્તાર :**

ધાનકા જાતિના એક ભાગ તરીકે અલગ તરી આવતી "તેતરીયા" જાતિની વસ્તી ધરાવતા વિસ્તારોમાં વડોદરા, ભરૂચ, નર્મદા અને પંચમહાલ જિલ્લાને ધ્યાનમાં લઈ આ જાતિનો સાંસ્કૃતિક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તેતરિયા જાતિના સાંસ્કૃતિક અભ્યાસ માટે ૧૦૦ જેટલા કુટુંબોની પ્રત્યક્ષ મુલાકાત લઈ આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં તેતરિયા જાતિની સામાજીક, ભૂભૌતિક અને સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક બાબતોને આવરી લઈ તેમના સમાજજીવનના દરેક પાસાંઓનો સમાવેશ થાય તે રીતે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

તેતરિયા જાતિની વસતી મુખ્યત્વે ધાનકા જાતિની વસતિ ધરાવતા દરેક ગામોમાં વત્તાઓછા પ્રમાણમાં પથરાયેલી છે. આ જાતિએ ધાનકા જાતિની જ એક પેટા જાતિ તરીકે અલગ ઉપસી આવેલ પેટા જાતિ છે. તેતરિયા જાતિની વસતી ભરૂચ, હાલ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં, ડેડિયાપાડા અને સાગબારા તાલુકાના કેટલાંક ગામોમાં તથા વડોદરા જિલ્લાના સંખેડા, ડભોઈ, જલુગામ, નસવાડી, છોટાઉદેપુર તેમજતિલકવાડા તાલુકામાં, તેમજ પંચમહાલ જિલ્લાના લીમખેડા, હાલોલ અને જાંબુઘોડા તાલુકાના કેટલાંક ગામોમાં ધાનકાઓ સાથે તેતરિયા જાતિ વસવાટ કરે છે. કેટલાક સ્થળોએ આ જાતિ તડવી, વળવી અને તેતરિયા તરીકે જ ઓળખાય છે. ભરૂચ જિલ્લાના ગામોમાં તેતરિયા જાતિ ધાનકાઓની સાથે જૂથમાં જ રહે છે. જયારે વડોદરા અને પંચમહાલ જિલ્લામાં છૂટાછવાયા વસવાટ કરે છે.

ધાનકાઓમાં જુદી જુદી કેટલીક અટકોમાં વળવીને બદલે તડવી કેમ કહેવાયા તેની કેટલીક માન્યતાઓમાં એવું કહેવાય છે કે ધાનકાઓએ દુષ્કાળના વર્ષોમાં ઘોડાનું માંસ ખાધુ એટલે તેમને તડવી, જેને "ઘોડેસ્વાર" તરીકે પણ ઓળખે છે. જયારે કેટલાક તડવીઓએ તેતર ખાધુ એટલે તેઓ "તેતરિયા" થઈ ગયા. ધાનકા-તડવીઓમાં માંસ-મચ્છી ખાવાવાળા, તડવીઓમાં બધુ ચાલે છે. જયારે તેતરિયાઓમાં ઓછું ચાલે છે. "એવું એક માહિતી દર્શકે કહેલું."

પ્રસ્તુત તપાસમાં આવરી લીધેલ કુલ ચાર ગામોમાં અંદાજીત કુટુંબોની સંખ્યા ૧૦૦૦ જેટલી હતી જેમાં ૨૨૫ જેટલા કુટુંબો તેતરિયા જાતિના હતા. તેમાંથી ૧૦૦ કુટુંબોની પ્રત્યક્ષ મુલાકાત લઈ આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

તપાસમા આવરી લીધેલ કુટુંબોની ભૂભૌતિક વિગતો જોઈએ તો નીચે મુજબની સ્થિતિ જોવા મળી હતી.

| ક્રમ | વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગામનું નામ | ગરૂડેશ્વર | બોરિયા | વણજી | ચીકદા | કુલ |
| ૨. | કુલ કુટુંબો | ૩૨૪ | ૧૦૬ | ૧૧૦ | ૪૬૦ | ૧૦૦૦ |
| ૩. | કુલ તતરિયા કુટુંબો | ૬૫ | ૫૦ | ૭૦ | ૪૦ | ૨૨૫ |
| ૪. | પસંદ થયેલ કુટુંબો | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૧૦૦ |
| ૫. | જમીનની વિગત : | | | | | |
| | જમીન વિહોણા | ૪ | ૩ | ૪ | ૪ | ૧૫ |
| | ૦ થી ૨.૫ | ૬ | ૭ | ૮ | ૧૧ | ૩૨ |
| | ૨.૫ થી ૫.૦ | ૮ | ૬ | ૭ | ૭ | ૨૮ |
| | ૫.૦ થી ૧૦.૦ | ૪ | ૫ | ૪ | ૨ | ૧૫ |
| | ૧૦.૦ થી ઉપર | ૩ | ૪ | ૨ | ૧ | ૧૦ |
| | મકાનની સંખ્યા | - | - | - | - | ૯૩ |
| | મકાનનો પ્રકાર : | | | | | |
| | કાચું | - | - | - | - | ૭૫ |
| | પાકું | - | - | - | - | ૧૮ |
| | મકાનની દિવાલ : | | | | | |
| | સાંઠી | - | - | - | - | ૭૫ |
| | ઈંટમાટી | - | - | - | - | ૧૮ |
| | છાજ - દેશીનળિયાં | - | - | - | - | ૨૮ |
| | છાજ-નળિયાં | - | - | - | - | ૧૦ |
| | દેશી-વિલાયતી નળિયાં | - | - | - | - | ૪૫ |
| | પતરાં | - | - | - | - | ૬ |
| | ઘાસપાન | - | - | - | - | ૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | **ઓરડાની સંખ્યા** | | | | | |
| | ૧ | - | - | - | - | ૧૮ |
| | ૨ | - | - | - | - | ૪૮ |
| | ૩ | - | - | - | - | ૨૭ |
| | **પશુમાટેની છાપરી** | | | | | |
| | સાથે | - | - | - | - | ૭૧ |
| | અલગ | - | - | - | - | ૧૬ |
| | પશુવિહોણા | - | - | - | - | ૧૩ |
| | **મકાનની માલિકીની** | | | | | |
| | **જમીન :** | | | | | |
| | પોતાની | - | - | - | - | ૮૬ |
| | સરકારી | - | - | - | - | ૭ |
| | ઘરવખરી : સરેરાશ | - | - | - | - | ૨૧ |

તેતરિયા જાતિના ઘરોની વિગત ઉપર મુજબ જોયા પછી જમીનના કદ પ્રમાણે તેમની આર્થિક પરિસ્થિતિ જોઈએ તો નીચે મુજબની પરિસ્થિતિ જોવા મળી હતી.

તેતરિયા જાતિની અર્થવ્યવસ્થા જોઈએ તો તેતરિયા જાતિના દરેક કુટુંબો પાસે થોડીઘણી જમીન જોવા મળે છે. તેઓ ખેતી, ખેતમજૂરી અને પશુપાલનના વ્યવસાય પર નિર્ભર છે. આ ઉપરાંત જંગલમજૂરી, જંગલગૌણ પેદાશ એકઠી કરી પોતાનું જીવન ગુજારે છે. કેટલાક કુટુંબો જંગલ વિસ્તારની નજીક રહેતા હોઈ જંગલમજૂરી સહેલાઈથી મેળવી શકે છે. પહેલાં કૂપના કામોમાંથી મજૂરી મળી રહેતી હતી. હાલ કૂપનું કામ ન રહેવાથી માત્ર જંગલ ગૌણપેદાશ એકઠી કરવી, નવા રોપા રોપવા તેમજ બળતણનાં લાકડાંમાંથી અર્થ કમાય છે. તેની વિગતો અહી જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ પરથી જોઈ શકાય છે.

| વિગત | જમીન વિહોણા | ૦ થી ૨.૫ | ૨.૫ થી ૫.૦ | ૫.૦ થી ૧૦.૦ | ૧૦.૦ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૧૫ | ૩૨ | ૨૮ | ૧૫ | ૧૦ | ૧૦૦ |
| કુલ સભ્ય પુ. | ૪૨ | ૮૨ | ૭૭ | ૪૪ | ૨૮ | ૨૭૩ |
| સ્ત્રી | ૩૯ | ૭૩ | ૭૦ | ૩૩ | ૨૫ | ૨૪૦ |
| કુલ | ૮૧ | ૧૫૫ | ૧૪૭ | ૭૭ | ૫૩ | ૫૧૩ |

| વિગત | જમીન વિહોણા | ૦ થી ૨.૫ | ૨.૫ થી ૫.૦ | ૫.૦ થી ૧૦.૦ | ૧૦.૦ થી ઉપર | કુલ |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| જમીનનું કદ | - | ૧.૨૫ | ૩.૩૨ | ૮.૦૫ | ૧૪.૦ | ૪.૩૯ |
| વ્યવસાય : | | | | | | |
| ખેતીલાયક | ૪ | ૪૧ | ૩૬ | ૨૦ | ૧૪ | ૧૧૫ |
| ખેતમજૂરી | ૨૧ | ૨૦ | ૨૩ | ૧૫ | ૧૧ | ૯૦ |
| નોકરી | ૪ | ૭ | ૫ | ૪ | ૪ | ૨૪ |
| કમાનાર | ૩૬ | ૭૪ | ૭૭ | ૪૯ | ૩૫ | ૨૯૧ |
| કુલ પશુધન | ૩૨ | ૧૦૫ | ૮૧ | ૭૦ | ૪૯ | ૩૪૭ |
| કુલ આવક | ૧૬૯૦૦૦ | ૩૦૪૫૬૦ | ૩૯૦૪૨૦ | ૨૯૫૧૦૦ | ૨૮૩૧૨૦ | ૧૪૪૨૦૦૦ |
| કુટુંબદીઠ આવક | ૧૧૨૬૭ | ૯૫૧૮ | ૧૩૯૪૪ | ૧૯૬૭૩ | ૨૮૩૧૨ | ૧૪૪૨૨ |
| કુલ ખર્ચ | ૩૮૧૦૦ | ૬૩૬૦૦ | ૯૩૪૦૦ | ૬૭૧૦૦ | ૭૩૬૦૦ | ૩૦૫૦૦૦ (૨૩.૩) |
| ચોખ્ખી આવક | ૧૩૦૯૦૦ | ૨૪૦૯૬૦ | ૨૯૭૦૨૦ | ૨૨૮૦૦૦ | ૨૦૯૫૨૦ | ૧૧૦૬૪૦૦ (૭૬.૭) |
| કુટુંબદીઠ ચોખ્ખી આવક | ૮૭૨૮ | ૭૫૩૦ | ૧૦૬૦૮ | ૧૫૨૦૦ | ૨૦૯૫૨ | ૧૧૦૬૪ |
| વાર્ષિક વપરાશીખર્ચ | ૧૧૭૫૦૦ | ૨૫૮૫૦૦ | ૨૪૬૪૦૦ | ૧૫૨૩૦૦ | ૧૨૮૩૦૦ | ૯૦૩૦૦૦ |
| કુટુંબીદીઠ વાર્ષિક વપરાશીખર્ચ | ૭૮૩૩ | ૮૮૭૮ | ૮૮૦૦ | ૧૦૧૫૩ | ૧૨૮૩૦ | ૯૦૩૦ |
| દેવું | ૮૭૦૦ | ૫૨૦૦૦ | ૪૦૭૦૦ | ૧૭૮૦૦ | ૬૯૩૦૦ | ૧૮૮૫૦૦ |
| કુલ અસ્કયામત | ૭૭૭૦૦ | ૯૩૬૮૦૦ | ૧૦૦૨૮૦૦ | ૧૩૨૪૩૦૦ | ૭૦૪૯૦૦ | ૪૦૪૬૫૦૦ |

પ્રસ્તુત તપાસમાં આવરી લીધેલ કુલ કુટુંબ સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૧૫જમીન વિહોણા, ૩૨ કુટુંબોએ ૨.૫ એકર સુધી, ૨૮ કુટુંબો પાસે ૫ એકર સુધી, ૧૫ કુટુંબો પાસે ૫ થી ૧૦ એકર સુધી અને ૧૦ કુટુંબો પાસે ૧૦ એકરથી ઉપરની જમીન હતી.

કુલ સભ્ય સંખ્યા જોઈએ તો ૫૧૩ની હતી જેમાં ૨૭૩ પુરુષ અને ૨૪૦ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. જમીનનું કદ સરેરાશ ૪.૩૯ એકરનું હતું. મોટાભાગના કુટુંબો ખેતી અને મજૂરીમાં રોકાયેલા હતા. કમાનાર સભ્યો પર બિનકમાનારનું ભારણ વધુ હતું. તેઓની પાસે પૂરતું પશુધન નહતું. સરેરાશ ૪ પશુઓ જોવા મળ્યા હતા.

નમૂનાના દરેક કુટુંબોને બધા સાધનોમાંથી કુલ કુટુંબદીઠ ૧૪૪૨૨ રૂપિયાની આવક થતી હતી તેની પાછળ ૨૩.૩ ટકાનો ખર્ચ થતો હતો, જ્યારે ૭૬.૭ ટકા ચોખ્ખી આવક

રહેતી હતી. કુટુંબદીઠ વપરાશી ખર્ચ ૯૦૩૦નો થતો હતો. એટલે કે દરેક કુટુંબ પાસે કંઈક અંશે બચત રહેવા પામતી હતી, પરંતુ આ બચતનું પ્રમાણ આજની કારમી મોંઘવારીમાં નહિવત હતું. તેમને ખેતી અને જીવનનિર્વાહ માટે કેટલોક ખર્ચ કરવા દેવું પણ કરવું પડતું હતું.

**સામાજિક રીતરીવાજો :**

તેતરિયા જાતિની કુટુંબ વ્યવસ્થા સંયુક્ત અને વિભક્ત એમ બંને પ્રકારની જોવા મળે છે. ધાનકાઓની જેમજ પિતૃસત્તાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય કુટુંબવ્યવસ્થા જોવા મળી છે. સમાજના પરંપરાગત નિતિનિયમો મુજબ તેના રીતરિવાજો ગોઠવાયેલા છે. તેતરિયા જાતિમાં સામાજિક સંગઠનના ભાગરૂપે કુટુંબ એ મહત્વનું એકમ ગણાય છે. સગાઈ સંબંધો મુખ્યત્વે લોહી આધારીત અને લગ્ન પર આધારિત સંબંધો જોવા મળે છે. આ સિવાય પણ જૂથમાં એક જ જગ્યાએ રહેતા હોવાથી સ્થાનિય સંબંધોએ પણ સામાજિક સંબંધોનું સ્વરૂપ લીધેલું જોવા મળે છે. એટલે કે સામાજિક રીતે એકબીજા સાથે જોડાયેલા જોવા મળે છે. તેમનામાં મર્યાદાના- મશ્કરીના સંબંધો પણ જળવાઈ રહેલા જોવા મળે છે. સામાજીક સંગઠન પણ હજુ જળવાઈ રહેલું જોવા મળે છે.

તેતરિયા જાતિ સામાજિક રીતેરીવાજો જેમાં રજસ્વલાથી માંડીને નામકરણ, લગ્ન, મરણ અને ધાર્મિક રીતરીવાજોમાં પણ વધુ માન્યતા ધરાવે છે.

**તારણો અને સૂચનો :**

**(૧) જાતિ વિષે - વસ્તી, વિસ્તાર-વસવાટ :**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલીત આદિવાસી સંશોધન અનેતાલીમ કેન્દ્રના સલાહકાર સમિતિએ સુચવ્યા મુજબ ગુજરાતમાં વસ્તી અનેક જાતિઓના અભ્યાસો સમયાંતરે હાથ ધરાયા છે. માર્ચ-૯૯ના વર્ષમાં 'તેતરિયા જાતિના' અભ્યાસ માટે આયોજન કરવામાં આવ્યું. તેતરિયા જાતિની વસ્તી ધરાવતા વડોદરા, ભરૂચ, પંચમહાલ જિલ્લાનો સમાવેશ થાય છે. તેમાંથી ચાર જુદા જુદા ગામોને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે. તેતરિયા જાતિની વસ્તી મુખ્યત્વે ધાનકા જાતિની વસ્તી ધરાવતા દરેક ગામોમાં વત્તાઓછા અંશે પથરાયેલી છે. તે ધાનકા જાતિનો જ એક પેટાજાતિ તરીકે અલગ ઉપસી આવેલ જાતી છે. ભરૂચના ડેડીયાપાડા, સાગબારા, નર્મદા તથા વડોદરાના સંખેડા, ડભોઈ, ઝગડીયા, નસવાડી, છોટાઉદેપુર, તિલકવાડા અને પંચમહાલમાં લીમખેડા, હાલોલ, જાબુઘોડા, દેવગઢબારિયા અમુક ગામોમાં આ જાતિ જોવા મળે છે. ખાસ કરીને આ જાતિ તડવી, વળવી, તેતરિયા નામેજ ઓળખાય છે. આ વિસ્તારમાં મોટાભાટે જમીન ડુંગરાળ, ઢાળ, ખીણ કે મેદાની ભાગની જોવા મળે છે. તેમાં તુવેર, મકાઈ, અડદ, જુવાર, કપાસ, ડાંગર વગેરે પાક પકવીને જીવન ગુજારે છે.

(૨) **આર્થિક રોજગારી આવક :**

આ જાતિના લોકો મોટાભાગે જોઈએ તો ખેતી અને ખેતમજુરી કરતા હોય તેવાઓનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. એ સિવાય જંગલ, મત્સ્ય, ખાણ, ગૃહઉદ્યોગ, બાંધકામ ક્ષેત્રમાં રોજગારી મેળવતા હોય તેવાઓનું પ્રમાણ ઠીક ઠીક જોવા મળે છે. આ ઉપરાંત પાનબીડીના ગલ્લા, ચા-પાણી અને કેટલાક કુટુંબોમાં કલાર્ક, શિક્ષક, પટાવાળા, સિંચાઈયોજનામાં લાઈનમેન વગેરે વિભાગમાં નાનોમોટો વ્યવસાય કરીને જીવન ગુજારે છે. અહી ખેતીનું કામ મોટાભાગે ચાર થી પાંચ માસ જ મળે છે. બાકીના સભ્યો જંગલ પેદાશ, પશુપાલન મજુરી બહાર કરવા જવાનું વગેરેથી તેમનું પુરૂ કરીને પસંદ કરેલ. ઉ.દા.ઓમાં જોઈએ તો વાર્ષિક આવક રૂા. ૧૧૨૬૭ની થતી હતી. કુલ આવક પૈકી ૧૦.૨% ખેતીમાંથી, ૭.૪% પશુપાલન, ૨૦.૧% ખેતમજુરી-છુટક ધંધામાંથી, ૫૩.૭% નોકરી, ૬.૫% વેપાર ધંધામાંથી મેળવતા હોવાનું જાણવા મળે છે. અહિં સરેરાશ આવકનું પ્રમાણ જોઈએ તો કટુંબદીઠ રૂા. ૧૪,૪૨૨ની જોવા મળે છે.

**શિક્ષણ :**

વિસ્તારના કુટુંબોમાં તપાસ કરતાં કુલ પુરુષે સભ્યોમાંથી ૩૭ ટકા અભણ, ૨૭.૪ ટકા સભ્યોએ પ્રાથમિક શિક્ષણ, ૭ ટકા માધ્યમિક અને ૫.૫ ટકાએ સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યું છે. ૬.૬ ટકા પુરુષ બાળકો બાલવાડીનું શિક્ષણ, ૮.૧ ટકા પ્રા.શાળા અને ૮.૪ ટકા બાળકો માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવે છે. અહી કુલ સ્ત્રી સભ્યોમાંથી ૫૨.૯ ટકા સ્ત્રીઓ અભણ છે. ૧૮.૩ ટકા પ્રાથમિકકક્ષા, ૬.૭ ટકા માધ્યમિકકક્ષા, ૪.૨ ટકા સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યું છે. આમ એકંદરે જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી સ્ત્રી સભ્યોમાં શિક્ષણનું પ્રમાણ નહિવત જોવા મળે છે એમ કહી શકાય કે ધાનકાના અને તડવી બાળકો કરતાં તેતરિયા જાતિનાં બાળકો નિશાળે ઓછાં જતાં જોવા મળ્યાં છે.

**આરોગ્ય :**

તેતરિયા લોકો અખાત્રીજ, દિવાળી, હોળી વગેરેના તહેવારો પોતાની રીતે ઉજવે છે. તેઓને જ્યારે મુશ્કેલીઓ આવે છે ત્યારે દેવ-દેવીઓનું આહવાન કરીનેપોતાના વિઘ્નો દૂર કરે છે. તેઓ રામ, શંકર, હનુમાનજી, રામદેવપીર, ભાથીજી મહારાજ, મેલડીમાતા, વેરાઈમાતા, ઝાંપડી માતા વગેરેને ભગવાન તરીકે પૂજે છે.

ગરૂડેશ્વર, બોરિયા, વણજી, ચીકદા વિસ્તારમાં જોઈએ તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કેમ્યુનીટી હેલ્થ સેન્ટર કે પૂરતા દવાખાના ન હોવાથી રાજપીપળા કે નજીકના

તાલુકા મથકે આરોગ્યની સેવા લેવા જાય છે. બાકી તો ખાનગી દવાખાનાવાળા પાસે ખર્ચા કરીને જીવના જોખમે દવા કરાવે છે. આ ઉપરાંત ખાનગી દવાવાળા પોતાની બનાવટી ડિગ્રીઓ રાખીને આદિવાસીઓ પાસે લૂટ ચલાવે છે. તેઓની મજબૂરી હોવાથી એ સિવાઈ બીજો રસ્તો હોતો નથી. કેટલાક દોરા-ધાગા, ભૂવા પાસે જાય તો કેટલાક ઉપર જણાવ્યા પ્રમાણેની સેવા લેતા હોય છે. ડોકટર, નર્સ, કંપાઉન્ડર વગેરેની અનેક મુશ્કેલી હોવાથી પુરતા પ્રમાણમાં આરોગ્યની સારવાર મળતી હોય તેમ જણાતું નથી.

- આ જાતિના ઘણા લોકો પરંપરાગત જુવાર, મકાઈ, કઠોળ જેવા ધાન્ય પાકો પકવે છે તેના કરતાં કપાસ, અડદ, તુવર, કેળ વગેરે રોકડિયા પાકો પકવે અને તેમને બજારમાં પૂરતો ભાવ મળેતેવી વેચાણ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.
- આ જાતિના કેટલાક કુટુંબોમાં જમીન કે કુટુંબકંકાસથી ઝઘડા થયેલ હોય છે તેમાં કોર્ટ કચેરીમાં તેઓનું આર્થિક રીતે ઘણુ શોષણ થતુ જાણવા મળે છે. તેના કરતાં ગામ આગેવાનો પંચો મારફત નિકાલ આવે તેવી વ્યવસ્થા ઉભી થાય તેમ કરવું જોઈએ.
- આ જાતિના અંદર પુરુષની સાથે સ્ત્રીઓ વધુ શિક્ષણ લેતી થાય અને દરેક જગ્યાએ બાલવાડી, પ્રાથમિક શાળા અને શિક્ષણની વ્યવસ્થા હોવી જોઈએ કે જેથી તેઆ શિક્ષણ મેળવી શકે.
- આ જાતિના લોકોના લગ્ન-મરણ તથા સામાજિક પ્રસંગોએ જે ખોટા ખર્ચ થાય છે તે ઓછા કરી શિક્ષણ તથા રોજગારી મળે તેવું થવું જોઈએ.
- આ જાતિના અંદરના ગામો આવેલ છે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે અન્ય ડોકટરની સુવિધા નથી ત્યાં બિમાર આદિવાસીઓની સેવા કરી શકે તેવા ડોકટર, દવા-હોસ્પીટલની વ્યવસ્થા કરવી જોઈએ.
- આ જાતિઓ જયાં રહે છે ત્યાં આજે પણ પાકા રસ્તા, વિજળી કે સંચાર માધ્યમોની પુરતી વ્યવસ્થા ન હોવાના કારણે કેટલીક મુશ્કેલીઓ તેની વ્યવસ્થા થાય તેમ કરવું જોઈએ.
- આ જાતિના આરોગ્ય સચવાય તે માટે ફરતા દવાખાના તથા સગર્ભા માતાઓ, બાળકોના રસીકરણ, પૌષ્ટીક આહાર મળે તે માટે આવા દવાખાનાઓની વ્યવસ્થા કરવી જોઈએ.
- આ જાતિની મહિલાઓ, બાળાઓમાં બચતો કેમ કરવી તથા વિકાસના

કાર્યક્રમોની રચના કરીને કુટુંબજીવન સારી રીતે જીવન ગુજારે તેવી જોગવાઈ કરવી.

- તેતરિયા જાતિના આદિવાસીઓને રોજગારી અને તે માટે સ્થાનિક રીતે ખનીજ-ગૌણ વનપેદાશોનું માર્કેટ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- આ જાતિના બાળકો પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, કોલેજ સુધીનું શિક્ષણ મેળવે તે માટે ૫ કી.મી.ના એરિયામાં પુરતી વ્યવસ્થા હોવી જોઈએ.
- આ જાતિના લોકો નદી કિનારે રહે છે. તેમના માટે ગૌણ વ્યવસાય તરીકે મત્સ્યઉદ્યોગ-વેપાર થાય તેવી જોગવાઈ કરવી.
- જેઓ પશુપાલનનો પરંપરાગત વ્યવસાય કરે છે તેના બદલે સુધારેલી ઓલાદની ગાય-ભેંસ કે બકરા યુનીટની આવક વધારવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.
- જેઓની પાસે જમીન નથી પરંતુ ખેતમજુરી કરતા હોય અને ઘાસ મળી રહેતુ હોય તો દુધ સહકારી ડેરી મારફત ગાય-ભેંસ મળે તેવી જોગવાઈ કરવી જોઈએ.
- આ જાતિમાં કેટલાક આર્થિક રીતે પગભર થઈ ગયા છે. તેઓ જ આદિવાસી જાતિને મળતા મોટાભાગના લાભો લઈ લે છે તેના કરતાં જે ગરીબ છે તેનેજ યોજનાનો લાભ મળવો જોઈએ અને તે યોજના વેચાય નહી પણ તેમાંથી આવક ઉપાર્જન કરી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- જ્યાં આગળ સિંચાઈ માટે નહેરની વ્યવસ્થા નથી ત્યાં નહેરથી ખેતી થઈ શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- આ જાતિના લોકો રહે છે ત્યાં નજીકના ભાગે જંગલો આવેલ છે તે બોડા ડુંગરી બની ગયેલ જોવા મળે છે. તેમાં આ તેતરિયા જાતિના લોકોની લોકભાગીદારીથી ફરીથી વનો વિકસે તે માટે જોગવાઈ કરવી જોઈએ.
- આ જાતિના લોકો હાઈબ્રીડ બીયારણ, રાસાયણિક ખાતરનો મોટા ભાગે ઉપયોગ કરે છે પરંતુ સજીવ ખેતી અને તેના વેચાણ વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવે તો ઘણોજ ફાયદો થાય તેમ છે જેની વ્યવસ્થા થવી જોઈએ.

## તૂરી - બારોટ

# આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણની અસરો

ચંદ્રકાન્ત એસ. પટેલ

ગુજરાતના આદિવાસીઓમાં વિકાસયોજનાઓ દ્વારા લેવાયેલા પગલાઓને કારણેઅને બીજા આંતર બાહ્ય પરિબળોને કારણે અનેકવિધ અસરો થવા પામી છે. તેના અનુસંધાને આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણ હેઠળ આવરી લેવાયેલા અને વંચિત વિસ્તારો ઉપર શું અસરો થવા પામી છે, તેનો આ અભ્યાસ છે.

**વીજળીકરણ અભ્યાસના ઉદ્દેશ્યો-હેતુઓ :**

ગુજરાત રાજયના આદિવાસી વિસ્તારો તેમાં વસતા જુદા જુદા આદિવાસી સમૂદાયો, કુટુંબોને ધ્યાનમાં રાખીને, તેમજ રાજયના આદિજાતિ વિસ્તારના તેમજ બીજા વિસ્તારોના વિકાસના સ્તર ઘટકોનો ગાળો ઓછો કરવા, કૃષિ આવકો વધારવા અને આદિવાસી કુટુંબોની જીવન જીવવાની ગુણવત્તા સુધારવા અને નવીનતમ વિકસેલા ઉપકર્ણોથી તેમનામાં નવીન જાગૃતિ આણવા વીજળીકરણ કાર્યક્રમ હેઠળ આવરી લીધા પછી અસરો જોવાનો ખાસ ઉદેશ્ય હતો. તેમાં સારી-ખરાબ અસરોના હેતુઓ આવરી લીધા હતા.

- વીજળીકરણ થયેલા ગામો અને તેમાંથી પસંદ કરાયેલ કુટુંબો ઉપરની અસરો તપાસવી.
- કુટુંબોને વીજળીકરણ મેળવવામાં પડતી નાની-મોટી મુશ્કેલીઓ, મર્યાદાઓની વિગતો મેળવવી.
- વીજળીકરણના લાભો મળ્યા હોય અને તેનાથી વંચિત રહ્યા હોય તેવા કુટુંબોના અભિપ્રાયો જાણવા.
- વીજળીકરણથી કેવા આર્થિક, સામાજિક, શૈક્ષણિક પરિવર્તનો છે તે તપાસવા.
- કુટુંબ ઉપર વીજળીકરણની સારી કે ખરાબ અસરો કેવી થવા પામી છે તે તપાસવી.
- વીજ ચોરી અંગેની વિગતો મેળવવી, વીજ ચોરી શાથી થાય છે, તે અંગે લોકોના અભિપ્રાયો મેળવવા.
- કુટિર જ્યોત યોજનાની અસરો જોવી.

**અભ્યાસનું મહત્વ :**

- આવા અભ્યાસથી બીજા વિસ્તારોમાં આવી યોજનાઓ વખતે શું કરવું તેનો ખ્યાલ રહેશે.
- વીજળીકરણની પ્રક્રિયા ચાલુ હોવા છતાં લાભ કેમ મળ્યા નથી. તે જાણવાથી તેની ત્રુટિઓ જાણી શકાશે, શક્ય એટલા ઉકેલ શોધવામાં મદદરૂપ થવાશે.

- સરકારના અને લોકોના દ્વારા થતા વિકાસ કાર્યોમાં કંઈ ખામીઓ મુશ્કેલીઓ તેની માહિતી મેળવવી, શું થઈ શકે તેના ઉપાયો આવા અભ્યાસથી મળશે.
- વીજળીકરણથી રોજગારી કે આવક વધે છે, તે જાણી બીજાઓ માટે ઉપયોગી છે કે કેમ તે જાણી શકાશે. વિકાસની દિશા જાણી શકાશે.
- અભ્યાસથી ગુજરાત વિદ્યુતબોર્ડ દ્વારા વીજળીકરણની પ્રક્રિયા વખતે સુધારા વધારા કરવા કદાચ ઉપયોગી નીવડશે.

**અભ્યાસ વિસ્તારો :**

વીજળીકરણ અભ્યાસ માટે મધ્ય ગુજરાતના વડોદરા જિલ્લાના છોટાઉદેપુર વિસ્તારના (રાયપુર-ઘંઘોડા) દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના સોનગઢ વિસ્તારના (આંબા-ગોપાલપુરા) પંચમહાલ જિલ્લાના લીમખેડા વિસ્તારના (પાણીયા-અંધારા) અને બનાસકાંઠા જિલ્લાના દાંતા વિસ્તારના (પાન્છા-ધાબાવાળીવાવ) ગામો આવરી લઈને દરેક વિસ્તારના ૨૫ કુટુંબો પ્રમાણે કુલ ૧૦૦ કુટુંબો લઈને માહિતી એકઠી કરી હતી.

**વીજળીકરણનો ઇતિહાસ અને ગુજરાતમં વીજળી અંગેની સ્થિતિ :**

ભારતમાં વીજળીકરણનો ઇતિહાસ, તેમાં ભારતમાં રાજયવાર વીજળીકરણની પરિસ્થિતિ, ગુજરાતમાં આઝાદી પહેલાં રજવાડાઓમાં તેમજ જુદા જુદા વિસ્તારોમાં વીજળીકરણની પરિસ્થિતિ, આઝાદી પછી પંચવર્ષિય યોજનાઓમાં જિલ્લાવાર વીજળીકરણની ગામવાર પરિસ્થિતિ અને જુદા જુદા વીજળીમથકો અને તેમાં પેદા થતી વીજળી અંગેની વિગતો. ગુજરાતમાં વીજળીકરણ કાર્યક્રમ હેઠળ થયેલ વીજકરણ તેના કુલ ગામોની સંખ્યા જુદા જુદા આશયમાટેનું વીજળીકરણ તેમાં થયેલ ખર્ચાઓ. આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણ અંગેની પ્રગતિ તેમાં પેટા પરા, કૂવાઓ તેમાં થયેલા ખર્ચાઓની વિગતો, ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અભ્યાસમાં આવરી લીધેલા વિસ્તારોમાં પેટાપરાઓની વીજળીકરણ અંગેની સ્થિતિ.

**વીજળીકરણ અભ્યાસના કુટુંબો- તેમની વીજળીકરણની પરિસ્થિતિ અને તેની અસરો :**

આવરી લીધેલા કુટુંબોની કુલ જમીન, પિયત અને બિનપિયત વિસ્તાર સાથે સાથે ખેતી, ખેતમજૂરી, પશુપાલન અને અન્ય વ્યવસાયોની વિગતો, તેમાંથી થતી કુલ વાર્ષિક આવક, કુટુંબદીઠ આવકની વિગતો જોતાં રૂા. ૫,૬૪૧ની વાર્ષિક કુટુંબદીઠ આવક જાણવા મળી હતી.

પસંદ થયેલ જુદી જુદી રાઠવા, કુંકણા, ચૌધરી, ભીલ, ડુંગરી ગરાસિયા જાતિઓમાં અશિક્ષિત, શિક્ષિત પુરુષ-સ્ત્રી વાર જે સ્થિતિ જોવા મળી તેની વિગતો આવરી લીધી હતી.

**વીજળીકરણના લાભાલાભ :**

**(અ) સારી અસરો : લાભ :**

આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણની પ્રક્રિયા આઝાદીકાળથી ચાલે છે. તેમાં પંચવર્ષિય યોજનાઓના માળખામાં રહીને વખતો વખત ફેરફારો સાથે વીજળીકરણની યોજનાઓ અમલી બનતી રહી છે. યોજનાઓમાં રખાયેલ ભૌતિક લક્ષ્યાંકો, નાણાંકીય અને લાભાર્થીઓના ચોક્કસ ધ્યેયો દરેક પંચવર્ષિય યોજનાઓ દરમ્યાન રાખવામાં આવ્યા હતા અને એ રીતે વીજળીકરણ કાર્યક્રમ પાછળ ઘણા નાણાંનો ખર્ચ કરાયો અને કેટલાય સામૂહિક અને વ્યક્તિગત લાભો લાભાર્થીઓને પહોંચાડવામાં આવ્યા છે. તેનાથી આદિવાસી વિસ્તારોમાં જ્યાં લાભોનો ઉપયોગ થયો છે. ત્યાં સારી અસરો થયેલી જોવા મળે છે.

(૧) જ્યાં વીજળીથી ખેતીવાડીમાં કૂવાઓ ઉપર ઈલેકટ્રીક મોટરપંપ બેસાડી સિંચાઈ શક્ય બની છે ત્યાં ખેતીવાડીમાં ઘણા સારા પાકોના ઉત્પાદનો ખેડૂતોને મળ્યા છે.

(૨) આદિવાસી વિસ્તારોમાં કેટલેક સ્થળે વીજળીકરણથી આધુનિક સંગીતના કે બીજા સાધનો આવ્યા છે. સાથે સાથે વીજળીના લીધે જે આર્થિક પાસુ સદ્ધર થવા પામ્યું છે તેથી સામાજિક મોભામાં અસરો વર્તાય છે.

(૩) વીજળીકરણથી તેઓમાં પ્રસંગોપાત લગ્ન અને તેમનામાં મનાવતા ઉત્સવ તહેવારોમાં સગવડો વધવા પામી છે. શિક્ષણ મેળવતા વર્ગ માટે રાત્રે આ સુવિધાથી હવે પહેલાંની જેમ મુશ્કેલી વેઠવી પડતી નથી.

(૪) ટી.વી., રેડિયો, ટેપરેકોર્ડર, પંખા જેવા આધુનિક સાધનો વધવાથી તેઓ બાહ્ય દુનિયાથી જે પહેલાં અજાણ રહેતા હતા તેને બદલે સભાન જાગ્રત થયેલા જોવા મળે છે.

(૫) વીજળીકરણને કારણે જ્યાં જ્યાં સિંચાઈની સુવિધા વધવા પામી છે . ત્યાં નવા પાકો તરબુચ, શંકર કપાસ અને નવા રોકડીયા પાકો દિવેલા, રાયડો, વળિયારી, મગફળી જેવા કરતા થયા છે અને તેથી માત્ર ચોમાસા ઉપર આધારિત ખેતી થતી હતી તેને બદલે શિયાળુ અને ઉનાળું પાકો થતા જોવા મળે છે.

(૬) કેટલેક ઠેકાણે વીજળીકરણથી સિંચાઈને કારણે સારો પાક ઉતારો થવાથી આર્થિક સ્થિતિમાં સુધારો નોંધાયો છે. જેને કારણે ચોમાસા સિવાયની ઋતુમાં તેમને કામ મળી રહે છે. રોજગારીની તકોની ઉજળી સ્થિતિ જોવા મળે છે.

(૭) વીજળીકરણથી કેટલાય કુટુંબોને જ્યાં કેરોસીનથી દીવાબત્તી કરતા હતા, તેમને પડતી મુશ્કેલી હળવી બની છે. તેમને કેરોસીન માટે જે દૂર સુધી ધક્કા ખાવા પડતા હતા, તેમાં રાહત થઈ છે.

(૮) વીજળીકરણથી કેટલીક જગ્યાએ સરકારશ્રી દ્વારા નવીન યોજનાઓ અમલી બની છે. જેમાં (પ્લાસ્ટીક ઉદ્યોગ) તેનાથી નાના ઉદ્યોગથી રોજગારીની તક ઉભી થઈ છે.

(૯) વીજળીકરણ પહેલાં ઘરઘંટી હાથ વડે ચલાવતા હતા. તેણે ઠેકાણે વીજળીથી ચાલતી ઘંટી થવાથી તેમને ઘરેથી દૂર સુધી કેટલાક દળાવવા જવુ પડતું હતુ અને સમય બગડતો હતો તેમાં ફાયદો થયો છે.

(૧૦) ઘંટી ઉપરાંત હલર જેવા અનાજ કાઢવાના સાધનો વીજળીથી ચાલતા કેટલેક ઠેકાણે થતાં તેમણે ફાયદો થયો છે.

(બ) **ખરાબ અસરો :**

(૧) ગામમાં જે લોકો આર્થિક રીતે સદ્ધર નથી અને ઘરોમાં વીજળીકરણ કરાયું છે તેવા વીજળીબિલ ભરી શકતા નથી. તેઓમાંના વીજચોરી કરે છે. તેમને પકડાતાં મીટર કાઢી જવાની બીકે પણ તેઓ ડરતા નથી, અચકાતા નથી. કારણકે તેઓને મીટર કાઢી લીધા પછી પણ લાઈટ ડાઈરેક્ટ કરી મળવાની છે. તેઓ મુખ્ય ડી.પી.એથી ગામના ફળિયાઓમાં અને ઘરોમાં વીજળી જે થાંભલાઓ ઉપરથી મળે છે તેના ઉપરથી તારના લંગર નાખી મેળવી લે છે.

(૨) જેઓની સ્થિતી આર્થિક રીતે સારી છે તેઓ પણ લાઈટબિલ ભરતા નથી. તેઓ કહે છે બીજા ડાઈરેક્ટ લાઈટ લઈ  લે છે. તેઓને દંડ કે કંઈ કરતું હોય તેમ લાગતું નથી, તો એમ પણ કેમ લાઈટ બિલ ભરીએ. એટલે એવા લોકોમાંના પણ વીજળી ચોરી કરીને અમે એકલા કેમ લાઈટબિલ ભરીને આવી સજા ભોગવીએ.

(૩) જે લોકો વીજળીથી ઈલેકટ્રીક મોટર ચલાવીને સિંચાઈ કરે છે તેઓ પણ વીજળીના થાંભલા વચ્ચે લાઈન જતી હોય ત્યાંથી ડાઈરેક્ટ કરીને વીજચોરી કરતા હોય છે.

(૪) આ વિસ્તારોમાં ઘણી જગ્યાએ વીજળી સપ્લાય માટેનું સબસ્ટેશન સીંગલ ફેશનું હોય છે. તેમાં થ્રીફેશનું હોતું નથી. આવી જગ્યાએથી જ્યારે ઈલેકટ્રીક મોટર જેવા વધારે લોઢવાળા સાધનો (ઘંટી) વગેરે ડાઈરેક્ટ કરીને ચલાવાય ત્યારે ફોલ્ટ થઈ વાઈરીંગ બળી જતાં હોય છે અને વીજળી પુરવઠો ખોરવાઈ જાય છે આવું વારંવાર બને છે.

(૫) વીજળી ચોરીને કારણે અને ઘણીવાર વધુ વરસાદ વાવાઝોડું હોય તેવા પ્રસંગોએ ઘણા સબસ્ટેશનોએ લોઢ વધવાથી કે અન્ય કારણે બળી જવાથી વીજળી પુરવઠો બંધ રહે છે ત્યારે  જી.ઈ.બી.ની કચેરીથી ઘણી ફરિયાદો બાદપણ રીપેરીંગ થતું નથી અને સિંચાઈ કે બીજી રીતે વીજળી માટે હેરાન થવું પડે છે.

(૬) ઘણા વિસ્તારોમાં આગળ દર્શાવ્યું તેમ લોકો ડાઈરેક્ટ કરીને વીજળી ચોરી કરતા હોય છે તેને કારણે ઘણીવાર શોર્ટસર્કીટ થવાની ઘટનાઓથી ઘરના બલ્બ, ટયુબ કે બીજા સાધનો ઉડી જાય છે અને નુકશાન થાય છે.

(૭) જેઓ વીજળીની ચોરી નથી કરતા તેઓને માથે પણ ફયુઅલચાર્જની વધારાની રકમ ભરવી પડે છે. વગર ગૂનાની સજા તેવા કુટુંબોને ભોગવવી પડે છે. જેઓ વીજળીની ચોરી કરે છે અને લાઈટબીલ પણ નિયમિત ભરતા નથી તેવા કુટુંબો કેટલેક ઠેકાણે વિશેષ જોવા મળે છે.

(૮) કેટલાય આદિવાસી વિસ્તારના ગામોમાં દા.ત. બધા જ ફળિયાઓમાં વીજળીકરણ થવા પામયું નથી, કેટલાય પેટા પરાઓ વીજળીકરણથી હજુ વંચિત રહી જવા પામ્યા છે, તેથી તેવા ફળિયાઓમાં, પેટા પરાઓના કુટુંબોને અસંતોષ જોવા મળે છે.

(૯) કેટલીક જગ્યાએ દા.ત.વીજળીકરણને કારણે સિંચાઈનો લાભ થવા પામ્યો છે. તેની સામે જે કુટુંબોને આ રીતે સિંચાઈનો લાભ મળ્યો નથી તેવો કુટુંબો અફસોસ કરતા નજરે ચઢે છે.

(૧૦) વીજળીકરણથી ભરપુર જંગલ વિસ્તારમાં કેટલેક ઠેકાણે શોર્ટસર્કીટને કારણે માણસની જાનહાની કે કરંટ લાગવાના બનાવ બને છે. કેટલીક વાર તેમના પશુઓને આવી લીલી ઝાડીને કારણે કરંટ લાગવાથી જાનહાની જેવા પ્રસંગો બને છે.

(૧૧) વીજળીકરણથી લાઈટનો ઉપયોગ વધ્યો છે પણ ખરા સમયે તેમને વીજળી મળતી નથી. ત્યારે તેમાંના ઘણા કુટુંબોના કહેવા પ્રમાણે માત્ર લાઈટબિલ ભરીને પણ ખરા સમયે વીજળી ઉપયોગી બનતી નથી, તેથી વધારાનો આર્થિક બોજો હોય તેમ લાગે છે, તેમ તેમનું કહેવું હતું.

(૧૨) કુટિર જયોત યોજના હેઠળ માત્ર એક પોઈન્ટનું કનેકશન મફત જોડી આપ્યું છે તેવા કુટુંબોના ઘણાએ વધારાના પોઈન્ટ ઉભા કર્યા છે. તેઓના કહેવા પ્રમાણે લાઈટબિલથી બિન જરૂરી આર્થિક બોજો વધારો વધવા પામ્યો છે. જેમને કુટિર જયોત યોજનાનો લાભ મળ્યો નથી, તેવા કુટુંબોને અસંતોષ છે.

(૧૩) લાઈટબિલ વધારે આવે છે તેવું ઘણા કુટુંબોમાંથી કહેવાયુ હતું. તેમાં રાહત આપવી જોઈએ કે વીજળી મફત આપવી જોઈએ, તેમ તેમનું કહેવું હતું.

(૧૪) વીજળીની ચોરી કરતાં પકડાય તો તેનું મીટર કાઢી લેવામાં આવે છે અને દંડ કરાય છે. પરંતુ કેટલીક જગ્યાએ ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરીના અધીકારીઓના કહેવા પ્રમાણે મીટર તેઓ સામેથી પણ અમારા હાથમાં પકડાવી દે છે. દંડની તો વાત

જ શી ? તેમના કહેવા પ્રમાણે મીટર કાઢી લીધા પછી પણ વીજળી ચોરીથી તેઓ વાપરવાના જ છે. આમ વીજળી ચોરી વધવા પામી છે.

**સૂચનો :**

(૧) ખેતીની સિંચાઈ માટે વિશેષ સુવિધાઓ આપવી જોઈએ જેથી વીજળીની ચોરી ડાઈરેકટ થાય છે તેમાં સુધારો થશે અને તેમાં રાહત પણ આપવી જોઈએ.

(૨) સમયસર વીજળી જરૂરિયાતમંદને મળે તેમ ગોઠવાય તો વીજળી વિશેનો જે અસંતોષ પ્રવર્તે છે તેમાં જરૂર સફળતા મળશે.

(૩) જે કુટુંબો વીજળી ચોરી કરેછે તે કુટુંબોની જો આર્થિક સ્થિતિ માટે પૂરક રોજગારીના પગલાં લેવામાં આવે તો પરિસ્થિતિમાં ફેરફાર થવાની શક્યતા છે.

(૪) વીજળીકરણમાં બાકી રહેલા કુટુંબોને પણ આવરી લઈને શક્ય હોય ત્યાં એકાદ પોઈન્ટ આપીને તેમને સંતોષ પૂરો પાડવો જોઈએ.

(૫) વીજળી માગી હોય તો સરળતાથી પુરી પાડવી જોઈએ. તેમને ધક્કા ખડવાવ્યા સિવાય કાર્યવાહી કરાય તેમ ગોઠવવું જોઈએ.

(૬) વીજળી ચોરી કરનારને સમજાવવા જોઈએ કે આપણને જ તેનાથી બિલ ભરતી વખતે સમગ્રને નુકશાન થાય છે. તેથી તેમ ન કરવા જણાવવું જોઈએ.

(૭) કેટલેક ઠેકાણે વીજળીકરણ માત્ર લાઈટ પૂરતું કરાયું છે. તેમાં ઈલેકટ્રીક મોટરથી સિંચાઈ થઈ શકે તેટલા થ્રી ફેઈશનું વીજળીકરણ જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં કરી આપીને જેટલો સમય વીજળી આપી શકાય તેટલો સમય આપીને સગવડ કરી આપવી જોઈએ. જેથી વારંવાર ફોલ્ટ થઈને વીજળી બંધ થઈ જવાના બનાવ અટકશે.

(૮) કૂવાઓ ઉપર ઈલેકટ્રીક મોટર દ્વારા સિંચાઈના સાધનો ચલાવે છે. તેઓ વીજચોરી ડાઈરેકટ વીજળીના થાંભલા વચ્ચેના વાયરો ઉપર લંગર નાખીને કરે, આવા વખતે જો તેમને વીજળીબિલ વધારે આવતું હોય તો રાહત આપીને ફાયદો કરી આપવો જોઈએ અને તેને સમજાવવું જોઈએ કે તમે આ રીતે વીજચોરી કરો જેથી વારંવાર ફોલ્ટ થાય છે અને સમગ્ર કુટુંબોને વીજળી બિલમાં વધુ લાઈટબિલ આવે અને નુકસાન થાય છે. તો તેમ ન કરવા ચેતવણી આપવી જોઈએ. સાથે સાથે સમગ્ર લોકોને તેવું જે કરતો હોય તેને ખુલ્લો પાડવા કહેવું જોઈએ.

(૯) વીજળીકરણ થયાબાદ વીજળી ચોરીના બનાવો બને છે. તેમાં આગળ દર્શાવ્યું તેમ આર્થિક સ્થિતિ અથવા વીજળી બિલ નહી ભરવાની તેવોની દાનત અને મફત વાપરવાની ટેવ. તેમાં આવા બધા કિસ્સાઓમાં જરૂર પગલાં ભરવા જોઈએ. તેનાથી સમગ્રને નુકસાન થાય છે તેવો પ્રચાર કરવો જોઈએ.

(૧૦) વીજળી ચોરી અટકાવવા માટે નવા પ્રકારનું વીજળીકરણની લાઈન નાખવા માટેની સીસ્ટમ ઉભી કરવી જોઈએ. જેમ ટેલીફોન અંડરગ્રાઉન્ડ થાય છે તેમ કરાય તો કંઈક અંશે વચ્ચેથી જે વીજળીચોરી વાયરથી થાય છે તે અટકશે.

(૧૧) કેટલેક ઠેકાણે દીવાબત્તી માટે કેરોસીન લાઈનમાં ઉભા રહીને પણ મળતું નથી, તેવા ઠેકાણે શક્ય હોય ત્યાં વીજળી આપવા બને તેટલા પ્રયત્ન કરવા જોઈએ.

(૧૨) વીજળીથી ઘંટી-હાલર ચાલે છે, તેનાથી તેમને દૂર જવું પડતુ હતું તેમાં રાહત થઈ છે. પરંતુ તેમને વીજળીનો ખર્ચ વધુ આવે છે, તો તેમાં જ્યાં શક્ય હોય ત્યાં રાહત આપવી જોઈએ.

(૧૩) વીજળીકરણથી આદિવાસી વિસ્તારોમાં પ્લાસ્ટીક ઉદ્યોગ (નાનો ગૃહઉદ્યોગ) શરૂ કરાયો છે જેથી રોજગારીની તક ઉભી થઈ શકી છે. તેવી રીતેબીજા એવા શક્ય નાના ગૃહઉદ્યોગ (ઈલેકટ્રીક સાધનોનો સ્ટોર્સ) વગેરેમાં નાણાંકીય સહાય સબસીડી આપીને કરી આપવા જોઈએ.

(૧૪) હજુ પણ શક્ય હોય ત્યાં નવા બંધાયેલા, ખોદાયેલા કુવાઓ ઉપર વીજળીના અભાવે સિંચાઈ માટેના ઈલેકટ્રીક મોટર જેવા સાધનો મૂકી શકતા નથી તો એવા કેસો શોધી કાઢીને જયાં બને ત્યાં મદદ કરી સિંચાઈની સુવિધા ઉભી કરી આપવી જોઈએ.

# ડામોર જાતિ તપાસ અહેવાલ

- બચુભાઈ બરંડા

મેઘરજ, માલપુર તાલુકાની પૂર્વપટ્ટી અને લુણાવાડા તાલુકાની પૂર્વપટ્ટી તેમજ સંતરાપુર તાલુકાની ઉત્તર-પશ્ચિમે વસવાટ કરતી ડામોર જાતિ અને તેની સાથે સંકળાયેલી જુદી જુદી પેટાજાતિઓ ખરેખર આદિવાસી છે કે કેમ? તે અંગેની જાણકારી માટે નિર્દેશીત ત્રણે તાલુકાને ધ્યાનમાં લઈ એક અભ્યાસ, કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. તેની ભૂ-ભૌતિક, સામાજિક અને આર્થિક વિગતોની ચકાસણી કરીને આ જાતિ અંગેનો સ્પષ્ટ અહેવાલ અહી દર્શાવવામાં આવ્યો છે. ખરેખર ઉપરોક્ત દર્શાવેલ વિસ્તારોમાં ડામોર વસ્તી અને તેની પેટાજાતિઓ 'બક્ષીપંચ' સૂચિત જુદી જુદી જાતિઓનો એક ભાગ છે, તે પ્રત્યક્ષ મુલાકાતથી સ્પષ્ટ તરી આવે છે. તેની કેટલીક વિગતો અહિં ટૂંકમાં દર્શાવવામાં આવી છે જેની તાલુકાવાર માહીતી અહિં દર્શાવવામાં આવી છે.

લુણાવાડા તાલુકાના હાલના ખાનપુર તાલુકાની અંદર ડામોર, માલીવાડ, બારીયા, ખાંટ, સંગાડા, વાઘડીયા, પારધી, બોડાત, દામા, મછાર વગેરે એ કોઈ અલગ જાતિ નથી પણ ઠાકોર, ઠાકરડા જાતિનું એક ગોત્ર ગણાય છે. સામાન્ય રીતે જોવા જતાં ઠાકોરોમાં જે ગોળ છે તે રાજપૂત જાતિનાં છે. આ બધી કોમો ખમીરવંતી અને ઘણા ગુણો સમાન ધરાવે છે. આ જાતિઓમાં શિક્ષણ-ધંધા રોજગાર ઓછા હોવાના કારણે ગરીબીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. ખાનપુર વિસ્તારના અલગ અલગ ગામોમાં પેઢીઓ પહેલાં આવીને વસવાટ કર્યો હોય અને પોતાનુ કુળ બદલીને રહ્યા હોય તેવુ લાગે છે. આ વિસ્તારમાં ડામોર, મચ્છાર, બારીયા, ખાંટ આમ બધી જ જાતિઓ એક કુળ તરીકે ઓળખાય છે. એક જ કુળના તથા એક જ બાપનો વસ્તાર (વંશ) મનાતો હોવાથી કન્યા બીજા કુળમાંથી લાવવામાં આવે છે.

ડામોર જાતિનો વિસ્તાર આંકલીયા, ટીંગરવાડા, બુચાવાડા, રણકપુર, અમથાણી, ખાનપુર, મેણા, કારંટા, પઢારા, સરસવા ઉત્તર, ખરોડ, સરસડી, મોટીરાંટ, નાનીરાંટ, પડાદરામોટા, બચકટીયા વગેરે ગામોમાં આ જાતિના લોકો રહે છે. તેઓ ખેતી, ખેતમજૂરી, બહારગામ અમદાવાદ, વડોદરા, સુરત વગેરે શહેરોમાં જઈને રોજગારી મેળવે છે. મોટાભાગે મકાઈ, અડદ, તુવર, ઘઉં, ચોખા, કપાસ જેવા પાકો પકવે છે. તેઓ પરિપકવની ઉંમરે જ લગ્ન કરે છે. દહેજમાં ખાસ કંઈ નથી તેમ જણાવે છે. લગ્ન, મરણ, રીતરિવાજો રાજપૂત સમાજને અને હિંદુધર્મ પ્રમાણે તેઓ વિધિ કરે છે. પહેરવેશ સાદો છે.

માલપુર તાલુકાની અંદર ડામોર જાતિ અંગે વિગતો મેળવતાં તેમના સામાજિક વ્યવહારો મોડાસા, બાયડ, માલપુર, સંતરામપુર, લુણાવાડા, ખાનપુર તથા રાજસ્થાનના વિસ્તારમાં કરતા હોવાનું જણાવે છે. આ જાતિમાં પગી, પટેલીયા, ખાંટ, ડામોર, તરાળ,

બામણિયા, બારિયા, પાંડોર, મકવાણા, ભગોરા, મછાર, તબિયાડ, કોટવાળ વગેરે પેટાજાતિઓ ધરાવે છે. આ જાતિમાં સમાજનું ગોળ જેવુ નથી. આ જાતિની વસ્તી હેલોદર, રંભોડા, કાટકૂઆ, વાંકલીયા, લાલપુર, સખવાણિયા, ભેમપુરા, કિડીયાઝ નવા, આંબલીયારા, ખેતવાડા, વાંકાનેરા, મંગલપુર, પીપરાણા, ડબારણ, ઓઢા, પાડિયા, ધીરાખાંટના મુવાડા, ટુનાદર વગેરે ગામોમાં જોવા મળે છે. આ જાતિમાં ગોળ ન હોવાના કારણે સામાજિક તથા આર્થિક અને ખેતીવિષયક ખાનપુર વિસ્તારના જેવી જ જોવા મળે છે. લગ્ન-પહેરવેશ તથા અન્ય રિવાજો સરખા જેવા છે. ખોરાક, રહનસહન અને શૈક્ષણિક વગેરે સ્તરે વિશેષ ફેર જોઈ શકાતો નથી. તેઓની બધી જ વિધિ હિંદુ સમાજ પ્રમાણે કરે છે.

મેઘરજ તાલુકાની અંદર ડામોર જાતિ અંગે ક્ષેત્રકાર્યના અનુસંધાને મેઘરજ ૮૪ ગોળ, ઈસરી ૧૨ ગોળ, શણગાલ ૫૨ ગોળ. આ તાલુકામાં મોટાભાગે વસ્તી ઠાકોર, ઠાકરડા કે ડામોર જાતીના પેટાજાતિની જોવા મળે છે. આ બધા જ ગામોમાં ખાંટ, પગી, બરંડા, અસારી, મકવાણા, તરાળ, ચૌહાણ કટારા, ગોધા, પાંડોર, ભગોરા, ફણેજા, હાલૈયા, દામા, રાઠોડ, કોટવાળ, ખોખર, બામણિયા, મોડિયા, ઘોરી વગેરે પેટા જાતિ-અટકો ધરાવતા જોવા મળે છે. નવાગામ, જીતપુર, જેઠોલા, વસાઈ, જલાઈ, પાણીબાર, ખુમાપુર, ભાઠીયા, કંથારિયા, ખાખરિયા, શણગાલ, કુડોલ, હઠીપુરા, કોલુન્દ્રા, મહુડી, જેરિયાવાડા, છાપરાં, મોતીપુરા, સિસોધરા, ગોઢ, ઘાંટા, દહેગામડા, ગેડ, ધોળાપાણા, નાથાવાસ વગેરે ગામોમાં આ જાતિના લોકો રહે છે. અહિંના આ જાતિના વ્યવહારો ઉપર દર્શાવ્યા પ્રમાણે જ છે. ખાસ કરીને સમગ્ર ડામોર જાતિની અટકો, કુળ, રિવાજો, અર્થવ્યવસ્થા તથા જીવનપદ્ધતિનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે તેઓ રાજપૂત સમાજના વંશજ જણાઈ આવે છે. ગોત્ર તથા દેવ-દેવી તથા લગ્ન-રિવાજો પણ રાજસ્થાનમાં વસેલા બક્ષીપંચ ગણાતા તેઓના સમાજમાં જ કરતા હોવાનું જણાવે છે. કાળક્રમે તેઓની પાસે આજીવીકા કમાવા માટે થોડી જમીન હોવાથી બહાર જઈને ખેતમજૂરી, ભાગેખેતી, નોકર તરીકે, હોથ ઉપર કામ કરવુ, દૂરના શહેરોમાં જઈ મજુરી કરવી, પાણી-સિંચાઈ છે ત્યાં ખેતી તથા પશુપાલનનો વ્યવસાય કરે છે.

તેમના પહેરવેશમાં પુરુષ ધોતી-ખમીશ, બુશર્ટ અને માથે રૂમાલ બાંધે છે. હાલમાં યુવાનો પેન્ટ, શર્ટ પહેરે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો, બ્લાઉઝ વગેરે પહેરે છે. તેઓના લગ્ન મનપસંદગીના પૂર્ણ ઉંમરે કરે છે. દહેજની પ્રથા ખાસ નથી. તેઓની સમગ્ર પરિસ્થિતિનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે તેઓને બક્ષીપંચમાં જ સમાવેશ કરી શકાય. તેઓને આદિવાસી એટલે કે અનુસૂચિત જનજાતિમાં સમાવી શકાય નહી. આમ બંને જાતિઓ વચ્ચે ઘણો જ તફાવત હોવાનું જાણવા મળે છે.

ઉપરોક્ત દરેક વિસ્તારોમાં આર્થિક રીતે તેમના પ્રશ્નોમાં સામ્યતા જોવા મળી છે.

જેવી કે ખેતીની સમસ્યા, અપૂરતો વરસાદ, સિંચાઈનો અભાવ, સુધારેલ ખેતઓજારો, બિયારણોનો ઉપયોગ, નબળી આર્થિક પરિસ્થિતિના લીધે નહિવત ઉપયોગ, ઓછું શિક્ષણ, સામાજિક અને આર્થિક રીતે પછાતપણાના કારણે વિસ્તાર અને વસ્તી અલ્પવિકસીત જોવા મળે છે. આ પરિસ્થિતિ ખાનપુર વિસ્તાર, સંતરામપુરનો પશ્ચિમ વિસ્તાર અને માલપુર-મેઘરજનો પૂર્વ- પશ્ચિમ - ઉત્તર પટ્ટીનો કેટલાક ભાગમાંઆ પ્રકારની વિસમ પરિસ્થિતિ જોવા મળે છે.

આ પરિસ્થિતિમાંથી આ વિસ્તારના લોકો માટે સિંચાઈની સુવિધા, સારા બિયારણો સુધારેલા ખેતઓજારો, શિક્ષણની સુવિધાનો વિકાસ કરવામાં આવશે તો વિકાસ આપોઆપ થશે એમ જણાય છે.

# દુષ્કાળગ્રસ્ત વિસ્તારના આદિવાસીઓની સ્થિતિ (ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારના ગામો)

અહેવાલ લેખન : બચુભાઈ બરંડા અને કાન્તિલાલ ડા. મકવાણા
સારલેખન : કાન્તિલાલ ડા. મકવાણા

ગુજરાત રાજસ્થાન સહિત દેશના અન્ય ભાગોમાં બે હજાર સાલના દુષ્કાળમાં આશરે ૫ કરોડથી વધુ લોકો દુષ્કાળગ્રસ્ત બન્યા છે. ગુજરાત રાજ્ય અછતની ગંભીર સ્થિતિમાં મુકાયું. આદિવાસી વિસ્તારોમાં દુષ્કાળની પરિસ્થિતિએ ભરડો લીધો છે. મૂંગાઢોર માટે ઘાસચારો નથી. લોકોને પીવા માટે પાણી નથી, આઠ-દસ કિલોમીટર દૂરથી પાણી લાવવું પડે તેવી પરિસ્થિતિ કેટલાયે ગામોમાં છે. પીવા માટેનું પાણી મેળવવા આંખમાં પાણી આવી જાય છે. પાણી-ઘાસચારો અને રોજી-રોટીના અભાવે હીજરત શરૂ થઈ ત્યારબાદ રોજીરોટી માટે રાહત કામો શરૂ કરવામાં આવ્યાં. વર્તમનપત્રોમાં આવ્યા મુજબ ભુખમરાના કારણે પોશીના વિસ્તારમાં બે આદિવાસીઓના મુત્યુ થયા (જયહિંદ વર્તમાનપત્ર ૨૬,૨૭ એપ્રિલ ૨૦૦૦) ત્યારે સમગ્ર આદિવાસી સમાજ ક્ષુબ્ધ થઈ ગયો અને રાજયંતંત્ર ખળભળી ઉઠ્યું ત્યારપછીના રોજબરોજના દૂરસંચારના માધ્યમો, જાહેર સમાચાર પત્રોના રિપોર્ટરો, ટેલીવિઝનની ચેનલો, વિવિધ પક્ષોના નેતાઓ, સામાજિક કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાના સંગઠનો સદીના આ કારમા દુષ્કાળની સ્થિતિથી લોકોને વાકેફ કરવા લાગ્યા. આવા સંજોગોમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર આદિવાસીઓની સમસ્યાઓ અને તેના વિકાસ પર કામ કરતું હોવાથી દુષ્કાળગ્રસ્ત એક વિસ્તાર કેન્દ્રમાં રાખીને નિયામકશ્રીએ દુષ્કાળગ્રસ્ત આદિવાસીઓની પરિસ્થિતિના ચિત્રનો અભ્યાસ માટેનું સૂચન કર્યુ. આ સુચનના અનુસંધાને સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના પોશીનાથી અંદરના ગામોમાં રહેતા આદિવાસીઓની સ્થિતિ વિષે આ અભ્યાસ કરવામાં આવેલો છે. જેના મુખ્ય હેતુ નીચે પ્રમાણે છે.

(૧) આદિવાસી કુટુંબો કે જેઓ સામાજિક, આર્થિક સમસ્યાઓથી પીડાય છે તેઓ દુષ્કાળથી વિશિષ્ટ સ્થિતિમાં શું કરે છે? શું વેચે છે? શું ગુમાવે છે ? અને શું મેળવે છે તે જાણવું.

(૨) દુષ્કાળગ્રસ્ત સ્થિતિમાં અછત બધા જ પ્રકારની ઉદ્‌ભવે છે. પરંતુ તે ખાસ પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાણી, ખોરાક, રહેઠાણ, પશુ માટે ઘાસ વગેરેની અછતની તિવ્રતા તપાસવી.

(૩) આવી સ્થિતિને પહોંચી વળવા તાત્કાલિક શું થઈ શકે તથા તેનો કાયમી ઉકેલ શું હોઈ શકે તે માટેના કટોકટીનું વ્યવસ્થાપન કરવા માટેનું સંસ્થાગત માળખું તૈયાર કરવું.

(૪) દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં તપાસ શરૂ કરતા પહેલા પોશીના વિસ્તારમાં ભૂખમરાથી મૃત્યુ થયું છે તેની સત્યતા તપાસવી.

(૫) આ પરિસ્થિતિની સમગ્ર માનવજીવન ઉપર કેવી અસર પડે છે તેનાથી કેવા કેવા ફેરફારો નોંધાય છે તે જાણવા.

દુષ્કાળની વિષમ પરિસ્થિતિનો સામનો કરવા આદિવાસીઓના જીવનમાં કેવા કેવા આઘાતો સહન કરવા પડે છે તે જાણવા અને જોવા માટે આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને સાબરકાંઠા જિલ્લામાં આવેલ ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારના રાહતકામો ચાલતા હતા તેવા ગામો જેવા કે આંબામહુડા, કાજાવાસ, ગંછાલી, છોછર, ઉંબરવા, સેબંલીયા, નાની આંજણી, કાલીકાંકર, ઝંઝણાટ, કલસાવર વગેરે ગામોને અભ્યાસમાં આવરી લીધા હતા.

કાલીકાંકરગામના આગેવાનો, વડીલો સાથે તથા દેલવાડાના ડૉ. મકવાણા અને સ્થાનિક વેપારી આગેવાનો જોડે દુષ્કાળની સ્થિતિ વિશે તથા ભૂખમરાથી ખરેખર કેવી રીતે મૃત્યુ થયુ તેની માહિતી મેળવીને નોંધ કરવામાં આવી હતી. આ કારમા દુષ્કાળમાં કાલીકાંકર અને સેંબલીયા મુકામે ભૂખમરાથી જે બે પુરુષ તથા બાલીકાનું મૃત્યુ થયુ તે કુટુંબોની રુબરુ મુલાકાત લેવામાં આવી ત્યારે ઘરમાં સામાજિક રિવાજ મુજબ રડારોળ અને ચીસાચીસનું ડઘાઈ જાય તેવું ચિત્ર એટલે કે કાળજુ પણ કંપી જાય તેવું લાગણીશીલ દ્રષ્ય ઉભુ થયું હતું.

**અભ્યાસના તારણો :**

(૧) ભૂતકાળમાં પાણીની અછતવાળા આદિવાસી વિસ્તારો છે ત્યાં ટયૂબવેલ, બોરીંગ, સબમર્શીબલ મોટર જેવી આદિવાસીના આર્થિકગજામાં બિલકુલ બહારની સિંચાઈ સાધનોએ આ વિસ્તારની આર્થિક પાયમાલી નોતરી રહ્યા છે. આ સાધનોને બદલે એને પોષાય તેવા એની ગજાબહારનો ન હોય એવો અને અનુકૂળ આવે એવાં સાધનોનો ઉપયોગ એ વિસ્તારમાં પ્રચલીત બને. દા.ત. સારણી પદ્ધતિ અને જેમાં લોખંડના એકપણ ખીલાનો ઉપયોગ ન થયો હોય એવી રહેંટની પદ્ધતિએ પોશીના - વિજયનગરની આદિવાસી પટ્ટીની સિંચાઈક્ષેત્રની આગવી લાક્ષણિકતાઓ છે.

(૨) ગુજરાતને છેલ્લા કેટલાક દાયકાઓમાં ન જોયો હોય તેવો સતત ત્રીજા વર્ષમાં લંબાયેલા દુષ્કાળનો સામનો કરવાની પરિસ્થિતિ તેની સામે આવી પડી છે. આ પરિસ્થિતિ સામે અછત રાહતનું તંત્ર, કેન્દ્ર, રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામકક્ષાએ સૈદ્ધાંતિક દ્રષ્ટિએ તો ઠીક ઠીક અસરકારક કહી શકાય એવું ગોઠવાયુ છે પણ પ્રત્યક્ષ વ્યવહારમાં તેના અમલીકરણમાં અનેક કક્ષાએ કેટલીક ગંભીર ક્ષતિઓ જોવા મળે છે.

(૩) મોજણી દરમ્યાન માપમાં બનાવટી ગેંગો દ્વારા ગેરરીતિઓ થતાં હોવાની ફરિયાદો મજૂરો તરફથી કરવામાં આવી હતી. મસ્ટર કારકુનને તેમજ સર્વેયરને ગેંગદીઠ પૈસા આપવા પડતા હોવાની ફરિયાદ પણ થઈ હતી.

(૪) આ ત્રીજા દુષ્કાળમાં ભૂખમરાથી માનવનું મૃત્યુ થયુ અને પશુધનના ઠીક ઠીક પ્રમાણમાં ખુવારી થઈ છે. ગયા વરસે ભૂખમરાથી અને રોગચાળાના કારણે તપાસ હેઠળનાં ગામોમાં થયેલી ખુવારીના આંકડાઓ અગાઉ આપણે જોઈ ગયા છીએ તે પ્રમાણે પ્રમાણ ઉંચુ છે તેમ કહી શકાય.

(૫) યુદ્ધના ધોરણે હેન્ડપંપો રીપેર કરાવી ચાલુ કરાવવા જોઈએ. ધોમધખતા તાપમાં મોટાભાગના રાહતકાર્યો ઉપર છાંયડાની વ્યવસ્થા જોવા મળતી નહતી.

(૬) અરવલ્લીની હારમાળામાં રહેતા આ આદિવાસીઓ મજૂરી કરવા માટે કેટલાએ કિલોમીટર દૂરથી રાહતકામ કરવા આવતા હતા.

(૭) તેઓના ઘરનાં બાળકો, વૃદ્ધો અને પશુ માટે પીવાનું પાણી અને રહન-સહન કરવામાં ઘણી તકલીફ પડતી હોવાનું ગણાવતા હતા. તો કેટલાક નાના બાળકોને સાથે રાખીને ધમધોખતા તાપમાં મજૂરી કરતા જોવા મળ્યા હતા.

(૮) પહાડી પ્રદેશમાં જ્યાં રાહતકામ ચાલતુ હોય ત્યાં પાણીની વ્યવસ્થા હોતી નથી, કામ ચાલે ત્યાં આગળ પાણી મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**સૂચનો :**

(૧) રાજ્ય સરકારે સામાજિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનો અને રાજકીય પક્ષોનો સાથ સહકાર લેવો જોઈએ. રાજકીય પક્ષોએ મતભેદો, રાજકારણ બાજુ પર મૂકીને આ ભગીરથ કાર્યને પહોંચી વળવા સરકારને પૂરો સહકાર આપવો જોઈએ. આ ઉપરાંત સરકારે પણ પક્ષીય વલણનો ત્યાગ કરીને રચનાત્મક અભિગમ અપનાવવો જોઈએ.

(૨) છાંયડાની વ્યવસ્થા રાહતકાર્ય ઉપર કરવી જોઈએ.

(૩) સરકારશ્રીએ ચણા, ગોળ, સુખડીની વ્યવસ્થા કરેલી હોવા છતાં મળતુ ન હોય ત્યાં પોષક આહાર માટેનો નિયમિત જથ્થો રાહતકામ પર પહોંચે તેવી વ્યવસ્થા ખાસ કરવી જોઈએ.

(૪) દરેક ગામમાં બાલવાડી, આંગણવાડી રાખેલી છે ત્યાં નાનાં બાળકોને રાખવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૫) દુષ્કાળની શરૂઆત થાય કે તરત જ રાહતકામગીરી શરૂ કરવી જોઈએ જેથી માણસોનો જીવ બચી શકે અને પશુઓના જીવ પણ બચી શકે.

(૬) રાહતકામો વરસાદ આવે કે તુરત બંધ કરવામાં આવે છે તેના બદલે વરસાદ આવ્યા બાદ એકાદ માસ ચાલુ રાખવામાં આવે તો ખેતર માટેનું બિયારણ લાવી શકે, સારા પાકની વાવણી થઈ શકે, બાળકોને શાળાએ મોકલી શકાય, પશુઓને ઘાસચારો આપી શકાય અને પોતાના ઘરનું પુનઃસ્થાપન સારી રીતે કરી શકે.

(૭) કૂપનોમાં થતા ગોટાળા બંધ કરવામાં આવે, સત્વરે અનાજના સ્વરૂપમાં થતી ચૂકવણી ચાલુ કરવી જોઈએ. દા.ત. આંધ્રમાં ચોખા, તેલ સાથે રાહતના ભાવે કપડું વગેરે અપાય છે. તેવી વ્યવસ્થા અહી પણ રાહતકામોમાં મજૂરો માટે થઈ શકે.

(૮) રાહતકાર્ય કામદારોનું શોષણ ન થાય, છેતરાય નહીં તેમના કામની માપણીના કાર્યને સમજતા થાય અને જાતે માપતા અને ગણત્રી કરતા થાય તેવા વર્ગોનું તેમજ જાગૃતિ આણવાનું પણ આયોજન થઈ શકે.

# વન ઔષધ મૉડલ ફાર્મ

લેખક : જસવંતસિંહ રાઠોડ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસીઓના વિવિધ પાસાઓના સંશોધન લેખો તૈયાર કરવામાં આવતા હોય છે. સાથે સાથે વિકાસલક્ષી યોજનાઓ દ્વારા વિકાસને લગતા વિવિધ પાસાઓના પણ અભ્યાસો કરવામાં આવે છે, સાથે તેમનામાં પડેલી કેટલીક પરંપરાઓના અભ્યાસો દ્વારા તેમની સાંસ્કૃતિક ઘરોહરનો ખ્યાલ મેળવાય છે, આદિવાસીઓમાં પરંપરાગત વનઔષધના અભ્યાસો કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યા. આ અભ્યાસો થયા પછી ખ્યાલ આવ્યો કે આદિવાસીઓમાં પરંપરાગત વનઔષધની જાણકારીનો ખજાનો છે, તેમનામાં માન્યતા છે કે દરેક ઝાડ, પાન કોઈને કોઈ "વંશી" ઔષધ છે. જન્મ પહેલાંથી મૃત્યુ સુધીમાં થતા દરેક રોગની દવા આ જાણકાર પ્રજા પેઢીઓથી કરતી આવી છે. પણ આ જાણકારી દિવસે દિવસે નષ્ટ થતી ચાલી છે. તેના કારણોમાં ગોપનિયતા, જંગલનો નાશ, મોટા બંધો તથા મહાકાય પ્રોજેક્ટો વગેરેને કારણે જંગલ દિવસે દિવસે ઓછા થતા જાય છે. સાથે સાથે આ અમૂલ્ય વારસો પણ વિસરાતો જાય છે. તેના રખ રખાવ કે ઉત્પાદકીય પ્રવૃત્તિનો ભાગ ન હોવાથી જંગલ નાશના સાથે તેનો પણ નાશ થાય છે. જાણકાર વ્યક્તિઓ કે જેઓ વનઔષધ આપે છે તેઓ દર્દીને સેવાભાવથી આપે છે તેના બદલામાં કંઈપણ પ્રકારનું મહેનતાણું ચાર્જ લેવામાં આવતો નથી. સેવાના ભાવથી કરવામાં આવતા આ કામે જાણકાર વ્યક્તિને પ્રતિષ્ઠા આપી છે પણ તેનાથી તેના કુટુંબના કે તેના જીવનધોરણમાં કોઈ ફેર થયો હોય તેવું જોઈ શકાતું નથી. ગમે તેટલું જાણતા હોય તો પણ તેની પાસે તેનો કોઈ દાવો કે હક્ક ભોગવી શકતો નથી. આના કારણે વનઔષધ તરફ માન હોવા છતાં ઉદાશીનતા જોવા મળે છે. તેના માટે તે કંઈપણ કરી શકતો નથી, જ્યારે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી તેના હક્કો હડપ કરવાની હોડમાં પડી છે. તેવા સમયે આ પેઢી દર પેઢીની જાણકારી તેમજ નષ્ટ થતા વનઔષધને બચાવવા તેમજ તેની જાણકારી આમ જનતા સુધી પહોંચે સાથે સાથે ઉત્પાદક તેની સાચી કિંમત સમજાય અને તેનો લાભ તેને મળે તે અત્યંત જરૂરી છે. આજના આધુનિક યુગમાં પણ વનઔષધનું મહત્વ ઘટેલું જોઈ શકાતું નથી. દુનિયાના લોકો પાછા નેચરલ થેરાપી તેમજ આયુર્વેદિક પદ્ધતિ તરફ આકર્ષાયા છે, કારણકે વનઔષધમાં કોઈ આડ અશર નથી તેમજ દરેકે દરેક પ્રકારના રોગની દવા આ વનઔષધમાં ઉપલબ્ધ છે. આમ વનસ્પતિ એ જીવન છે તેની ઉપયોગીતા યોગ્ય રીતે

થાય તેમજ તેની ઉપયોગીતાની જાણકારી દરેક વ્યક્તિ સુધી પહોંચે તો તેના પ્રત્યેનો ભાવ બદલાય સાથે સાથે તેની ઉપયોગીતા વધે નિરામય સમાજ અને વિકાસ થાય, જાણકારીના અભાવે નષ્ટ થતી વનઔષધ તેમજ જે જંગલ અને પહાડોમાં વસવાટ કરતા સમાજો છે કે જેમની પાસે વત્તાઓછા પ્રમાણમાં જંગલ અને જમીન છે તેઓને યોગ્ય લાભ આપી શકાય, આર્થિક રીતે નબળા કુટુંબોને આર્થિક લાભ પણ પહોંચાડી શકાય. તેમજ નષ્ટ થતો અમૂલ્ય વારસો ટકાવી શકાય. આજે દેખાદેખી અને ત્વરિત લાભથી આકર્ષિત થઈ પ્રજા ઘણી હાડમારી ભોગવી રહી છે પણ સામાન્ય તેમજ અસામાન્ય રોગની દવા તેની સમક્ષ પડેલી હોય છે. તેના ઉપયોગની જાણકારી તેની પાસે હોતી નથી. તેથી તેને ઘણીવાર પૈસા અને આરોગ્ય બન્ને ગુમાવવા પડે છે. આધુનિક વિજ્ઞાન સામે પડકાર નથી પણ ઘરઆંગણે થતી વનસ્પતિ દ્વારા જો આરોગ્ય સચવાતું હોય તેની કોઈ આડ અસર ન હોય તો તેનો ઉપયોગ કરવામાં કંઈ ખોટું પણ નથી. વળી આ કોઈ નવી વસ્તુ નથી તે જેના માટે શંકા કુશંકા પેદા થાય. આ તો આપણો જુનો વારસો છે, જેને ટકાવવાનો છે. લોકજાગૃતિ વધે વનઔષધિની જાણકારી વધે, લોકો વધુ ને વધુ તેનો ઉપયોગ જાણે, તેનું મહત્વ સમજે અને તેમાંથી આરોગ્યની સાથે સાથે આર્થિક લાભ પણ મેળવી શકે કે હેતુને ધ્યાનમાં રાખી દરેક ખેડૂત કે બીનખેડૂત શહેરી કે ગ્રામીણ સંગઠન કે સંસ્થા, તેમજ સરકાર અને અર્ધસરકારી સંસ્થાઓ, તેમજ દરેક રસ ધરાવતી વ્યક્તિઓને પણ આ અમૂલ્ય વારસો ટકાવવાની પ્રેરણા મળે એ ઉદેશ્યથી આ એક અલ્પ પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે દરેકને માટે ખરેખર ઉપયોગી અને ભવિષ્યની પેઢીઓ માટે માર્ગદર્શક તેમજ નવી દિશા ખોલનાર બની રહે તેવા ઉદેશ સાથે 'મૉડલ ફાર્મ'નો વિચાર આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિમાં લેવાયો તેના ભાગરૂપે આ અહેવાલ તૈયાર કરાયો છે.

આ અભ્યાસમાં વનઔષધના મૉડલને ધ્યાનમાં રાખી આમ જનતા તેનો વત્તાઓછા પ્રમાણમાં ઉપયોગ કરી શકે તેમજ તેની જાણકારીમાં સતત વધારો થઈ શકે, જાતે પોતાનો વૈદ્ય થઈ શકે તે હેતુને ધ્યાનમાં લઈ આ અભ્યાસમાં સમાવેલ મુદાઓ નીચે પ્રમાણેના છે.

(૧) ભૌગાલિકતા જેમાં જમીન, જંગલ, ખેડાણલાયક જમીન, પડતર જમીન, ખરાબાની જમીન વગેરે.

(૨) વનઔષધનું મહત્વ.

(૩) હાલમાં મળતી વનઔષધનું પ્રમાણ.

(૪) વનઔષધના પ્રકાર - ઝાડ, છોડ, વેલ.

(૫) બારેમાસ મળતી વન ઔષધ સિઝન પ્રમાણે મળતી વન ઔષધ.

(૬) વિસ્તાર પ્રમાણે મળતી વન ઔષધ. લુપ્ત થતી વન ઔષધના પ્રકાર અને પ્રમાણ. લુપ્ત થવાના જવાબદાર કારણો.

(૭) કૃષિક્ષેત્રમાં લાવી શકાય તેવી વનઔષધ.

(૮) જંગલ કે વનઔષધ ફાર્મમાં કે ઔષધ ઉદ્યાન દ્વારા સાચવી શકાય તેવી વનઔષધો.

(૯) ઘર આંગણાની વનઔષધો, ગેલેરી, ધાબુ, ઘરની આજુબાજુની ખુલ્લી જમીનમાં ઉગાડી શકાય તેવી ઔષધ.

(૧૦) વેપારી ધોરણે ઉત્પાદન કરી શકાય તેવી વનઔષધ.

(૧૧) મૉડલ ફાર્મ

વગેરે વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી મૉડલ ફાર્મનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. પ્રસ્તુત અંભ્યાસમાં નીચે પ્રમાણે પ્રકરણીકરણ કરવામાં આવ્યું છે.

(૧) પ્રાસ્તાવના

(૨) વનઔષધનું મહત્વ

(૩) ગુજરાતમાં મળતી વનઔષધ

(૪) મૉડલ ફાર્મ

(૫) મૉડલ ફાર્મના ઔષધિવૃક્ષો અને ગુણધર્મ (મોટા વૃક્ષો)

(૬) મૉડલ ફાર્મના ઔષધિવૃક્ષો અને ગુણધર્મ (મધ્યમ વૃક્ષો)

(૭) મૉડલ ફાર્મના ઔષધિવૃક્ષો વેલ અને તેના ગુણધર્મ

(૮) મૉડલ ફાર્મના છોડ અને વર્ષાયુ છોડના ગુણધર્મ

# મારવાડીભીલ / માજીરાણાભીલને અનુસૂચિત જનજાતિમાં સમાવવા અંગે તપાસ

- ચંદ્રકાન્ત ઉપાધ્યાય

રાજ્યમાં મારવાડીભીલ અથવા માજીરાણાભીલની વસતિ અમદાવાદ, દહેગામ, રખીયાલ, રાયપુર, મહેમદાવાદ, નડિયાદ, કપડવંજ, માતર, લીંબાચી, પેટલાદ, તારાપુર, ખંભાત, ટીંબા, સેવાલીયા, ગોધરા, ભરૂચ, રાજપીપળા, અંકલેશ્વર, ડભોઈ, વડોદરા, આણંદ, ખેડા, ધોળકા, બાવળા, ધંધુકા, વીરમગામ, હારીજ, પાટણ, વિસનગર, મહેસાણા, વિજાપુર, સિદ્ધપુર, ડીસા, ધાનેરા, વાવ, થરાદ, રાધનપુર, ગાંધીનગર, ઈડર, કઠલાલ, ખેડબ્રહ્મા, ગળતેશ્વર, અંબાજી ઉપરાંત કચ્છ-સૌરાષ્ટ્રના કંડલા, ગાંધીધામ, ભૂજ, જામનગર, પોરબંદર, વેરાવળ, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વઢવાણ, મોરબી, મહુવા અને શિહોરમાં છે.

**પ્રસ્તુત પ્રશ્ન :**

રાજ્યમાં વસતા મારવાડીભીલ / માજીરાણાભીલએ મૂળ તો ભીલ કુટુંબો જ છે. જેમાં કેટલાક કુટુંબો મારવાડ-રાજસ્થાનથી આવ્યા તે મારવાડીભીલ તરીકે અને જે કુટુંબો મહારાણા પ્રતાપ સાથે લડાઈમાં હતા તેઓ પછીથી માજીરાણા તરીકે ખોળખાયા, એટલે એક બાબત તો બહુ સ્પષ્ટ જ છે કે, આ કુટુંબો મૂળ ભીલ કુટુંબો છે. પરંતુ તેમના પેઢીઓ પહેલાના વસવાટને ખ્યાલમાં રાખીને પ્રાદેશિક રીતે તેને મારવાડી કે માજીરાણા તરીકે ઓળખવામાં આવ્યા હતા. સંશોધન અભ્યાસોના અમારા અભ્યાસો અને તારણો દ્વારા એક નક્કર વાસ્તવિકતા જણાવીએ તો "આદિવાસીઓ માટે સાંસ્કૃતિક સીમારેખા (બોર્ડર) છે, ભૌગોલિક નહીં" અને એ રીતે કોઈ કારણસર સ્થળાંતરિત થઈ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવાથી જ્ઞાતિ/ જાતિમાં ફેર પડતો નથી. દા.ત.જ્ઞાતિ વ્યવસ્થાની કોઈ વ્યક્તિ ભારતના કોઈ રાજ્યમાં જાય તો તેની જ્ઞાતિના દરજ્જામાં કે ઓળખમાં ફેર પડતો નથી. તો એ રીતે આદિવાસી કુટુંબની કોઈ વ્યક્તિ એક રાજ્યમાંથી બીજા રાજયમાં જવાથી આદિવાસી મટી જતા નથી. અહીં પણ પ્રશ્ન એ છે કે, કેટલાક કુટુંબો સ્થળાંતરિત થઈને આવ્યા તે સમયે જાગૃતતાનો અભાવ કે જાણકારી ન હોવાને કારણે કોઈ માંગણી ન કરી, પરંતુ ધીમે ધીમે શિક્ષણ વધ્યું, તેમજ પોતાના જ ભાઈઓ, કુટુંબીઓ, સગાં-સંબંધી કે જેઓ રાજ્યમાં અન્ય સ્થળે વસવાટ કરે છે કે અન્ય શહેરોમાં વસે છે તેવા ઘણા કુટુંબોને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો મળ્યા છે. જયારે કેટલાક કુટુંબો આનાથી વંચિત છે. જયારે વિકાસ યોજનાઓને વિસ્તૃત પાયા પર અને નીચેના સ્તરે

લઈ જવાની જે નેમ છે તેમાં કેટલાકને લાભ ન મળતા, તેઓ દ્વારા જાણકારી મેળવતા જણાયું કે કોઈ કારણસર અમે આદિવાસીમાં ગણાતા નથી તેથી આ પરિસ્થિતિ સર્જાઈ છે અને એથી તેઓનો પણ આદિવાસી સમાજમાં સમાવેશ થાય તેવી માંગણી કરી છે.

ટૂંકમાં આ જાતિના શબ્દ પરથી એક બાબત તો સ્પષ્ટ છે જ કે આ ભીલ કુટુંબો છે, પરંતુ તેની ઓળખ માજીરાણાભીલ/ મારવાડીભીલ તરીકે થવા લાગી છે.

**ગોત્ર :**

આ સમાજના અભ્યાસ દ્વારા કુલ ૫૩ અટકો ગોત્ર જોવા મળ્યા હતા જેમાં મે, ધુડીયા, ડગળા, કાલમા વગેરે ગોત્ર આદિવાસી સમાજમાં જોવા મળતા ગોત્રો સાથે મળતા આવે છે.

**ભૌતિક સગવડ :**

આ કુટુંબોમાં મોટાભાગના પાસે ભૌતિક સગવડો ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ૯૦ ટકા કુટુંબો પાસે મોજશોખની વસ્તુઓ કે અન્ય ચીજવસ્તુઓ જોવા મળતી નથી.

**આભુષણો :**

આ જાતિના લોકો પાસે મુખ્યત્વે ચાંદીના ઘરેણા જોવા મળે છે. જુજ કુટુંબ પાસે સોનુ જોવા મળે છે. ખાસ કરીને પુરુષો આભુષણોનો બહુ જ ઓછો ઉપયોગ કરે છે.

**બોલી :**

મારવાડીભીલ / માજીરાણાભીલ જેઓ મુખ્યત્વે મારવાડથી આવીને વસ્યા હોય આજે પણ તેઓની બોલવાની લઢણ મારવાડી બોલી જેવી છે. આમ બોલીમાં પોતાની પરંપરાને જાળવી રાખી છે.

**આર્થિક જીવન :**

આ લોકોની આર્થિક પરિસ્થિતિ વિશે જોઈએ તો મોટેભાગે મજૂરી અને માલવાહક ઉપર જ આધારિત છે. નોકરીઓનું અને તેમાં પણ સરકારી નોકરીઓનું પ્રમાણ ઘણું ઓછું છે. આવકની નિશ્ચિતતા નથી. આવક કાયમી મળી રહે તેવું પણ નથી. બેકારી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આર્થિક સ્થિતિ ખૂબ જ દયનીય જોવા મળે છે.

**સામાજિક જીવન :**

***લગ્ન :***

આ સમાજે પોતાની પરંપરાગત લગ્ન વિધિઓ જાળવી રાખી છે. સાથે બ્રાહ્મણને બોલાવવા વગેરે અન્ય સમાજ / સંસ્કૃતિની અસર પણ દેખાય છે. અન્ય સમાજની અસર હોવા છતાં પોતાની આગવી સંસ્કૃતિના પણ સામાજિક પ્રસંગોમાં દર્શન થાય છે.

**મરણ :**

આ લોકોની મરણ પ્રસંગની વિધિ પણ આદિવાસી સમાજને મળતી આવે છે. જેમકે મૃતદેહને દહીં અને હળદર લગાવી સ્નાન કરાવવું, મૃતદેહ સાથે તીર રાખવું વગેરે રિવાજો આદિવાસી સમાજને મળતા આવે છે.

**ધાર્મિક માન્યતાઓ :**

આ સમાજના લોકો અનેક પ્રકારના તહેવારો ઉત્સવોમાં માને છે. ભીલોમાં જોવા મળતા તહેવારો કે ઉત્સવોમાં ઐતિહાસિક, ધાર્મિક, પ્રાકૃતિક ઘટનાઓ વણાઈ ગયેલી છે. આ સંદર્ભમાં જાણતા તેઓ હોળી, અખાત્રીજ, દિવાળી, દશેરા, નવરાત્રી વગેરે તહેવારો મનાવે છે.

ટૂંકમાં ધાર્મિક શ્રદ્ધા અને અંધશ્રદ્ધા એમ બન્ને રીતે ધર્મમાં માનતા ભીલો આજે પણ બલીમાં બકરાનો વધ કરવો, દારૂની ધાર દેવી વગેરે ક્રિયાઓ કરે છે. એ રીતે પોતાના જૂથની લાક્ષણિકતા જાળવી રાખી છે.

**નિષ્કર્ષ - અભિપ્રાય :**

(૧) મારવાડીભીલ / માજીરાણાભીલ આ શબ્દમાં ભીલ તો છે જ અને ભીલ એ માત્ર ગુજરાતમાં નહિ ભારતમાં અનુ.જનજાતિમાં આવે છે. મારવાડી અને માજીરાણા શબ્દનો ઉપયોગ કઈ રીતે થયો તે આગળ બતાવ્યું છે, એટલે રાજ્યમાં કે રાજ્યના એક ભાગમાં ભીલ સમુદાયને અનુ.જનજાતિમાં ગણીએ તો બીજે સ્થળે આ સમુદાયને બાકાત ન રાખી શકાય. આગળ બતાવ્યું તેમ આદિવાસી સમાજ માટે "સાંસ્કૃતિક સીમારેખા છે; નહિ કે ભૌગોલિક".

(૨) મારવાડીભીલ આ શબ્દને ધ્યાને લઈ જો અનુ.જનજાતિના લાભ ન આપીએ અને કહીએ કે તેઓ બહારથી આવેલ છે તો આ બાબતે પુનઃ વિચારણા કરવી ઘટે કેમકે જ્ઞાતિ વ્યવસ્થા સાથે સંકળાયેલ બ્રાહ્મણ, પટેલ, વાણિયા વગેરે દેશમાં કોઈપણ રાજ્યમાં જાય તો પણ જ્ઞાતિ બદલાતી નથી. ગુજરાતમાં રહેતો પટેલ કોઈપણ સ્થળે પટેલ તરીકે જ ઓળખાય છે તો આદિવાસી સમાજ કે જૂથ માટે આવું કેમ? એટલે મારવાડથી સ્થળાંતરિત થયા હોય અને ભીલ આગળ મારવાડ લાગેલ છે તેથી અનુ.જનજાતિમાં ન ગણવા કે લાભ ન આપવા તે યોગ્ય કે ન્યાયી નથી વળી,

(૩) ગુજરાતમાં આ સમુદાયનો વસવાટ ખૂબ જ જૂનો છે. એક અંદાજ મુજબ ૮૦૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી તેઓ ગુજરાતમાં વસે છે ત્યારે પ્રાદેશિકતાની બાબતને આગળ ધરવી બરાબર નથી.

(૪) આ ઉપરાંત રાજ્યમાં આજ સમુદાયના ઘણા કુટુંબો/ઈસમોએ માત્ર ભીલ શબ્દ વાપરી કે મારવાડી શબ્દનો ઉપયોગ કરીને પણ અનુ.જનજાતિના પ્રમાણપત્રો લીધા છે એટલે એક સમાજમાંથી અમુકને લાભ આપવો અને બીજાને નહિ તે કુદરતી સિદ્ધાંતના વિરુદ્ધની બાબત છે.

(૫) મારવાડીભીલ/ માજીરાણાભીલ સમાજના લોકો આદિવાસીઓના કેટલાક લક્ષણો ધરાવતા જોવા મળે છે. જેમકે તેઓની સાંસ્કૃતિક રીતભાત, ધાર્મિક વિધિ વિધાન, સમૂહ ઐક્ય, સમાજમાં સામાજિક-ધાર્મિક પ્રસંગોમાં એકબીજાને મદદરૂપ બનવાની ભાવના, સમાજમાં પરંપરાગત પંચ વ્યવસ્થા જેમાં જાતિના પ્રશ્નોનો ઉકેલ પંચ સમક્ષ થાય છે.

(૬) વ્યક્તિ/સમાજની મૂળ પ્રકૃતિમાં કોઈપણ રીતે પોતાની આગવી સાંસ્કૃતિક ભાત આવી જ જાય છે, જે તેઓની રહેઠાણ વ્યવસ્થા જોવાથી ખ્યાલ આવે છે. જેમકે ઘર, ઘરની બનાવટ, મરઘાં-કુકડાનુ પાલન, ઘરમાં રાચરચીલું રાખવું, કેટલાક ઘરોમાં તીર-કામઠા જોવા મળે, જન્મ અને મરણ સમયે તીર રાખવું. આ બાબતોને આધારે કહી શકાય કે આ એક આદિવાસી જૂથ જ છે.

(૭) આ સમાજના અભ્યાસ દ્વારા જે કેટલાક ગોત્રો જોવા મળ્યા તે દ્વારા એમ કહી શકાય કે આ જૂથ એ જ્ઞાતિ વ્યવસ્થાનું નથી, પરંતુ આદિવાસી સમાજમાં જોવા મળતા ગોત્રો સાથે મળતું આવે છે.

આ ઉપરાંત ભારતીય બંધારણીય જોગવાઈ અનુસાર,

(૮) ભારત સ્વતંત્ર થયા બાદ તેનું બંધારણ અસ્તિત્વમાં આવ્યુ અને બંધારણમાં દલિત, માઈનોરીટી અને આદિવાસીઓને તેમના હક્કોનું રક્ષણ થાય તે માટે પાર્લામેન્ટે રાષ્ટ્રપતિની સંમતિથી નોટીફીકેશન બહાર પાડ્યું તેનો ઓર્ડર નં.૦૨૨ (સી.ઓ.૨૨) ન્યુ દિલ્હી અને એસ.આર.ઓ. પછી મીનીસ્ટ્રી ઓફ લો તા.૬-૯-૫૦ તે રીતે આદિવાસીઓના હક્કોનું સંવિધાનિક રીતે રક્ષણ કરવામાં આવ્યું છે.

(૯) ભારતના સંવિધાનની કલમ ૫, ૧૪, ૧૫, ૧૬(૪), ૨૯, ૩૩૫ તથા ૩૪૨ જે આદિવાસીઓના મૂળભૂત હક્કો અને અધિકારોનું રક્ષણ કરે છે. એટલું જ નહિ સંવિધાનની કલમ ૩૩૮ અનુસાર જો કોઈ અનુ.જાતિ કે અનુ.જનજાતિ હોય તેનો સમાવેશ કરવામાં રહી ગયેલ હોય કે જે પહેલાંથી વસવાટ કરતી હોય તે માટે રાષ્ટ્રીય અનુ.જાતિ/અનુ.જનજાતિ આયોગને રાષ્ટ્રપતિ દ્વારા સમાવેશ (અનુ.જાતિ કે જનજાતિમાં કરવાની સંપૂર્ણ સત્તા આપે છે.)

ઉપરોકત સમગ્ર બાબતને તાર્કીક રીતે જોતાં નિર્વિવાદ રીતે ચોક્કસ પણે કહી શકાય કે રાજ્યમાં વસતા મારવાડીભીલ/ માજીરાણાભીલ કુટુંબોમાંથી જે કોઈ કુટુંબો અનુ.જનજાતિના પ્રમાણપત્રો કે લાભોમાંથી રહી જવા પામેલ છે. તેઓ ખરેખર મૂળ ભીલ સમાજના જ છે અને તેથી તેઓને અનુસૂચિત જનજાતિ તરીકે ગણવા જોઈએ અને અનુસૂચિત જનજાતિને જે લાભો મળે છે તે આપી વિકાસની તકો મેળવી શકે તેવું કરવું જોઈએ અને તેઓને જે અત્યાર સુધી અન્યાય થયેલો છે તે દૂર કરી અનુસૂચિત જનજાતિમાં સમાવી ન્યાય આપવો જોઈએ.

# જાતિ તપાસ

## વિજયનગર (સા.કાં.) તાલુકામાં ૧૯ ગામોના વણકરોની તપાસ

જે.એન. રાઠોડ

### પ્રસ્તાવના :

વિજયનગર (સાબરકાંઠા) તાલુકામાં ૧૯ ગામના વણકરભાઈઓ દ્વારા સરકારશ્રીને નિવેદન કરવામાં આવ્યુ કે અમને આદિવાસીસમકક્ષ ગણી લાભો આપો. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રોને તપાસ સોંપવામાં આવી. આ પત્રને આધારે વિજયનગર તાલુકામાં વસવાટ કરતા વણકરભાઈઓનો સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ભૌગોલિક અને આદિમ અવસ્થાના વિશિષ્ટ લક્ષણો સહીત તમામ પાસાઓનો અભ્યાસ કરી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં આ વસવાટ ગામોની રૂબરૂ મુલાકાત લઈ વડીલો સાથે ચર્ચાવિચારણા કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. સાથે સાથે ગ્રંથાલયકાર્ય દ્વારા પણ પૂર્વ ઈતિહાસ તેમજ અન્ય જરૂરી માહિતી એકત્ર કરી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.

### બંધારણીય વ્યાખ્યા :

આપણે જાણીએ છીએ તેમ ભારતમાં કેટલા જૂથો વિવિધ કારણોસર જેવાકે સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે સમાજના અન્ય વર્ગોની હરોળથી પાછળ રહી જવા પામ્યા હતા. આપણો દેશ સ્વતંત્ર થયા બાદ આવા વર્ગોનો સર્વગ્રાહી કલ્યાણ અર્થે રાજય અન્ય કેન્દ્ર સરકાર પ્રયત્નો કરશે તે સબબની જોગવાઈ રાષ્ટ્રના બંધારણમાં કરવામાં આવી તેમાં (૧) અનુસૂચિત જાતિ (હરિજનો) (૨) અનુસૂચિત જનજાતિ (આદિવાસીઓ) અને (૩) અન્ય પછાત વર્ગોનો સમાવેશ થયો હતો. આમ બંધારણમાં કલમ ૩૪૧ અનુસૂચિત જાતિઓ અને કલમ ૩૪૨ અનુસૂચિત જનજાતિઓને બંધારણીય હક્કો આપવામાં આવ્યા.

### આદિવાસીની ઓળખ :

અનુસૂચિત જનજાતિમાં સામાન્યપણે આદિવાસી તરીકે ઓળખાતી બધી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કઈ જાતિને આદિજાતિ તરીકે ગણવી એની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવી નથી પરંતુ બંધારણમાં આગળ દર્શાવ્યા મુજબ બતાવવામાં આવ્યું છે. સામાન્ય પ્રજાજન આદિવાસી એટલે જંગલમાં કે ડુંગરોમાં રહેતા ભોળા લોકો એવી વ્યાખ્યા કરે છે. ભણેલા ગણેલા લોકો આદિવાસીઓને ગાવા, નાચવામાં મસ્ત એવી રંગીલી પ્રજા તરીકે ઓળખે છે. જેમની ખાસ સંભાળ લેવી જરૂરી છે એવા લોકોને વહીવટીકર્તાઓ આદિવાસી તરીકે ઓળખે છે. જેણે

પોતાની સદીઓ જૂની રહેણીકરણી, રિવાજો તથા સામાજિક સંગઠનો જેવાને તેવા સ્વરૂપે જ જાળવી રાખ્યા છે અને સમાજશાસ્ત્રના અભ્યાસ માટે જે ઉપયોગી સામગ્રી પુરી પાડે છે તેવી પ્રજાને માનવવંશ શાસ્ત્રી આદિવાસી તરીકે ઓળખે છે.

ગુજરાતની આદિવાસી જાતિઓને ભૌગોલિક દ્રષ્ટિએ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

(૧) ઉત્તર ગુજરાતના ભીલો તથા તેમની પેટાજાતિઓ જે રાજસ્થાનના ભીલો સાથે નીકટનો સંપર્ક ધરાવે છે.

(૨) પંચમહાલ, વડોદરા તથા ભરૂચ જિલ્લાના ભીલો, રાઠવા, ધાનકા, પટેલિયા તથા નાયક જે મધ્યપ્રદેશની આદિવાસી જાતિઓ સાથે નિકટનો સંપર્ક ધરાવે છે.

(૩) દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓ જેનાં મુખ્યત્વ ધોડિયા, ચૌધરી, ગામીત, કોંકણા, દુબળા, ભીલ, નાયક, વારલી, કોટવાળીયા, ઢોરકોળી વગેરે આવે છે. તેમનો મહારાષ્ટ્રની આદિવાસી જાતિઓ સાથે વિશેષ સંપર્ક છે.

(૪) સૌરાષ્ટ્ર ભાગના આદિવાસીઓ જેમાં નેશના રબારી, ભરવાડ, ચારણ, સૌરાષ્ટ્રના સીદીઓ, અમદાવાદ-સુરેન્દ્રનગર જિલ્લાના પઢાર અને કચ્છના કોળી વાઘરી તથા પારધીનો સમાવેશ થાય છે.

**વિસતાર અને વસતી :**

સાબરકાંઠા જિલ્લાના ૧૦ તાલુકાઓ પૈકી ભિલોડા, વિજયનગર, મેઘરજ અને ખેડબ્રહ્મા એ ચાર તાલુકાઓ આદિવાસી તાલુકાઓ છે. જયાં તેમની ૫૫.૮૦ ટકા જેટલી વસતી છે. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં આવતા આ તાલુકાઓમાં "ગરાસિયા" જૂથ શબ્દ હેઠળ સ્તર રચના ધરાવતી ત્રણ જાતિઓનો સમાવેશ મુખ્ય છે. જેમાં (૧) સોકલા ગરાસિયા, (૨) ડુંગરી ગરાસિયા, (૩) ભીલ ગરાસિયા. આ ત્રણે જાતિઓ પોતાની જાતિને ઓળખ માટે સામાન્ય રીતે "ગરાસિયા" શબ્દનો જ ઉપયોગ કરેછે. સોકલા ગરાસિયા સૌથી ઊંચા ગણાય છે. સોકલા ગરાસિયા ડુંગરી ગરાસિયા તેમજ ભીલ ગરાસિયાનું રાંધેલું ખાતા નથી. અરવલ્લીની ગીરી માળાઓ ઉપર વર્ષોથી વસતિ આ આદિવાસી જાતિઓ અત્યંત ખમીરવંતી અને સ્વતંત્ર મિજાજી છે. પ્રકૃતિના સહવાસમાં ઉછરેલી આ જાતિઓ શારીરિક શક્તિ અને વિશિષ્ટ પ્રકારની વનસંસ્કૃતિને જાળવી રહી છે.

**વિજયનગર તાલુકો :**

ગુજરાતની ઉત્તર-પૂર્વ દિશાએ સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકો આવેલો છે. આઝાદી પહેલાં વિજયનગર "પોલોસ્ટેટ" તરીકે ગણવામાં આવતું હતું. મહારાજા પણ દરબાર

જેવા રાજકર્તાઓ રાવ કહેવાતા કે જેઓ કનોઝના પહેલા રાઠોડ જયચંદના અનુગામીઓ હોવાનું કહેવાય છે. વિજયનગર સ્ટેટ બીજા વર્ગનું રાજય હતું. હાલ સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર એ મહાલની કક્ષામાં છે.

આ તાલુકામાં મુખ્યત્વે ભીલ ગરાસિયાઓની વસતિનું પ્રમાણ વિશેષ છે. આ ઉપરાંત ચૌધરી પટેલ, મોઢ પટેલ, સુથાર, લુહાર, ક્ષત્રિય, કુંભાર, વણકર, ચમાર (ભાંભી) વૉરા વગેરે જાતિઓ ધંધાર્થે તેમજ કાયમી વસવાટ કરતી જાતિઓ પણ જોવા મળે છે. તે સૌનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન, વેપાર, નોકરી, મજૂરી વગેરે જોવા મળે છે.

સ્ટેટના વખતમાં વસતિ ઓછી હોવાને કારણે અન્ય સ્ટેટમાંથી ધંધાર્થે આવતા કુટુંબોને રહેવા માટે ઘરની જમીન તેમજ રાજ્ય તરફથી તે જમાનામાં મળતી સગવડો આપવામાં આવતી બદલામાં જે ત્યાં વસવાટ કરવા માગતા હોય તેમને રાજ્યની વેઠ કરવી પડતી. આ વેઠમાં દરેક કુટુંબનો એક માણસ ફરજિયાત આપવો પડતો તે આખો દિવસ કામ કરે તેના બદલામાં તેને દોઢ કિલો મકાઈ આપવામાં આવતી. તેને રાજય તરફથી રક્ષણ અને છાપરું બાંધવાની જગ્યા આપવામાં આવતી. પોતાનો વ્યવસાય કરવાની છુટ હતી. આમ આ પ્રસ્તુત પ્રશ્ન અને અરજી કરનાર વણકર જાતિના લોકો મૂળે રાજસ્થાન કે અન્ય સ્ટેટમાંથી આવેલા ત્યારે તેઓ પોતે વણાટનું કામકાજ કરતા અને દરેકને ઘેર ઘેર જઈ મોટા પછેડા આપણા બદલામાં અનાજ અને પૈસા મળતા.

**સોળસી પ્રગણા વણકર સમાજનો પરિચય :**

વિજયનગર વિસ્તારમાં ‘‘સોળસી પ્રગણા વણકર સમાજ’’નો વસવાટ જોવા મળે છે. આ સમાજની મોટાભાગની વસતિ રાજસ્થાન રાજયના ઉદેપુર જિલ્લાના કેશરિયાજી તાલુકાના જુદાં જુદા ગામોમાંથી દુષ્કાળ જેવા કપરા સમયમાં મજૂરી અર્થે વિજયનગરના જુદા જુદા વિસ્તારોમાં ચાર પાંચ પેઢીથી આદિવાસી વિસ્તાર અને વસતિ સાથે સ્થાયી બન્યા છે. વણકરોની અટકોમાંથી માત્ર ‘રેવડ’ અટક ધરાવતા વણકરો જ ગુજરાત રાજયના સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઈડર તાલુકામાંથી આવેલ છે. આ વણકરો વિજયનગર વિસ્તારના ચિઠોડા ગામમાં આવી વસ્યા. આજે તેઓ વિજયનગરના જુદા જુદા ગામોમાં સ્થાયી થયા છે. ૧૯૫૫ સુધીના ગામડાઓ પૈકી ‘‘સોળસી પ્રગણાં વણકર સમાજનો’’ બેટી વ્યવહાર રાજસ્થાન સાથે જોડાયેલો હતો. પરંતુ ધીમે ધીમે આ સમાજે પોતાના આગવા બંધારણ અને સામાજિક રીત-રિવાજો અલગ થવાથી તેમજ અહીની દિકરીઓ ત્યાં જવા માટે તૈયાર ન હોવાને કારણે બેટી વ્યવહાર હાલ બંધ થયેલ છે. સામાજિક દુઃખદ અને સુખદ પ્રસંગોએ નહિવત પ્રમાણમાં અવર-જવર થાય છે.

‘‘સોળસી પ્રગણા વણકર સમાજ’’ તેના બંધારણ અનુસાર સોળ ગામનો બનેલો છે અને

તે મર્યાદિત છે. તે સિવાયના ગામો સાથે તેમનો વ્યવહાર જોવા મળતો નથી. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં આર્થિક અને જમીન વિષયક પ્રશ્નો ઉપસ્થિત થવાના કારણે આ સમાજના વણકરો વિજયનગર તાલુકાના આજુબાજુના ગામોમાં જઈ વસવાટ કર્યો હોવાથી ગામોની સંખ્યા વધેલી જોવા મળે છે. આ ગામોની સંખ્યા ૨૧ જેટલી છે અને તમામ ગામોમાં મળી કુલ ૬૮૨ કુટુંબોનો વસવાટ કરતા માલુમ પડ્યા હતા.

**ભૌતિક :**

**જ્ઞાતિની ગ્રામ વસવાટ સ્થિતિ :**

પરંપરાગત રીતે વણકર અનુ.જાતિ જેનો વર્ણ વ્યવસ્થા આધારે શુદ્રોમાં સમાવેશ થાય છે. તેથી ગામના છેવાડાના ભાગમાં કે પાદર ભાગોળ નજીક જ્યાં જમીન મળે ત્યાં વસવાટ કરે છે. વસવાટના ફળિયાને ગામ લોકો "વણકરવાસ" કે "વણકર ફળિયા" ના નામથી સંબોધન કરે છે. તેમના વસવાટના મકાનો સમૂહમાં અને છૂટાછવાયા જોવા મળે છે.

**રહેઠાણનો પ્રકાર :**

શહેરમાં વસવાટ કરતા વણકરો મોટાભાગે પાકા મકાનમાં અને ગામડામાં વસતા વણકરો કાચા મકાનમાં વસવાટ કરતા જોઈ શકાય છે.

**ભૌતિક સગવડ :**

વણકરો પરંપરાગત સાધનોના ઉપયોગ ઉપરાંત નવા ઉપકરણો વાપરતા થયા છે. તેમાં સાયકલ, મોટર સાયકલ, સ્કૂટર, મોપેડ, જીપ, ટ્રેકટર, લારી, રેડિયો, ટેપરેકોર્ડ, ટી.વી., ફ્રીજ, ઘરઘંટી, ફોન, મિક્ષર, સોફાસેટ, પંખો, કુકર, ગેસ વગેરે ભૌતિક સાધનોનો ઉપયોગ કરતા જોઈ શકાય છે. નોકરી, ધંધો, ખેતી વગેરે કરે છે તેવા આર્થિક રીતે સદ્ધર કુટુંબો છે તેમના ઘરે મોટાભાગની વસ્તુઓ ઉપલબ્ધ છે. જ્યારે સામાન્ય સ્થિતિના કુટુંબો પાસે આમાંથી કોઈ વસ્તુ જોવા મળી નથી.

**સામાજિક :**

વિજયનગર વિસ્તારમાં વસવાટ કરતા વણકરો ગુજરાત અને રાજસ્થાન રાજ્યમાં જુદા જુદા ગામોથી સ્થળાંતરિત પ્રજા છે. ૪ થી ૬ પેઢીથી વિજયનગર આવી સ્થાયી બની છે. તેમનો મોટાભાગનો સામાજિક વ્યવહાર "સોળસી પ્રગણા સમાજ" પૂરતો મર્યાદિત છે. પહેલાના સમયમાં અસ્પૃશ્યતા રાખવામાં આવતી, પરંતુ આઝાદી પછી શિક્ષણ, સંપર્ક, કાયદાકીય જોગવાઈ અને સમજ, વિકાસ યોજનાઓ વગેરેને કારણે અસ્પૃશ્યતા નાબુદ થતી જોવા મળેલ છે. અને અન્ય

જ્ઞાતિઓ સાથે વ્યવહારિક સંબંધ વધતા જોવા મળે છે. આ સમાજ મુખ્યત્વે ભીલ ગરાસિયા સાથે સતત સંપર્કમાં રહ્યો છે. જેના કારણે તેની મોટાભાગની અસરો વણકર સમાજ પર પડી છે. વણકર જ્ઞાતિના લગ્ન સંબંધ પોતાના બંધારણ અનુસાર નક્કી કરેલા સોળ ગામમાં જ થાય છે અને તે સિવાયના લગ્ન સમાજ માન્ય રખાતા નથી.

**જજમાની વ્યવસ્થા :**

આ વણકરો પરંપરાગતથી જજમાની રીતે બે જ્ઞાતિઓ સાથે શરૂઆતથી સાંકળતા આવ્યાં છે. (૧) ગરોડા બ્રાહ્મણ (૨) ચમાર. જન્મથી મૃત્યુ સુધીના દરેક ક્રિયાકાંડ વખતે બ્રાહ્મણની જરૂર પડે છે. જેથી આ ગરોડા બ્રાહ્મણ સાથે જજમાની વ્યવસ્થા જળવાઈ રહી છે. ચમાર જાતિ પાસેથી ખેતી વિષયક ચામડાના સાધનો લેવામાં આવે છે. તેમને કાપણી વખતે અનાજના રૂપમાં વળતર આપવામાં આવે છે.

**આર્થિક વ્યવસ્થા :**

**વ્યવસાય :**

તેઓનો મૂળ વ્યવસાય વણાટકામનો હતો. ખાડા શાળથી પછેડા વણતા અને તે ઘરે ઘરે જઈ આપતા બદલામાં અનાજ પૈસા મળતા જે કુટુંબની કે ગામની ઘરાકવટી હોય ત્યાં તેમની જજમાની પ્રથા પણ હતી. વણાટકામ કરતા ત્યારે વાર તહેવારે તેઓ સુતરની કુકડી (કોકડી) અહીની લોકલ બોલીમાં જેને ''બૈડા'' કહે છે તે આપવા જતા તેના બદલામાં તેમને અનાજ, પૈસા, ઘી વગેરે પણ મળતા. હાલ એક પણ કુટુંબ વણાટકામ કરતું જોવા મળ્યું ન હતું. સાથે સાથે વિજયનગરના વણકરો પાસે વત્તાઓછા પ્રમાણમાં ખેતીની જમીનો છે જેમાં તેઓ પિયત અને આકાશી ખેતી કરે છે. સાથે સાથે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે.તેઓ બળદ, ગાય, ભેંસ, બકરાં વગેરે પાળે છે. તેમાંથી પૂરક આવક મેળવે છે. જેમની પાસે જમીન ઓછી અને નથી તેઓ મોટાભાગે છૂટક મજૂરીનું કામ કરે છે. છૂટક મજૂરીમાં ખેતીકામ, બાંધકામ, માટીકામ વગેરે કરે છે.

આ ઉપરાંત નોકરીમાં પણ ઘણા કુટુંબોના સભ્યો જોડાયેલા છે. જેમાં શિક્ષકો, પોલીસો, કલાર્ક, સમાજકલ્યાણ, મામલતદાર, વિકાસ અધિકારી, નર્સ, ડ્રાઈવર, એસ.આર.પી., લશ્કર, જંગલખાતામાં, જી.ઈ.બી., સિંચાઈ જેવા ખાતાઓમાં નાની મોટી નોકરી કરતાં સભ્યો પણ જોવા મળ્યા હતા.

**ધાર્મિક જીવન :**

આ સમાજ પર આદિવાસીઓની ધાર્મિક અસરો પડેલી જોવા મળે છે. જેથી વણકરોનું

ધાર્મિક જીવન પણ વિવિધતાવાળું છે. તેમના દેવદેવીઓના મંત્ર તંત્રનુ સ્વરૂપ વગેરે આદિવાસી સમાજની કેટલાક મૂળભૂત ધાર્મિક માન્યતાઓના પાયા પર વિકાસ પામેલું દેખાય છે.

વિજયનગરના વણકરોની કુળદેવી વિષે કોઈ ચોક્કસ દેવી નથી પણ હિન્દુ ધર્મમાં આવતા દેવ-દેવીઓને તેઓ પોતાની કૂળદેવી માને છે.

**પિતૃપૂજા :**

વણકરો પિતૃ પૂજામાં માને છે તથા તેમાં મૃત વ્યક્તિઓ પરત્વેના બે પ્રકારના સંબંધોની રજૂઆત જોવા મળે છે.

(૧) વણકરો મૃત વ્યક્તિના પ્રતિક તરીકે "પાળીયો" કે "દેરી" બનાવે છે.

(૨) બીજા સ્વરૂપે મરનાર વ્યક્તિ ખોળીયું છોડી પુનઃજન્મ ધારણ કરે છે તેમ પણ માને છે.

**શિક્ષણ :**

સોળેસી પરગણામાં શિક્ષણનું પ્રમાણ ઠીક ઠીક વધેલું જોઈ શકાય છે. આજે સરકારી યોજનાઓ અને રચનાત્મક સંસ્થાઓના પ્રયત્નોને પરિણામે ગામે ગામ બાલવાડી, પ્રાથમિક શાળા તેમજ હાઈસ્કૂલો, ઉત્તરબુનિયાદી શાળાઓ, આશ્રમશાળાઓ, કોલેજ વગેરેની સગવડો વિકસી છે. આના પરિણામે શિક્ષિત કુટુંબો અને આર્થિક સ્થિતિ સારી હોયતેવા કુટુંબોના બાળકો નિશાળે ભણવા માટે જાય છે. અંતરિયાળ અને આર્થિક સ્થિતિ નબળી હોય તેવા કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ નહિવત છે. તેમાંય બહેનોમાં શિક્ષણ ઓછું છે.

**જ્ઞાતિપંચ :**

વિજયનગર તાલુકાના વણકર સમાજનું જાતિપંચ અમલમાં છે. દરેકે દરેક પ્રકારના વ્યવહાર, પ્રસંગ, સામાજિક, આર્થિક ઝઘડા જેવી કોઈપણ બાબત હોય પોતાના પ્રશ્નો જ્ઞાતિપંચ પાસે મુકવામાં આવે છે. બન્ને પક્ષને સાંભળી જ્ઞાતિપંચ યોગ્ય નિર્ણય લે છે. રીતરિવાજમાં જ્ઞાતિપંચના બંધારણમાં જે ઠરાવેલ હોય તે પ્રમાણેના વ્યવહાર દરેકને કરવાના હોય છે. તેનો ભંગ કરનારને જ્ઞાતિપંચ દંડ પણ કરી શકે છે. તેવી સત્તા જ્ઞાતિપંચોને આપવામાં આવેલી હોય છે.

**તારણો અને સુઝાવો :**

(૧) વિજયનગરમાં રહેતા વણકરો અને આદિવાસીઓએ મૂળમાં બન્ને જૂથો બિલકુલ ભિન્ન અને અલગ છે. એકજૂથ અનુસૂચિત જાતિનું છે. વણકરો તે મૂળે હિન્દુ સમાજવ્યવસ્થાની જ્ઞાતિ વ્યયવસ્થાના માળખામાં નીચેના સ્થાને રહેતી જ્ઞાતિ છે. જ્યારે આદિવાસીઓ હિન્દુ

સમાજવ્યવસ્થાનો ભાગ છે જ નહી માટે બંધારણમાં તેમને માટે અનુસૂચિત જનજાતિ શબ્દ વાપર્યો છે. એટલે બન્ને સમકક્ષ કોઈપણ રીતે ગણી શકાય તેમ નથી પણ જેમ આદિવાસીઓ પણ હિન્દુ સમાજની અસરથી હિન્દુકરણ થઈ રહ્યું છે તેમ એક વિસ્તારમાં લઘુમતી, આદિવાસીઓની સાથે રહેતા કુટુંબો પણ આદિવાસી સમાજની માત્ર અસર છે. જેથી તેઓ આદિવાસી છે તેમ માની શકાય નહી મૂળમાં બન્નેના જૂથો બિલકુલ અલગ છે.

(૨) વિજયનગરના વણકરો ૫ થી ૬ પેઢીથી સ્થળાંતરિત થઈ વિજયનગર મહાલમાં વસ્યા છે. તેઓનો મૂળ વ્યવસાય વણાટનો હતો. રાજસ્થાનમાં તેમને "હારવી" ના નામે ઓળખતા હતા.

(૩) વણકરોના વસવાટી ગામોમાં મોટાભાગે આદિવાસી સિવાયની અન્ય જાતિઓનો વસવાટ જોઈ શકાય છે. આનો અર્થ એ થાય કે પોતાના વ્યવસાયની અનુકુળતાવાળા ગામોમાં વસવાટ કરેલો જોઈ શકાય છે.

(૪) અન્ય જ્ઞાતિઓ કરતાં આદિવાસીઓ સાથે વધારે ભળ્યા તેના કારણોમાં આદિવાસીઓનું જીવનધોરણ સાદુ અને પરંપરાગત હતું, વળી વણકર એ હિન્દુ જ્ઞાતિ વ્યવસ્થાનું સામાજિક માળખામાં અસ્પૃશ્ય ગણાતા હોવાના કારણે અન્ય જ્ઞાતિઓમાં વ્યવહારોમાં તેઓ સરળતાથી ભળી શકેલા જોઈ શકાતા નથી, જયારે આદિવાસીઓ પ્રાકૃતિક જીવન જીવતા અને અસ્પૃશ્યતાવાળું રૂઢ જીવન જીવતા ન હોવાના કારણે આદિવાસી અને વણકરોના પારસ્પારિક વ્યવહારો વધતા ગયા હશે. વળી આદિવાસીઓ આ વિસ્તારની વર્ચસ્વી, પ્રભાવી જાતિ તરીકે હોવાથી તેઓની બોલી, પહેરવેશ, વ્યવહાર અને રીતરિવાજો ઉપર તેમની અસરો થાય તે સ્વાભાવિક બાબત છે.

(૫) આદિવાસી અને વણકરોના સામાજિક વ્યવહારો સ્પષ્ટપણે અલગ છે. જ્ઞાતિ વ્યવસ્થા અલગ છે. જ્ઞાતિ વ્યવસ્થામાં બન્નેના પંચ અલગ છે. આમ સામાજિક માળખાકીય વ્યવસ્થા જોતાં વિજયનગરના વણકરોને આદિવાસી ગણી શકાય નહી.

**સુઝાવો :**

(૧) વિજયનગર વિસ્તારની રીતે ઘણો પાછળ કહી શકાય તેવો તાલુકો છે. જયાં જંગલ પહાડ અને આદિવાસી વસતિ મુખ્ય છે. આ તાલુકામાં ૭૩.૪૦ ટકા આદિવાસી વસતિ છે. જયારે અનુ.જાતિની વસતિ લગભગ ૮ ટકા જેટલી થાય છે. આમ આટલા મોટા સમુદાય સાથેના વસવાટના કારણે તેમનામાં તેમની અસરો જોવા મળે તે સ્વાભાવિક વાત છે. વિસ્તારના વિકાસની રીતે આજેપણ આ વિસ્તાર અન્ય વિસ્તારોની સરખામણીએ પાછળ રહી જવા પામ્યો છે. વળી ખેતીની જમીનો પણ ઢોળાવ અને પથ્થરવાળી હોવાથી ખેતી

ડુંગરની તળેટીમાં જ્યાં ખુલ્લી જમીન છે ત્યાં જ ખેતી સારી થાય છે. બાકીના વિસ્તારો સુકા છે. આમ વિસ્તાર પછાતપણાને ભોગ બનેલી આ જાતિ માટે વિસ્તારની દ્રષ્ટિએ પણ પ્રાદેશિક પછાતતાના ધોરણે લાભો આપવા જોઈએ કારણકે ઘણા એવા ગામો અને કુટુંબો છે જેમનો વ્યવસાય ફક્ત મજૂરી ઉપર આધારિત છે. વળી સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે અંધશ્રદ્ધા, વહેમો અને દારૂ જેવા વ્યસનોમાં પણ વણકર જાતિના કુટુંબો ભોગ બનેલા છે. ઘણા શિક્ષિત અને ધાર્મિક સંપ્રદાયોમાં જોડાયેલા કુટુંબોમાં પરિવર્તન જોઈ શકાય છે. પણ બધા હજુ એ હરોળમાં આવી શક્યા નથી.

(૨) ઘણા એવા ગામો છે જ્યાં શિક્ષણનું પ્રમાણ પણ નહીંવત છે, ત્યાં શિક્ષણ વધે તે માટે પ્રયત્નો થવા જોઈએ.

(૩) વિસ્તાર પ્રમાણે બારેમાસ રોજગારી મળવાની કોઈ શક્યતા જોઈ શકાતી નથી. મુખ્ય વ્યવસાય ખેતી-પશુપાલન હોવાથી ખેતીમાં ખૂબ ઓછી મજૂરી મળે છે. સરકારી લાભ જરૂરતમંદ સુધી પહોંચતા નથી. વસતિ ઓછી હોવાથી તેમનો અવાજ પણ પહોંચતો નથી. તેમના જણાવ્યા પ્રમાણે વિસ્તાર પછાતપણાને કારણે સરકારી નોકરીઓમાં જે ટકાવારી છે તેમાં તેમનો નંબર લાગતો નથી. ગુજરાતમાં અનુ.જાતિ અને વિજયનગરના અનુ.જાતિના વિસ્તાર અને વાતાવરણની અશરના કારણે તેમની સરખામણીમાં ટકાવારી ધોરણમાં આવી શકતા ન હોવાથી તેમને સરકારી નોકરીના લાભો મળવામાં મુશ્કેલી પડે છે. આમ તેમનો મુખ્ય પ્રશ્ન એ આવનાર પેઢીની રોજગારીનો છે. આ માટે વિસ્તારની પછાતતાને ધ્યાનમાં રાખી વધારાના લાભો આપવા જોઈએ અને ટકાવારી વધારવી જોઈએ તો જ તેમના આ ઊંડાણના વિસ્તારમાં વસવાટ કરતા અનુ.જાતિના ભાઈઓનો વિકાસ થઈ શકે. આ માટે સરકારે અલગથી વિચારી તેમને પ્રાદેશિક પછાતતા ધ્યાને લઈ લાભો વધારવા જોઈએ તેવી અમારી ભલામણ છે.

# તૂરી - બારોટ
## (સમસ્યાલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ)

અહેવાલ લેખન : કાન્તિલાલ ડા. મકવાણા
સાર લેખન : કાન્તિલાલ ડા. મકવાણા

● **સંશોધનનું કાર્યક્ષેત્ર :**

"તૂરી-બારોટ" જાતિ તપાસના અભ્યાસ માટે જે વિસ્તારમાં આ જાતિની વસ્તી વધુ હતી એવા બે જિલ્લાઓમાં રાજકોટ અને સુરેદ્રનગર જિલ્લઓમાં ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું. અભ્યાસ માટે પસંદ કરેલા રાજકોટ જિલ્લામાં અનુક્રમે રાજકોટ (સ્થાનિક), ગોંડલ, વાંકાનેર, મોરબી, ૧-૨, ટંકારા અને જસદણ તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર, વઢવાણ, લીંબડી, સાયલા, મુળી, ચોટીલા, હળવદ, ધાંગધ્રા અને પાટડી તાલુકાઓ પસંદ કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લામાંથી ૭ તાલુકાઓ અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી કુલ ૯ તાલુકાઓ પસંદ કરવામાં આવ્યા હતા.

અભ્યાસમાં ૫૦ કુટુંબો રાજકોટ અને ૫૦ કુટુંબો સુરેન્દ્રનગર જિલ્લાનાં એમ કુલ ૧૦૦ કુટુંબો પસંદ કરી કુટુંબ પત્રકો ભરવામાં આવ્યા હતા.

● **નમૂના પધ્ધતિ :**

ગુજરાતમાં જે જે જિલ્લામાં "તૂરી-બારોટ"ની વસ્તી સૌથી વધારે છે. તેવા બે જિલ્લાઓને આ અભ્યાસમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. "તૂરી-બારોટ" જાતિની તપાસ કરવામાટે ૧૦૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. આ અભ્યાસ માટે સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ઉપર જણાવ્યા મુજબ તેમની વસ્તી વધારે છે. તેવા તાલુકાઓ પસંદ કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લાનાં રાજકોટ, ગોંડલ, વાકાનેર, મોરબી, ૧-૨, ટંકારા અને જસદણ વગેરે તાલુકા અને તેના ગામો પસંદ કરી તેમાં ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું.

**વસ્તી, વિસ્તાર અને ઐતિહાસિક માહિતી :**

**વસ્તી :**

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં 'તૂરી-બારોટ'ની કુલ વસ્તી ૬,૦૩૯ની હતી. તેમાં ૩,૮૬૧ ગ્રામ્ય વિસ્તાર અને ૨,૧૭૮ શહેરી વિસ્તારમાં વસતા હતા.

'તૂરી-બારોટ'ની ૧૯૮૧ની વસ્તી ગણતરીના જિલ્લાવાર આંકડા જોઈએ તો ડાંગ જિલ્લા સિવાય તમામ જિલ્લામાં ઓછા-વત્તા પ્રમાણમાં આ જાતિની વસ્તી જોવા મળી હતી. તેમાં સૌથી વધુ ૮૯૯ (૧૪.૮૮ ટકા) સુરેન્દ્રનગર અને રાજકોટમાં ૬૪૮ (૧૦.૭૩ ટકા) તૂરી-બારોટની વસ્તી હતી. આ સિવાયના જિલ્લાઓમાં જોતાં બનાસકાંઠામાં ૮૫૮ (૧૪.૨૦ ટકા), અમદાવાદમાં ૬૫૦ (૧૦.૭૬ ટકા) તૂરી-બારોટની વસ્તી જોવા મળી હતી.

## તૂરી-બારોટની ઐતિહાસિક માહિતી :

'તૂરી-બારોટ' આશરે નવસો વર્ષ પહેલા ઉત્તર ભારતના ગોકુળ, મથુરાથી આવેલા હોય તેવી માન્યતા પ્રવર્તે છે.

એક દંતકથા મુજબ પાટણની ગાદી ઉપર ચાવડા વંશના રાજાના સમયમાં ચારણ, આહિર, રબારી, ભરવાડ અને કોળી વગેરે જાતિઓ કોઈ કારણસર પોતાના પશુધન સાથે ચાલી નીકળ્યા તે દરમ્યાન તેઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. તેઓ ૮ મહિના પછી સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવ્યા. ત્યાં તેઓ રાજાની હકુમત નીચે જમીનમાં વસવાટ કરતા હતા. તે દરમ્યાન રહેઠાણ વ્યવસ્થા થતા ત્યાં રહેવા લાગ્યા. પરંતુ જીવનનિર્વાહ માટેની જરૂરી વસ્તુઓ મેળવવાની મુશ્કેલી હતી. આ સમય દરમ્યાન દુષ્કાળ હતો. જેથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં મચ્છુ કાંઠાના વિસ્તારમાં આવ્યા હતા. દુષ્કાળ જેવી પરિસ્થિતિને કારણે પોતાના જીવનનિર્વાહ તેમજ ખાવાપીવા માટેનું કરજ અહીંના રાજા પાસેથી માંગવાની ફરજ પડી, પરંતુ રાજાએ વિચાર્યુ કે તે માટે આ લોકો પાસેથી કોઈ જામીનગીરી કે અનામત તરીકે કોઈ રકમ લેવી જરૂરી છે તેવું નક્કી કર્યા પછી બારોટ જાતિમાંથી એક વ્યક્તિ જામીન તરીકે રહી. રાજાએ આવેલ જ્ઞાતિઓને જે ખાધાખોરાકી પેટે રકમ આપી હતી તેનું રૂા.એક લાખ જેટલુ કરજ થઈ ગયુ હતું. જેમાં બારોટ જામીન રહ્યો હતો. સમય જતાં આ રાજા રજવાડાની અંદર આ ચારણ, આહિર, ભરવાડ, રબારી, કોળી વગેરે જ્ઞાતિમાંથી બહેનો કૂવા ઉપર પાણી ભરવા માટે જતી. બહેનોએ પોતાના પતિદેવોને વાત કરી કે અહીં આગળ અમે પાણી ભરવા જઈએ છીએ ત્યારે લોકો અમને હેરાન કરે છે.પાણી ભરવાની બાબતે ઝઘડો થતાં ત્યાં રહેવાની મુશ્કેલી થઈ. તે દરમ્યાન બહારથી સ્થળાંતર કરીને આવેલ ચાર-પાંચ કોમોમાંથી એક ઉંમરલાયક વ્યક્તિ માતાજીને સ્મરણ કરી ભક્તિ કરતી હતી. પાણીના બહાને ઝઘડાને કારણે આ આવેલી ચાર કોમો રાજાની હકુમતમાંથી રાત્રે કોઈને ખબર ન પડે તે રીતે ચાલી નીકળ્યા. રાજાને આ વાતની જાણ થતાં તેમના સૂબેદારોને તપાસ કરવા મોકલ્યા તો ત્યાં આગળ એક પણ માણસ જોવા મળતો નથી. રાજા વિચાર કરે છે કે આ લોકો જોડે રૂા. ૧ લાખનું લેણુ લેવાનું છે. આ લોકો જતા રહ્યા છે તો લેણુ કેવી રીતે વસુલ કરવું ? રાજાએ સુબેદારો તથા ત્યાંના દરબારોને હુકમ કર્યો કે આ લોકો જયાં હોય ત્યાંથી પકડી લાવો અને મારી સમક્ષ હાજર કરો. તેઓ આ કોમોની ભાળ લેવા નીકળી પડ્યા. ભાળ લેવા માટે મારતે ઘોડે જતા હતા ત્યાં ચાલતા ચાલતા આ (ચાર જ્ઞાતિના) લોકો થાકી જવાથી પડાવ નાખીને પડેલા એટલે કે આશરે ૭૦ થી ૮૦ કી.મી. દૂરથી મળી આવે છે. હવે આ પ્રજા લડાઈ વધશે. એમ વિચારી આ ચાર કોમોમાંથી બળવાન માણસોનું જૂથ તે જગા પર લડવા તૈયાર થાય છે. આ સમય દરમ્યાન જે માતાજીની ભક્તિ કરતો હતો તે વૃધ્ધ માણસની પીઠ થાબડીને માતાજી

રૂપસુંદરીનું રૂપ ધારણ કરીને સંકેત આપે છે કે ગભરાશો નહીં તમે તાકાત અને બળ રાખો. હું તમને બચાવી લઈશ. તેવી વાણી સંભળાવીને માતાજી અદૃશ્ય થઈ જાય છે. લડાઈમાં બંને કોમ આમને સામને છે. બેની વચ્ચે કૂદરતી પાણીનો ફુવારો પ્રગટ થાય છે, અને બંનેની વચ્ચે એટલુ પાણી જાય કે કોઈ પણ સામ-સામે આવી શકતુ નથી. આવો કૂદરતી ચમત્કાર બન્યો હતો.

સમયાંતરે ચારણ, આહીર, રબારી, ભરવાડ વગેરે ચાર કોમો પેલે પાર રહી જાય છે, અને આ પાર એટલે કે બીજા કિનારે દરબારો, સુબેદારો વગેરે રહી જાય છે. કોઈપણ રીતે આ લોકો ચાર કોમો પર આક્રમણ કરી શકે તેમ નથી. તેથી પાછા વળીને પોતાના રાજદરબારમાં રાજાને મળે છે અને બનેલ બધી જ હકીકત જણાવે છે. કોઈ કહે છે કે જામીનગીરી આપનાર બારોટને બોલાવો. ત્યારે કોઈના તરફથી ઉત્તર મળે છે કે માંગીને ખાનાર વળી આ એકલાખ રૂપિયાનું કરજ ક્યાંથી આપવાનો છે ! પરંતુ રાજાએ વિચાર કરીને બારોટને પોતાના દરબારમાં બોલાવે છે અને કરજની બધી વાત કરવામાં આવે છે. તેઓને બનેલી બધી હકીકત જાણીને જામીનગીરી કરનાર બારોટને હુકમ કરવામાં આવ્યો કે હવેથી તમારે સજારૂપે વણકર, ચમારભાઈઓના વહીવંચો રાખીને પોતાનું ગુજરાન ચલાવવું પડશે. આ તમને જામીનગીરીરૂપે એક લાખ રૂપિયાનું કરજ ન મળવા બદલ જીવનભર સજારૂપે કામગીરી નીચલા વર્ણના વર્ગમાં આપવામાં આવે છે.

**આર્થિક જીવન :**

'તૂરી-બારોટ' સમાજના લોકો વંશપરંપરાગત રીતે ગાવામાં, વાજિંત્રો વગાડવામાં, કવિત-છંદ ગાવામાં, તેમજ વખાણ કરવામાં પ્રવિણ છે. વર્ષ દરમિયાન આવતા દરેક પ્રસંગોએ યજમાનના ઘરે જાય છે અને તેઓને પોતાની આગવી કલાથી ખુશ કરી દે છે. યજમાન તેમની શક્તિ મુજબ તેમને અનાજ, કપડા કે રોકડ રકમ ભેટમાં આપે છે. વંશપરંપરાગત વ્યવસાયમાં યજમાનવૃત્તિ અને ભિક્ષાવૃત્તિ તેમજ વહીવંચા વાંચવા-લખવાનો છે.

તેઓમાંના મોટાભાગના લોકો પોતાના વંશપરંપરાગત વ્યવસાયને વળગી રહ્યા છે. આધુનિક જમાનામાં આ વ્યવસાયની સાથે આ સમાજની આર્થિક પરિસ્થિતિ સુધરે તે માટે નવા ધંધા રોજગાર અને ઉદ્યોગો વિકસાવે તે જરૂરી છે. આ સમાજમાં કેટલાક ખેતમજૂરી અને છૂટકમજૂરી પણ કરતા હતા.

**અભ્યાસનો સારાંશ અને સમસ્યાઓ અને ઉકેલ :**

(૧) આ અભ્યાસમાં કુલ બે જિલ્લાઓ રાજકોટ અને સુરેન્દ્રનગર લેવામાં આવ્યા હતા.જેમાં અનુક્રમે રાજકોટના ૭ અને સુરેન્દ્રનગરના ૯ તાલુકાઓના ગામો પસંદ કરવામાં આવ્યા હતા.

(૨) અભ્યાસમાં આવરેલ તાલુકા અને ગામોમાંથી સૌથી વધુ ઉત્તરદાતાની સંખ્યા રાજકોટ, વાંકાનેર, મોરબી (૧ અને ૨) અને ગોંડલમાં તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર, પાટડી અને વઢવાણમાં જોવા મળી હતી.

(૩) અભ્યાસમાં લીધેલ ઉત્તરદાતાની ઉંમરની ૨૯ ટકા ૩૧ થી ૪૦ની વયજૂથ ધરાવતી વ્યક્તિઓ હતી.

(૪) ઉત્તરદાતાના શિક્ષણમાં ૬૪ ટકા પ્રાથમિક શિક્ષણ ધરાવતા વધુ જોવા મળે છે.

(૫) ઉત્તરદાતાના વૈવાહિક દરજ્જાઓ સૌથી વધુ ૯૬ ટકા પરિણીતોની સંખ્યા જોવા મળી હતી.

(૬) ઉત્તરદાતાના હાલના વ્યવસાયમાં સૌથી વધુ ૪૯ ટકા કુટુંબો પોતાનો વંશપરંપરાગત ભિક્ષાવૃત્તિ અને ૨૦ ટકા યજમાનવૃત્તિનો વ્યવસાય કરતા હતા.

(૭) ઉત્તરદાતાના મકાનોમાં ૭૬ ટકા કુટુંબોના મકાનો મોટે ભાગે કાચા જોવા મળ્યા હતા.

(૮) ૬૦ ટકા કુટુંબોમાં બે ઓરડાની સંખ્યા ધરાવતા હતા.

(૯) ૯૩ ટકા કુટુંબોમાં પોતાની માલિકીના મકાનો ધરાવતા હતા. ભાડેથી રહેતા હતા તેઓ મકાનનું ભાડુ રૂા. ૧૦૦ થી નીચે ચુકવતા હતા.

(૧૦) જમીનની માલિકીમાં સૌથી વધુ ૫૬ ટકા ઉત્તરદાતાઓ પાસે જમીનની માલિકી ન હતી.

(૧૧) ૫૩ ટકા ખરાબાની જમીન ધરાવતા જોવા મળ્યા હતા.

(૧૨) ઉત્તરદાતાના કુટુંબોમાં ૮૨ ટકાના ઘરમાં અને ૮૫ ટકા કુટુંબોમાં ઘરના આંગણામાં વીજળીની વ્યવસ્થા હતી.

(૧૩) તેઓના ઘરથી સસ્તા અનાજની દુકાનનું અંતર ૯૮ ટકા ગામોમાં નજીક જોવા મળ્યુ હતું. જેમાં ૪૦ ટકા કુટુંબોમાં સૌથી વધુ નજીક (૧કિ.મી.ની અંદર) દુકાનનું અંતર હતું.

(૧૪) ૮૧ ટકા ઉત્તરદાતાઓ પાસે જીવન જરૂરી સાધનો હતા.

(૧૫) ઉત્તરદાતાના કુટુંબોમાં સૌથી વધુ ૫૯ ટકા કુટુંબોમાં સાયકલ જોવા મળી હતી.

(૧૬) કુટુંબના સભ્યોનું વયજૂથના વર્ગીકરણમાં ૧૩.૮૭ ટકા ૧૧ થી ૧૫ની વર્ષની વય ધરાવતા જોવા મળ્યા હતા.

(૧૭) કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો જોતા ૫૨ ટકા અપરિણીત હતા. જ્યારે ૪૫.૯૯ ટકા પરિણીત હતા.

(૧૮) કુટુંબના સભ્યોમાં જેનુ શિક્ષણ પુરું થયું છે તેનાં સ્તરમાં ૬૦.૬૭ ટકા પ્રાથમિક શિક્ષણ લીધેલા જોવા મળ્યા હતા.

(૧૯) કુટુંબના સભ્યોના વ્યવસાયમાં ૫૫.૪૭ ટકા ભિક્ષાવૃત્તિ કરનાર અને ૧૩ ટકા યજમાનવૃત્તિ કરતા હતા.

(૨૦) અભ્યાસમાં લીધેલા કુટુંબના સભ્યોના ગૌણ વ્યવસાયમાં ૪૨.૬૦ ટકા છૂટક મજૂરી કરતા હતા.

(૨૧) કુટુંબના સભ્યોની માસિક આવકમાં સૌથી વધુ ૩૫.૬૦ ટકા , રૂા. ૧,૦૦૧ થી ૧,૫૦૦ની આવક ધરાવતા હતા.

(૨૨) વાર્ષિક આવક રૂા.૨,૦૦૧ થી ૩,૦૦૦ સુધીની આવક ધરાવતા ૩૦ ટકા કુટુંબો જોવા મળ્યા હતા.

(૨૩) કુટુંબોના વાર્ષિક ખર્ચમાં ખાધા-ખોરાકી પાછળ સૌથી વધુ ખર્ચ કરનારા ૩૫ કુટુંબો જોવા મળ્યા હતા.

(૨૪) કુટુંબની કુલ આવકમાંથી બચત નહીં કરનારા સૌથી વધુ ૯૩ ટકા કુટુંબો જોવા મળ્યા હતા.

(૨૫) દેવું ધરાવતા ૭૦ ટકા કુટુંબો હતા. તેમાં સૌથી વધુ ૬૪.૨૯ ટકા કુટુંબોને સગા-સંબંધીનું દેવું હતું.

(૨૬) દેવું કરનારામાંથી ૨૬ ટકા કુટુંબોએ સામાજિક પ્રસંગે દેવુ કર્યું હતું. ૨૦ ટકા કુટુંબોએ મકાન બાંધકામ માટે દેવું કર્યું હતું.

(૨૭) ૪૮.૫૦ ટકા કુટુંબો ૫,૦૦૦થી ઉપરનું દેવુ ધરાવતા હતા જેમાં ૩૪.૮૦ ટકા ૨ થી ૩ ટકા વ્યાજ ભરતા હતા.

(૨૮) ૬ થી ૧૪ વર્ષની વયના ધરાવતા ૬૭ ટકા બાળકો શાળાએ જતા ન હતા.

(૨૯) શાળાએ ન જવા પાછળ ૩૩ ટકા કુટુંબોની આર્થિક પરિસ્થિતિ નબળી હતી.

(૩૦) ૯૭ કુટુંબો રોજગારી મેળે તે માટે શિક્ષણ જરૂરી હોવાનું જણાવતા હતા.

(૩૧) 'તૂરી-બારોટ' સમાજમાં પરંપરાગત વાજીંત્રો વગાડવાની પ્રવિણતામાં ૭૦ ટકા ઢોલ અને ૪૩ ટકા વાજાપેટી વગાડતા હતા.

(૩૨) ૩૭.૨૦ ટકા ૧ માસથી નીચેના દિવસોમાં ભૂખ્યા રહેવું પડતુ હતું.

(૩૩) ૮૩ ટકા કપડાં સિવડાવતા ન હતા. ૪૩.૩૭ ટકા માંગણીએ જાય ત્યાંથી જુના પહેરેલા કપડા મળતા હતા. ૪૬.૯૯ ટકા તૈયાર કપડા, (જુનામાંથી) ૯.૬૪ ટકા ગુજરીમાંથી લાવતા હતા.

(૩૪) ઉત્તરદાતાના કુટુંબનાં સભ્યોમાં ૬૪.૦૦ ટકા વ્યસન ધરાવતા હતા.

(૩૫) ૯૫ ટકા ભૂત-પ્રેત અને મંત્ર-તંત્રમાં શ્રધ્ધા ધરાવતા હતા.

(૩૬) ૮૭ ટકા ઉત્તરદાતાઓએ 'તૂરી-બારોટ' સમાજને અતિપછાત તરીકે ગણવાની માંગણી કરી હતી.

**'તૂરી-બારોટ' સમાજની સમસ્યાઓ અને ઉકેલ :**

**આર્થિક સમસ્યા :**

(૧) આ સમાજ વંશપરંપરાગત રીતે ગાવામાં, વાજિંત્રો વગાડવામાં, કવિતા-છંદ ગાવામાં, તેમજ પ્રસંગોપાત યજમાનના ઘેર જઈ તેમના વખાણ કરી પોતાની આગવી કલાથી ખુશ કરે છે. યજમાન તેમની શક્તિ મુજબ તેમને અનાજ, કપડા કે રોકડ રકમ ભેટમાં આપે છે.આ વંશપરંપરાગત વ્યવસાયથી તેઓ આર્થિક પગભર રહી શકતા નથી.

(૨) અગાઉ જણાવ્યા મુજબ વંશપરંપરાગત વ્યવસાયના કારણે આધુનિક જમાનામાં તેમની આર્થિક પરિસ્થિતિ વધુ નબળી બને છે તેથી તેઓ આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા નવા ધંધારોજગાર તેમજ નવો ઉદ્યોગો અપનાવે તેમજ તે માટે ખાસ કરીને યુવાનો તૈયાર થાય તેવી તાલીમ મળી રહે તેવા વર્ગો યોજવા જોઈએ.

(૩) તેમના સમાજમાં ઘણા ભણેલા યુવાનોને નોકરી નહી મળવાથી બેકાર છે. શિક્ષિત વર્ગને પૂરતી રોજગારી મળે અથવા નોકરીમાં પ્રાધાન્ય અપાય તેવા પ્રયાસો કરવા જોઈએ.

(૪) તપાસમાં લીધેલા કેટલાક કુટુંબોમાંથી ઘણા ખરા ખેતમજૂરી અને છુટકમજૂરી કરતા હતા. તેઓને મજૂરીનું યોગ્ય વળતર મળી રહેવું જોઈએ.

(૫) જમીન વિહોણા લોકોને જમીન તેમજ નવા વ્યવસાય માટે જરૂરી સાધનો પણ રાહતદરે પૂરા પાડવા જોઈએ.

(૬) વિધવા અને વૃદ્ધો માટે સરકારી યોજનાનો લાભ મળે અને આજીવિકાનું સાધન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**સામાજિક :**

(૭) 'તૂરી-બારોટ' સમાજનું સામાજિક સ્તર ઊંચુ આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ સમાજમાં પ્રવર્તમાન લોકોના વ્યસનો દૂર કરવા જોઈએ, તેમના સમાજમાં લગ્ન અને મામેરા અંગે

થતા ખર્ચાઓ ઘટાડવા માટે તેઓને સમજાવવા. સામાજિક સંસ્થાઓ અને સરકાર સ્તરે શિબિરો વગેરે યોજી તેમનો સામાજીક વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૮) વર્ષો જૂના જ્ઞાતિપંચના બંધારણમાં સમય પ્રમાણે ફેરફાર કરવા જોઈએ વધતી જતી મોંઘવારી ધ્યાનમાં રાખી તેમના રીતરિવાજોને બદલવા જોઈએ.

**જીવન જરૂરિયાતો :**

(૯) જીવન જરૂરી વસ્તુઓ પૂરતા પ્રમાણમાં અને મુશ્કેલી વગર મળી રહે તે માટેની સુવિધા કરવી જોઈએ. રાહતદરના રેશનકાર્ડ મળી રહે તેવી ગોઠવણ કરી જરૂરત મંદોને વસ્તુઓ મળે છે કે નહીં તેની યોગ્ય તપાસ કરવી જોઈએ.

**કળાકારીગરી :**

(૧૦) આ સમાજના મોટાભાગના લોકોને વંશપરંપરાગત રીતે ગાવા, વગાડવાનું આવડતુ હોય છે. આ કલાકારોને જરૂરી તાલીમ આપીને ટી.વી. જેવા માધ્યમોમાં અગ્રિમતા આપવી જોઈએ. સંગીતના અવનવા વાદ્યો વસાવવા માટે સહાય આપવી જોઈએ.

**શૈક્ષણિક :**

(૧) 'તૂરી-બારોટ' સમાજના કુટુંબોની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે બાળકો શાળાએ ભણવા જવાનુ છોડી દીધુ હતું.

(૨) કુટુંબોમાં પરંપરાગત વ્યવસાયમાં મદદરૂપ થવા માટે તેઓના બાળકોએ શાળાએ જવાનું છોડી દીધુ હતું.

(૩) આ સમાજમાં બાળકોના માતા-પિતા અભણ હોવાને કારણે તેમના બાળકો શિક્ષણથી વંચિત રહી જતા હોય છે. તો તે માટે પ્રૌઢશિક્ષણના વર્ગો ખોલી તેઓની શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. તેઓ શિક્ષણાભિમુખ થાય તેવા પ્રયાસો અને કાર્યક્રમો મૂકવા જોઈએ.

(૪) આ સમાજમાં મોટાભાગના કુટુંબો કલા તેમજ ગાવા વાજિંત્રો વગાડવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોય તેમની કલાનો વિકાસ થાય તેમજ તેમનું શિક્ષણ સ્તર સુધરે તેવા પ્રયાસ કરવા જોઈએ.

**'તૂરી-બારોટ' સમાજના સૂચનો :**

(૧) સરકારે સ્વરોજગારી માટે લોન અને અન્ય સહાય કરી આર્થિક સમસ્યા હલ કરવી જોઈએ.

(૨) ધંધા-રોજગાર માટે તાલીમ કેન્દ્રો ખોલવા જોઈએ તેમજ સાધનોની સગવડ ઊભી કરવી જોઈએ.

(૩) મકાન સહાય યોજનાનો લાભ આપવો જોઈએ.

(૪) તેઓના રહેઠાણ સ્થળોએ પાયાની સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.

(૫) સામાજિક કુરિવાજો અને અંધશ્રધ્ધા દૂર કરી તેમનો સામાજિક વિકાસ થાય તે માટે જાગૃતિ શિબિર યોજવી જોઈએ.

(૬) શિક્ષિત બેરોજગારોને રોજગારીની તક આપવી જોઈએ.

(૭) તેઓની કલા-કારીગરીનો વિકાસ થાય અને તે માટેની સુવિધા તથા આયોજન કરવા જોઈએ.

(૮) અતિ પછાત જાતિઓમાં તેમનો સામાવેશ કરી તેઓના સર્વાંગી વિકાસ માટે અલગ બોર્ડની રચના કરવી જોઈએ.